વાર્ષિક લવાજમ રૂા. ૧૫૦/-

વર્ષ : ૪૯મું
સપ્ટેમ્બર : ૨૦૨૪
અંક : ૫૫૬

મંગલ મંદિર ● સપ્ટેમ્બર-૨૦૨૪ ● ૧
(કુલ પાના : ૬૪)

# મંગલ મંદિર

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું માસિક મુખપત્ર




: મુખ્ય કાર્યાલય :

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

માતુશ્રી સાકરબહેન રવજી મોરારજી લાલન (કોડાય-સુપ્રીમવાલા)

શ્રી કચ્છી જૈન ભવન

૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, એલિસબ્રીજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬

ફોન : (079) 4890 6002, 4890 6003, 4890 6004, 4890 6005

Email : kjssmangalmandir@gmail.com • website : www.kjss.org

# વિશ્વસનીયતા અનુભવો




વી–ટ્રાન્સ (ઈન્ડિયા) લિ. સાથે સંચાલનની મજબૂત પ્રક્રિયાઓ, મજબૂત ઈન્ફ્રાસ્ટ્રક્ચર આધાર, વૈજ્ઞાનિક પદ્ધતિ, અત્યાધુનિક નિયોજન સાધનો અને તાલીમબદ્ધ તથા કટિબદ્ધ વ્યાવસાયિકો સાથે અખંડ લોજિસ્ટિક્સ સેવાઓ અનુભવો.

- **વી– ટ્રાન્સ– ભારતભરમાં સરફેસ ટ્રાન્સપોર્ટ– પીટીએલ, એફટીએલ, ઓડીસી.**
- **વી– એક્સપ્રેસ– મલ્ટીમોડલ અને ઈ–કોમ એક્સપ્રેસ લોજિસ્ટિક્સ, જે 1 લાખથી વધુ સ્થળે સેવા આપે છે.**
- **વી– લોજિસ– સમર્પિત અને શેર્ડ ફેસિલિટીઝ સાથે પરિપૂર્ણ વેરહાઉસ સમાધાન.**

**મુખ્ય વાસ્તવિકતાઓ**

- **1,00,000** સંતુષ્ટ ગ્રાહકો
- **850 +** શાખા
- વિવિધ ઉદ્યોગમાં **2.4** મિલિયન ટન
- **1.2** મિલિયન ચો.ફૂટ વેર–હાઉસિંગ જગ્યા
- **1500 +** જીપીએસ અભિમુખ ફ્લીટ
- ISO **9001 : 2015** એક્રેડિટેશન
- **3300 +** જોશીલા વ્યાવસાયિકો

વી–ટ્રાન્સ (ઈન્ડિયા) લિમિટેડ,
06, કોર્પોરેટ પાર્ક, વી એન પુરવ માર્ગ, ચેમ્બુર, મુંબઈ– 400 071.

9892644665 marketing@vtransgroup.com www.vtransgroup.com

V-TRANS® Driving Excellence

Other Divisions: V-Xpress V-Logis

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## વાર્ષિક સ્નેહ મિલન, ક્ષમાપના, સ્વામિવાત્સલ્ય અને સાંસ્કૃતિક કાર્યક્રમ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો ૬૦ (સાંઈઠ)મો વાર્ષિક સ્નેહ મિલન તથા ક્ષમાપના સમારંભ **રવિવાર, તા. ૧૫-૦૯-૨૦૨૪**ના રોજ સવારે ૯.૩૦ કલાકે **ટાગોર હોલ - પાલડી** ખાતે યોજવામાં આવનાર છે. અમદાવાદ - ગાંધીનગર સ્થિત સર્વે કચ્છી જૈન પરિવારોને તેમજ સમાજની નિયાણી બહેનોને પણ તેમના પતિ તથા બાળકો સહિત પધારવાનું ભાવભર્યું નિમંત્રણ છે.

આ પ્રસંગે સ્વામિવાત્સલ્ય **માતુશ્રી પાનબાઈ ધારશી કુરિયા (મેરાઉ), માતુશ્રી વાલબાઈ વાલજી નાગડા (ચાંગડાઈ - અમદાવાદ), શ્રીમતી લક્ષ્મીબેન માવજી ધારશી કુરિયા (મેરાઉ)** તથા **શ્રીમતી સુશીલાબેન બાબુભાઈ નાગડા (ચાંગડાઈ - મુંબઈ)**ના પરિવારોના સંયુક્ત સૌજન્યથી રાખવામાં આવેલ છે. પધારેલા સર્વે સભ્યોએ સ્વામિવાત્સલ્યનો લાભ આપવા વિનંતી.

*કાર્યક્રમની રૂપરેખા નીચે મુજબ છે.*

*સવારના ૯.૩૦ થી ૧૫.૩૦ :*
- ★ *પ્રાર્થના, ગીત સંગીતનો પ્રોગ્રામ*
- ★ *આવકાર પ્રવચન અને સંસ્થાનો વાર્ષિક અહેવાલ – પ્રમુખશ્રી*
- ★ *સામૂહિક ક્ષમાપના – સાંસ્કૃતિક કાર્યક્રમ*
- ★ *સરસ્વતી સન્માન (પુરસ્કાર) વિતરણ*
- ★ *સાંસ્કૃતિક કાર્યક્રમ*

*સવારના ૧૧.૦૦ થી ૨.૦૦ :*
- ★ *સ્વામિવાત્સલ્ય*

*કાર્યક્રમમાં સમયસર પધારવા ખાસ આગ્રહભરી વિનંતી છે.*

**રજનીકાંત પારેખ**
**માનદ્ મંત્રી**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

**પ્રતાપ નારાણજી દંડ**
**મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

***ખાસ નોંધ*** :

★ સ્વામિવાત્સલ્ય જમણવાર સવારે ૧૧ થી ૨ વાગ્યા સુધી ટાગોર હોલ - પાલડી ખાતે રાખવામાં આવેલ છે. જમણવારની વ્યવસ્થા સારી રીતે જળવાઈ રહે તે માટે જુદા જુદા સમયના પાસ રાખવામાં આવેલ છે. સભ્યોએ તા. ૨૮-૦૮-૨૦૨૪થી તા. ૧૦-૦૯-૨૦૨૪ સુધી નીચે મુજબના સ્થળોએથી પાસ મેળવી લેવા વિનંતી.

૧. શ્રી કચ્છી જૈન ભવન – પાલડી
૨. શ્રી કચ્છી વિશ્રામ ગૃહ – શાહીબાગ
૩. શ્રી કચ્છી જૈન સેવા ભવન – ગીતા મંદિર
૪. શ્રી નવનીત મેડિકલ સેન્ટર – બોપલ
૫. શ્રી નવનીત મેડિકલ સેન્ટર – જશોદાનગર

★ સાંસ્કૃતિક કાર્યક્રમની સમાપ્તિ બાદ હાઈ-ટી ની વ્યવસ્થા કરવામાં આવેલ છે.

★ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના વિદ્યાર્થીઓના ઈનામ વિતરણનો કાર્યક્રમ ટાગોર હોલ ખાતે યોજવામાં આવેલ છે.

# નવનીત મેડિકલ સેન્ટર – જશોદાનગરનું ઉદ્‌ઘાટન
## શ્રી કચ્છી જૈન સેવા સમાજ (ટ્રસ્ટ)નું અમદાવાદમાં ચોથું મેડિકલ સેન્ટર

શ્રી કચ્છી જૈન સેવા સમાજ (ટ્રસ્ટ) દ્વારા સંચાલિત નવનીત ફાઉન્ડેશનની સંપૂર્ણ આર્થિક સહાયથી જશોદાનગરમાં રાહત દરે મેડિકલ સેન્ટર શરૂ કરવામાં આવ્યું છે.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા ચાલી રહેલા પાલડી, બોપલ અને ચાંગોદર ખાતેના મેડિકલ સેન્ટર બાદ આ ચોથું મેડિકલ સેન્ટર છે.

જશોદાનગર ચાર રસ્તા, પૂર્વ મણિનગર વિસ્તારમાં એક જ છત્ર નીચે તમામ મેડિકલ સુવિધાઓ કિફાયતી દરે મળી રહે તેવા "નવનીત મેડિકલ સેન્ટર"નું વિધિવત્ ઉદ્‌ઘાટન તા. ૭-૮-૨૦૨૪ને બુધવારના રોજ થયું. મેડિકલ સેન્ટરની શુભ શરૂઆત નિમિત્તે તેના દાતાશ્રી નવનીત પરિવારના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. જેમાં નવનીત ફાઉન્ડેશનના મેનેજિંગ ટ્રસ્ટી શ્રી રાજુભાઈ ગાલા, શ્રી સંદીપભાઈ ગાલા તથા શ્રી કલ્પેશભાઈ ગાલા સહ પરિવાર ઉપસ્થિત રહ્યા હતા. શ્રી કચ્છી જૈન સેવા સમાજના મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ શ્રી પ્રતાપભાઈ દંડ, ઉપપ્રમુખ શ્રી શાંતિભાઈ સાવલા તથા શ્રી હિરેન શાહ, ટ્રસ્ટી શ્રી હસમુખભાઈ ગઢેચા, સમાજના ભૂતપૂર્વ પ્રમુખ શ્રી અશોકભાઈ મહેતા, સમાજના હોદ્દેદારો, ટ્રસ્ટીઓ, કારોબારી સભ્યો વગેરે બહોળી સંખ્યામાં હાજર રહ્યા હતા.

શ્રી રાજુભાઈ ગાલાએ આ પ્રસંગે જણાવ્યું કે આ મેડિકલ સેન્ટર ઔપચારીક રીતે ૭મી જુલાઈ, ૨૦૨૪થી અજમાયશી ધોરણે કાર્યરત થયું અને અત્યાર સુધીમાં ૧૩૦૦ જેટલા દર્દીઓએ આ સેવાનો લાભ લીધો છે. શ્રી સંદીપભાઈ ગાલાએ જણાવ્યું હતું કે નવનીત ફાઉન્ડેશન એ મુખ્યત્વે મેડિકલ અને એજ્યુકેશન ક્ષેત્રમાં અવિરત કાર્ય કરતું રહ્યું છે અને જ્યાં જ્યાં શ્રી કચ્છી જૈન સેવા સમાજ કાર્ય કરી રહ્યું છે અને જ્યારે તેને આર્થિક સહયોગની જરૂર પડી છે ત્યારે નવનીત ફાઉન્ડેશન તેની સાથે ઊભું રહ્યું છે. શ્રી કચ્છી જૈન સેવા સમાજના ટ્રસ્ટી શ્રી હસમુખભાઈ ગઢેચાએ જણાવ્યું હતું કે નવનીત મેડિકલ સેન્ટર, એ મહાજન અને શ્રેષ્ઠિવર્યનો સમન્વય છે. જ્યારે અમદાવાદના પૂર્વમાં મેડિકલ સેન્ટર શરૂ કરવાનો પ્રસ્તાવ આવ્યો ત્યારે શ્રી કચ્છી જૈન સેવા સમાજ સામે આર્થિક રીતે મોટો પડકાર હતો. પરંતુ ગાલા પરિવારના નવનીત ફાઉન્ડેશનની સહાયથી આ નવનીત મેડિકલ સેન્ટર શરૂ થયું. ભારતની સૌથી વિશાળ એવી એપોલો હોસ્પિટલના મોડેલને અનુરૂપ આ મેડિકલ સેન્ટર બનાવવામાં આવ્યું છે.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ ટ્રસ્ટ નોન પ્રોફિટ ઓર્ગેનાઈઝેશન છે. તેના દ્વારા નાતજાતના ભેદભાવ વિના સમગ્ર સમાજની સેવાના હેતુથી તબીબી ક્ષેત્રે ૧૯૯૭થી નોંધપાત્ર કામગીરી થઈ રહી છે. ચાર મેડિકલ સેન્ટર ઉપરાંત ત્રણ ડાયાલિસિસ સેન્ટર તેમજ બે સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર પણ શરૂ કરેલ છે. જેનો લાભ મોટી સંખ્યામાં લોકો લઈ રહ્યા છે.

શ્રી કચ્છી જૈન સેવા સમાજના દરેક મેડિકલ સેન્ટરમાં ફિઝીશિયન / મેડિસીન વિભાગ ઉપરાંત આંખ, ચામડી, જનરલ સર્જન, કાન-નાક-ગળાનો વિભાગ, ઑર્થોપેડિક, પીડિયાટ્રીશિયન, સ્ત્રી રોગ તથા સુપર સ્પેશિયાલિટી વિભાગની સુવિધાઓ રાહત દરે મળશે. તદુપરાંત લેબોરેટરીની સેવા, ડેન્ટલ અને ફિઝીયોથેરાપી, ડિજિટલ એક્સ-રે, કલર ડોપ્લર, સોનોગ્રાફી, ટી.એમ.ટી., માઈનોર ઑપરેશન તથા મોતિયાના ઑપરેશન પણ કન્સેશનલ દરે કરવામાં આવશે તેમજ બોડી ચેક-અપના વિવિધ પેકેજની સેવાઓ પણ ઉપલબ્ધ રહેશે.

***નવનીત મેડિકલ સેન્ટર - જશોદાનગરનું સરનામું :***

૨૦૯-૨૧૯, બીજો માળ, સેફ્રોન બિઝનેસ પાર્ક, ફાયર સ્ટેશનની બાજુમાં, જશોદાનગર ચોકડી,
નારોલ - નરોડા રોડ, અમદાવાદ-૩૮૨ ૪૪૫.

***મેડિકલ સેન્ટરનો સંપર્ક નંબર :*** ૯૯૦૪૪ ૧૮૧૮૬ તથા ૯૯૦૪૪ ૧૮૧૮૭ છે.

***મેડિકલ સેન્ટર અંગે વધુ વિગતો મેળવવા માટે વેબ-સાઈટ www.kjss.orgની મુલાકાત પણ લઈ શકો છો.***

કાર્યક્રમની તસવીરી ઝલક માટે જુઓ : પાના નંબર – ૩૨/૩૩

**વિશાલ શાહ**

**સહમંત્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

છેલ્લા ૪૮ વર્ષથી દર મહિનાની ૫ તારીખે નિયમિતપણે પોસ્ટ કરવામાં આવતું "શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"નું

મુખપત્ર : **"મંગલ મંદિર"**

**મુખ્ય કાર્યાલય**

**શ્રી કચ્છી જૈન ભવન,**

૪૩-૪૪, શ્રી બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
પાલડી, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૪૮૯૦ ૬૦૦૨ થી ૬૦૦૫
ઈ-મેઈલ : kjssmangalmandir@gmail.com
વેબ-સાઈટ : www.kjss.org

**તંત્રી મંડળ**

■ **અશોક મહેતા – મુખ્ય તંત્રી**
**મો. ૯૮૭૯૦ ૬૩૧૦૦**
■ **ફાલ્ગુની હિરેન – સભ્ય**
**મો. ૯૮૨૫૦ ૧૬૬૭૭**
■ **ચૌલા કુરૂવા – સભ્ય**
**મો. ૯૩૨૭૦ ૭૫૪૮૮**
■ **રસિક ખીમજી મહેતા – સભ્ય**
**મો. ૯૩૨૮૨ ૪૯૦૬૯**

**કવર પેઇજ ડિઝાઈન**

**પ્રદીપ મહેતા : મો. ૯૮૨૫૦ ૬૧૧૬૦**

*અંકમાં પ્રસિધ્ધ થયેલ લેખો તથા અન્ય વિભાગની માહિતીઓ સાથે તંત્રીમંડળ સહમત છે તેમ માની લેવું જરૂરી નથી. રજૂ થયેલ વિચારો જે તે વ્યક્તિના હોય છે, જેની નોંધ લેવા વિનંતી.*

## લેખકોને નમ્ર વિનંતી

*'મંગલ મંદિર'માં પ્રગટ કરવા માટે વિપુલ પ્રમાણમાં લેખ સામગ્રી અમને મળતી રહે છે અને એટલે સ્વીકૃત કૃતિઓને પ્રગટ કરવાનું પણ સ્વાભાવિક રીતે વિલંબાય. મંગલ મંદિરના ધોરણને ધ્યાનમાં લઈ, પોતાની રચના મોકલતી વખતે લેખક સ્વવિવેક દાખવે તેવી વિનંતી છે.*

*એક સાથે એકથી વધુ કૃતિઓ ન મોકલવા વિનંતી.*

*ભાષાદોષ અને લાંબા લેખો અસ્વીકાર્ય બનશે તેની નોંધ લેવા વિનંતી. લેખમાં એકની એક વાતનું પુનરાવર્તન (રિપિટેશન) ટાળવું જરૂરી છે. કૃતિની હસ્તપ્રત સ્વચ્છ અને સુવાચ્ય હોવી જોઈએ. આશા છે કે, આ બાબતમાં લેખક મિત્રોનો સહકાર અમને મળી રહેશે.*

**– મુખ્યતંત્રી**

# અનુક્રમણિકા

● શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ
વાર્ષિક સ્નેહ મિલન, ક્ષમાપના, સ્વામિવાત્સલ્ય અને સાંસ્કૃતિક કાર્યક્રમ ........ ૩
● નવનીત મેડિકલ સેન્ટર – જશોદાનગરનું ઉદ્‌ઘાટન
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું ચોથું મેડિકલ સેન્ટર ........ ૪

**તંત્રી લેખ :**

● સંસ્થાની વિકાસકૂચ ........ **અશોક મહેતા** ....... ૭
● શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના બેંક ખાતામાં રકમ જમા કરાવવા અંગે ........ ૯

**પ્રેરણાત્મક પ્રસંગો**

● મણકો-૧૫ : નિખાલસ કબૂલાત ........ **સંકલન : ડૉ. આશિષ ચોકસી** ..... ૧૦

**સ્વાતંત્ર્ય સંગ્રામના ૭૫ શૂરવીરો**

● મણકો-૯ : ક્રાંતિવીર વિનાયક સાવરકર ...... **રાજ ભાસ્કર / અનંત શુક્લ / મધુકાંત પ્રજાપતિ** ..... ૧૧

**એરિસ્ટોક્રેટ્સ**

● પ્રકરણ-૬ : અંબાલાલ સારાભાઈ – ૬ ........ **દેવેન્દ્ર પટેલ** ..... ૧૨

**પર્યુષણ**

● પર્યુષણ છે અનન્ય પર્વાધિરાજ ........ **ડૉ. કુમારપાળ દેસાઈ** ..... ૧૪

**ઇતિહાસના અજ્ઞાત પાત્રો**

● ભારતીય જૈન સાહિત્યના કચ્છી સંવર્ધક :
ભીમશી માણેક શાહ ........ **નરેશ અંતાણી** ..... ૧૫

**ટર્નિંગ પોઇન્ટ**

● ઉકેલ શોધનાર બનો ........ **સંકલન : રીતેશ અરવિંદ પોલડિયા** ..... ૧૭

**વિવિધતા**

● જીવન વૈભવ સમજાવતા પ્રશ્નો : લેખાંક-૬ ........ **દષ્ટિ મહેતા / યેશા મહેતા** ..... ૧૮

**તંદુરસ્તી**

● વૈશ્વિક જાગતિક 'ડાબોડી' દિવસ : ૧૩ ઓગસ્ટ ........ **ડૉ. મણિલાલ ગડા, સિનિયર મનોચિકિત્સક** ..... ૨૦
**ડૉ. દિપ્તી શાહ (ગડા), મનોચિકિત્સક તથા બાળ મનોચિકિત્સક**
● Fissure એટલે કે વાઢિયા અથવા ચીરા... શું છે? શું ધ્યાન રાખશો? ........ **ડૉ. તપન શાહ** ..... ૨૧
● શું તમે વિચારવાયુના શિકાર છો? ........ **ડૉ. હર્ષિલ શાહ** ..... ૨૨
● JAUNDICE – કમળો ........ **ડૉ. કમલેશ એન. શાહ** ..... ૨૩
● પહેલું સુખ તે જાતે નર્યા ........ **ચૌલા કુરૂવા** ..... ૨૪

**તીર્થ દર્શન**

● દર્શન-૬૦ : શ્રી દિયાણા તીર્થ (શ્રી મહાવીર ભગવાન)
● દર્શન-૬૧ : શ્રી લોટાણા તીર્થ (શ્રી આદિશ્વર ભગવાન) ........ **પ્રેષક : કે.ડી. શાહ** ..... ૨૫

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના
**"પદાધિકારીશ્રીઓ"**

**મેનેજિંગ ટ્રસ્ટી**
શ્રી પ્રતાપ નારાણજી દંડ
મો. ૯૪૨૬૭ ૨૫૬૧૯

**ઉપપ્રમુખ-૧**
શ્રી શાંતિલાલ મુળજી સાવલા
મો. ૯૮૨૫૦ ૪૮૬૪૫

**ઉપપ્રમુખ-૨**
શ્રી હિરેન કુંવરજી શાહ
મો. ૯૮૨૫૦ ૧૩૭૧૫

**માનદ્ મંત્રી**
શ્રી રજનીકાંત ધરમશી પારેખ
મો. ૯૮૯૮૦ ૫૩૫૨૧

**સહમંત્રી**
શ્રી વિશાલ મહેન્દ્ર શાહ
મો. ૯૪૨૮૩ ૫૦૦૩૮

**ખજાનચી**
શ્રી વિમેશ ગુલાબચંદ શાહ
મો. ૯૮૭૯૧ ૧૦૪૬૭

**સહ ખજાનચી**
શ્રી નરેન્દ્ર જયંતીલાલ કોઠારી
મો. ૯૯૨૪૬ ૩૩૯૪૫

**શ્રી કચ્છી વિશ્રામ ગૃહનું સરનામું :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
શ્રી કચ્છી વિશ્રામ ગૃહ
અરિહંતનગર દેરાસરની સામે,
ગાંધી વિદ્યાલયની ગલીમાં, રચના સ્કૂલની પાછળ,
રાજસ્થાન હોસ્પિટલ પાસે, શાહીબાગ,
અમદાવાદ-૩૮૦ ૦૦૪.
ફોન : ૦૭૯-૨૨૮૬૪૫૪૭

**સેવા ભવનનું સરનામુ :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, એસ. ટી સ્ટેન્ડ પાસે,
સત્કાર ગેસ્ટ હાઉસની સામે, રૂગનાથપુરા,
અમદાવાદ-૩૮૦ ૦૨૨.
ફોન : ૦૭૯-૨૫૪૬૧૨૭૦

**'મંગલ મંદિર'ના અંકો સમાજની વેબસાઈટ**
**www.kjss.org**
**ઉપર... *ઉપરાંત*....**
**www.hellokutchis.com**
**ઉપર વાંચી શકાય છે.**

## અન્ય સંસ્થાઓના સમાચાર


- અન્ય સંસ્થાઓના સમાચાર .......... ૨૬


## નિયમિત વિભાગો


- સવાલ અમારો... જવાબ તમારો.. : મણકો-૧૭ .......... **સંયોજક : પ્રભુલાલ કે. સંઘવી** ..... ૨૭
- ઉડતી નજરે .......... **સંકલન : રજનીકાંત પારેખ** ..... ૨૯
- *Nano Nine* શબ્દ રમત-૨૧૦ .......... **સંકલન : રજનીકાંત પારેખ** ..... ૩૫
- પ્રતિભાવ .......... ૩૬
- *Nano Nine Sudoku* (ક્રમાંક-૧૧૬૮) .......... **સંકલન : રજનીકાંત પારેખ** ..... ૩૭
- આપણા ડૉક્ટર્સને પહેચાનો : મણકો-૧૪ : ડૉ. આશિષ પરીખ .......... **અશોક મહેતા** ..... ૩૯
- દેશ - વિદેશ .......... **ચૈલા કુરૂવા** ..... ૪૦
- જ્ઞાન વિજ્ઞાન / વૈજ્ઞાનિક માહિતી .......... **સંકલન : રસીક ખીમજી મહેતા** ..... ૪૧


## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : સંસ્થા સમાચાર


- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : ૩૭મી વાર્ષિક સામાન્ય સભાનો અહેવાલ .......... ૪૩
- વર્ષ ૨૦૨૪-૨૫ની ટ્રસ્ટ મંડળની પ્રથમ મીટિંગનો અહેવાલ .......... ૪૫
- વર્ષ ૨૦૨૪-૨૫ની કારોબારી સમિતિની પ્રથમ મીટિંગનો અહેવાલ .......... ૪૬
- અગત્યની જાહેરાત .......... ૪૬
- ૭૮મા સ્વાતંત્ર્ય દિનની ઉજવણી .......... ૪૭
- સાંસ્કૃતિક સમિતિ ● અમદાવાદ પધારતા અતિથિઓની સગવડતા વધારાઈ .......... ૪૭
- ભાનુશાળી પરિવારનું ડોનેશન .......... ૪૮
- 'મંગલ મંદિર'નું લવાજમ ભરનારાઓના નામની યાદી .......... ૪૮
- સ્વ. શ્રી અનંતભાઈ તથા સ્વ. હંસાબેનને ખૂબ ખૂબ ધન્યવાદ – રૂા. ૧૦ લાખનું ડોનેશન આપવા બદલ .......... ૪૯
- સરનામા ફેરફાર ● સાભાર સ્વીકાર .......... ૪૯
- જૈન સમાજ જોગ : મુંબઈમાં જૈનો માટે રાત્રિ રોકાણ ક્યાં કરવું? .......... ૫૦
- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : દૈનિક ડાયરી .......... ૫૧
- અતીતના ઓવારેથી : મણકો-૧૩ .......... ૫૪
- આથી જરૂરી દેહદાન .......... **કમલેશભાઈ શાહ** ..... ૬૦
- દેહદાન કરવા માટેનું ફોર્મ .......... ૬૧


## આ અંકમાં સમાવિષ્ટ કરેલ કાવ્યો


- રફુ .......... **નેહા શાહ 'નેહ'** ..... ૧૬
- ક્યાં સહેલું છે? .......... **રણજિતસિંહ રાણા** ..... ૩૦
- ગઝલ : મન બારીએથી... .......... **મનીષા અજય વીરા 'મન'** ..... ૩૦
- નવાઈ ન!... .......... **કેતના છેડા 'કેતુ'** ..... ૩૯
- સુખ દુઃખ .......... **અરવિંદ સોમૈયા** ..... ૪૫


Printed & Published by : **Mr. Pratap Dand,** For **Shri Kutchhi Jain Seva Samaj - Ahmedabad**.
Printed at : **Gajanand Offset,** Amraiwadi, Ahmedabad.
Published at : **Shri Kutchhi Jain Seva Samaj – Ahmedabad,** 43/44, Brahman Mitra Mandal Soc., Opp. Navchetan High School, Paldi, Ellisbridge, Ahmedabad-380 006. ● **Editor : Mr. Pratap Dand** ● **Yearly Subscription : Rs.150/-**

# સંસ્થાની વિકાસકૂચ

અશોક મહેતા

*આપણે જ્ઞાતિગત સંસ્થાઓ કે સમાજોની વાત કરીએ તો "શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"નો ઈતિહાસ કદાચ ભારતભરમાં અનેરો સાબિત થઈ શકે, તેમ તેના તરફ દૃષ્ટિ કરતાં નજરે પડે છે. આ સંસ્થાની સ્થાપનાકાળથી આજ દિન લગીની તેની યોગ્ય દિશા તરફની પ્રગતિની હરણફાળની નોંધ લઈએ તો તેના સમય સમયના કર્ણધારોને સલામી આપવાનું મન થાય તેવા કાર્યો તેઓએ કરેલ છે.*

*૧૯૬૦માં દ્વિભાષી રાજ્યની રચના થયા બાદ અનેક કચ્છી પરિવારો અમદાવાદમાં આવી પોતાનો વસવાટ કરવા લાગ્યા. વર્ષ ૧૯૬૩માં ક.વી.ઓ. સમાજની રચના થયા બાદ તેના તે સમયના કર્ણધારોએ વિશાળ દૃષ્ટિ અપનાવી વર્ષ ૧૯૭૦માં પોતાની સંસ્થાને શ્રી કચ્છી જૈન સમાજમાં ફેરવી, અમદાવાદ સ્થિત કચ્છી જૈનોના બધા જ ફિરકાઓને એકત્રિત કરી એક છત્ર નીચે લાવ્યા.*

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદને ૧૯૮૫માં સ્થાનિક સભ્યોના લાભાર્થે જે કાર્યો કરવામાં આવતા હતા તેમાં ઉમેરો કરી, બહારગામથી અમદાવાદ આવતા કચ્છી જૈન પરિવારો માટે ગીતા મંદિર, એસ.ટી. બસ સ્ટેન્ડ પાસે એક **અતિથિ ભવન**ની સ્થાપના કરી, અન્ય પરિવારો માટે પોતાની સેવા ભાવનાને વિસ્તૃત કરી. સાથે સાથે આ સંસ્થાએ હજુ પણ અનેકવિધ સેવાના કાર્યો હાથ પર લેવા તેના બંધારણમાં ફેરફાર કરી "શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"ની રચના કરી તેને કાર્યાન્વિત કરવા પ્રયાસો જારી કર્યા.*

*વર્ષ ૧૯૯૭માં પાલડી ખાતે ૧૮૦૦ ચો.વારના પ્લોટ પર ૪ માળનું વિશાળ મકાન **"શ્રી કચ્છી જૈન ભવન"** બનાવી, તેને સમાજને સમર્પિત કર્યું. આ ભવનમાં અતિથિ ભવનના ૨૦થી વધુ રૂમો, અમદાવાદના લોકો માટે એક મેડિકલ સેન્ટર તથા સાંસ્કૃતિક હોલની સ્થાપના કરી. અતિથિ ભવનના રૂમો બહારગામથી પધારતા કચ્છી જૈનોની સગવડતા સાચવવા બનાવ્યા. મેડિકલ સેન્ટરને ધીરે ધીરે વિસ્તૃત કરતાં તેમાં એલોપથીની અનેક બ્રાંચો, એક્સ-રે, સોનોગ્રાફી, ટી.એમ.ટી., પેથોલોજી લેબોરેટરી, ઈ.સી.જી.ની વ્યવસ્થા, આયુર્વેદ, હોમિયોપેથ, ફિઝીયોથેરાપીની સગવડ ખૂબ જ નજીવા દરે અમદાવાદની જનતા માટે ઊભી કરી. સાંસ્કૃતિક હોલની રચના કોઈ પણ પરિવારને ત્યાં જરૂરી પ્રસંગે યોગ્ય સગવડતા સાથે આપવાનું શરૂ કરવામાં આવ્યું. વિવિધ સમિતિઓની રચના કરી, અમદાવાદ સ્થિત કચ્છી જૈન સમાજની વિવિધ પ્રવૃત્તિઓ હાથ પર લેવામાં આવી.*

*ત્યારબાદ શાહીબાગ ખાતે જી.એમ.ડી.સી.ના સૌજન્યથી લગભગ ૧૬૦૦ ચો.વારના પ્લોટ પર ૩ માળના **શ્રી કચ્છી વિશ્રામ ગૃહ**ની સ્થાપના કરવામાં આવી કે જેમાં બહારગામથી સિવિલ હોસ્પિટલમાં સારવાર કરાવવા આવતા દર્દીઓના સગા-સંબંધીઓને રહેવા-જમવાની સગવડતા સાથેના ૬૧ રૂમો બનાવવામાં આવ્યા. પરંતુ ૨૬ જાન્યુઆરી, ૨૦૦૧ના ધરતીકંપના કારણે તેનું ઉદ્‌ઘાટન મુલત્વી રાખવામાં આવ્યું.*

*૨૬ જાન્યુઆરી ૨૦૦૧ના કચ્છના ગોઝારા ધરતીકંપ સમયે સતત ૪ મહિના દરમિયાન કચ્છના ગામડાંઓ સુધી જીવન જરૂરિયાતની ખાદ્ય સામગ્રી તથા અન્ય વસ્તુઓ સેવાના નાતે દિન-રાત જોયા વગર પહોંચાડવામાં આવી અને અનેક સ્થળોએ હંગામી આવાસો પણ ઊભા કરાવવામાં આવ્યા.*

*ત્યારબાદ ૨૦૦૧ના અંતભાગે ગુજરાત રાજ્યના તત્કાલીન **મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના વરદ્ હસ્તે શ્રી કચ્છી વિશ્રામ ગૃહનું ઉદ્‌ઘાટન** કરી તેને કાર્યાન્વિત કરવામાં આવ્યું. પાછળથી અહીં એક ડાયાલિસિસ સેન્ટર તથા કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમની પણ રચના કરવામાં આવી.*

*કચ્છના ધરતીકંપ બાદ અમદાવાદ, મુંબઈ અને ગાંધીધામમાં ઔદ્યોગિક સેમિનારો યોજવામાં આવ્યા. આ સેમિનારો યોજવા પાછળનો હેતુ કચ્છમાં વિવિધ ઉદ્યોગો સ્થાપિત કરવામાં આવે તો કચ્છ ધરતીકંપની ખાના ખરાબીમાંથી ધીરે ધીરે બહાર આવે.*

*ખેતીના વિષયે તથા જેટ્રોફાના વિષયે કચ્છના બધા જ ૧૦ તાલુકા મથકે સેમિનારો કરવામાં આવ્યા.*

*કચ્છના અનેક ગામડામાં ૨ (બે) થી ૫ એકર જેવી જમીન સંપાદિત કરી ત્યાં વૃક્ષારોપણ કરી, આ વૃક્ષોને ઉછેરી જે-તે ગામને સોંપવામાં આવ્યા. આ વૃક્ષારોપણ પાછળનો હેતુ કચ્છમાં વિશાળ વનરાજી ઉત્પન્ન કરી, તેના થકી વરસાદને આકર્ષી, કચ્છને દુકાળીયા પ્રદેશમાંથી બહાર લાવવાનો હતો.*

*ત્યારબાદ સરદાર સરોવર નર્મદા નિગમ સાથે રહી વર્ષ ૨૦૦૬માં ૩૬૦ કિ.મી. લાંબી કચ્છ બ્રાંચ કેનાલના કામો શરૂ કરાવવામાં આવ્યા કે જેની રચના હાલે માંડવીના મોડકુવા સુધી પૂર્ણ થયેલ છે.*

*બહારગામથી મુંબઈ પધારતા લોકો માટે કિફાયત દરે રહેવા-જમવાની સગવડતા પ્રાપ્ત થઈ શકે તે માટે વર્ષ ૨૦૦૭માં પૂનમ ડેવલપર્સ સાથે M.O.U. કરી તે સગવડતા ઊભી કરવા આગળ વધ્યા પરંતુ અનેક કારણોસર આ યોજના હાલે અટવાયેલી રહેવા પામેલ છે.*

*વર્ષ ૨૦૦૮માં અમદાવાદના બહેરામપુરા વિસ્તારમાં ૩ માળનું એક મકાન બનાવી તેને **'આવાસ યોજના'**માં ફેરવવામાં આવ્યું અને અમદાવાદ સ્થિત ૩૮ જરૂરીયાતવાળા પરિવારોને ખૂબ જ નજીવા દરે ત્યાંના ફ્લેટો વિતરણ કરવામાં આવ્યા. અહીં 'રતનવીર'ના નામે ગૃહ ઉદ્યોગ પણ શરૂ કરવામાં આવ્યા.*

*ત્યારબાદ વર્ષ ૨૦૨૦માં બોપલ - અમદાવાદ ખાતે એક બીજા મેડિકલ સેન્ટરની રચના કરી તેને જાહેર જનતાને અર્પણ કરવામાં આવ્યું. વર્ષ ૨૦૨૨માં અહીં એક બીજા ડાયાલિસિસ સેન્ટરની સ્થાપના કરવામાં આવી.*

*વર્ષ ૨૦૨૨માં ગીતા મંદિર ખાતે સમાજના ત્રીજા ડાયાલિસિસ સેન્ટરનું લોકાર્પણ કરવામાં આવ્યું અને વર્ષ ૨૦૨૨ના અંતભાગે અહીં એક સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટરની સ્થાપના કરી આસિસ્ટન્ટ નર્સિંગના કોર્સની શરૂઆત કરાવવામાં આવી. અહીંથી દર ૪ મહિને ૩૦ જેટલી સંખ્યામાં યુવક-યુવતી પોતાના સર્ટીફિકેટ લઈ બહાર પડે છે કે જે બધાને સમાજ તરફથી નોકરીએ લગાવી દેવાના પ્રયાસો કરવામાં આવે છે. ભારત દેશની ગરીબી દૂર કરવાનો આશય આ પ્રોજેક્ટ પાછળ રહેલો છે.*

*વર્ષ ૨૦૨૩માં ચાંગોદર - અમદાવાદ ખાતે ત્રીજા મેડિકલ સેન્ટરનું લોકાર્પણ કરવામાં આવ્યું.*

*વર્ષ ૨૦૨૩માં બોપલ ખાતે બીજા સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટરને કાર્યાન્વિત કરવામાં આવ્યું.*

*વર્ષ ૨૦૨૪માં જશોદાનગર - અમદાવાદના પૂર્વ વિસ્તારમાં ચોથા મેડિકલ સેન્ટરને કાર્યાન્વિત કરવામાં આવ્યું.*

*આ પ્રકારના રચનાત્મક કાર્યોમાં હજુ પણ તેની આગળ ને આગળ વિચારણા ચાલુ રહેલ છે.*

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ જેવી જ્ઞાતિગત સંસ્થા 'બહુજન હિતાય'ના કાર્યો તરફ દૃષ્ટિ અને અભિગમ દાખવવા પાછળ તેના સમય સમયના કર્ણધારોની દીર્ઘદૃષ્ટિને આભારી છે. સાથે સાથે તેને ડોનેશન આપનાર ભારતભરના અનેક દાનવીરો અને તેમાં પણ 'નવનીત ફાઉન્ડેશન' જેવી સંસ્થાઓનો સાથ-સહકાર હોવાથી તે આ પ્રકારના કાર્યો કરી શકેલ છે.*

*વર્ષ ૧૯૬૩માં શરૂ થયેલ આ સંસ્થા વર્ષ ૨૦૨૪ સુધીમાં જે કોઈ પ્રગલ્ભો ઊભા કરી શકેલ છે, તેના જે-તે સમયના કર્ણધારો ધીરે ધીરે કાળના ગર્ભમાં વિલુપ્ત થતા જાય છે અને તેની જગ્યાએ આવેલ અન્ય કર્ણધારો અગાઉ કરતાં પણ વધુ આધુનિકતા અને વધુ નિષ્ઠાથી આ સંસ્થાનો કાર્યભાર સંભાળી રહેલ છે અને આ સંસ્થાને પ્રગતિના માર્ગે આગળ ને આગળ લઈ જઈ રહેલ છે. હાલના કર્ણધારો પણ આ સંસ્થાને વધુને વધુ કાર્યાન્વિત કરવા કોશિશ કરી રહેલ છે, કે જે આ સંસ્થાના ઉજ્જવળ ભાવિ તરફ દિશા નિર્દેશ કરે છે.*

***આ લેખના અંતે આ સંસ્થાના પ્રગલ્ભોની ટૂંક નોંધ નીચે મુજબની રીતે ગણનામાં લઈ શકાય.***

★ *ગીતા મંદિર ખાતે અતિથિ ભવન કે જેમાં પાછળથી ડાયાલિસિસ સેન્ટર અને સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટરનો ઉમેરો કરવામાં આવ્યો.*

★ *શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે સંસ્થાનું મુખ્ય કાર્યાલય, અતિથિ ભવન, મેડિકલ સેન્ટર, સાંસ્કૃતિક હોલ, ફિઝીયોથેરાપી સેન્ટર અને આયુર્વેદ તથા હોમિયોપેથ વિભાગ. તદુપરાંત અહીં વર્ષોથી બાળકો અને તેમના વાલીઓ*

માટે કાઉન્સેલિંગ અને કેરીયર ગાઈડન્સના ક્લાસીસ ચાલુ રાખવામાં આવેલ છે.

★ શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ ખાતે અતિથિ ભવન, ડાયાલિસિસ સેન્ટર અને કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમ કાર્યાન્વિત રહેવા પામેલ છે.

★ બોપલ ખાતે મેડિકલ સેન્ટર, ડાયાલિસિસ સેન્ટર અને સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર.

★ ચાંગોદર ખાતે મેડિકલ સેન્ટર.

★ જશોદાનગર ખાતે મેડિકલ સેન્ટર.

**સંખ્યાની દૃષ્ટિએ વાત કરીએ તો આ સંસ્થા તરફથી નીચે મુજબની સંખ્યાના પ્રગલ્ભો ચાલુ છે.**

★ અતિથિ ભવન : ૩ સ્થળે – ટોટલ ૧૦૦ રૂમોની વ્યવસ્થા.

★ મેડિકલ સેન્ટર : ૪ સ્થળે

★ ડાયાલિસિસ સેન્ટર : ૩ સ્થળે

★ સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર : ૨ સ્થળે

★ સાંસ્કૃતિક હોલ : ૧ સ્થળે

★ કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમ : ૧ સ્થળે

★ કાઉન્સેલિંગ અને કેરિયર ગાઈડન્સ : ૧ સ્થળે

ઉપરોક્ત સગવડોનો ઉપયોગ દર મહિને ૩૫,૦૦૦ લોકો લેવા પામે છે અથવા તો દૈનિક ૧૦૦૦ કરતા વધુ લોકો આ સંસ્થાની સેવાનો ઉપયોગ કરે છે.

હાલે પણ આ સંસ્થાની આગેકૂચ જારી રાખવામાં આવેલ છે.

**૨૦૩, સવિતા એન્કલેવ, સમર્પણ બંગ્લોઝની બાજુમાં, જજીસ બંગલો ચાર રસ્તા પાસે, બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫. મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯, ૯૮૭૯૦ ૬૩૧૦૦**

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના બેંક ખાતામાં રકમ જમા કરાવવા અંગે

**ખાતાનું નામ :**

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ
[Shree Kutchhi Jain Sewa Samaj - Ahmedabad]

**બેંક :**

કેનેરા બેંક, પાલડી બ્રાંચ - અમદાવાદ
[Canara Bank, Paldi Branch - Ahmedabad]

**એકાઉન્ટ નંબર :**

૭૦૦૭૨૦૧૦૦૧૬૦૩૨
[70072010016032]

**IFSC કોડ :**

**CNRB0017007**

## વિરોધ ક્યારે હોય?

જ્યારે આપણું કામ ***'સારું'*** હોય,
પણ
બીજાને ***'ગમતું'*** ના હોય.

જ્યારે આપણું કામ ***'સાચું'*** હોય,
પણ
બીજાને ***'પચતું'*** ના હોય.

જ્યારે આપણો ***'માર્ગ'*** સાચો હોય
પણ
સાથે ***'ચાલી'*** શકતા ના હોય.

જ્યારે આપણે ***'કર્મ'*** કરતા હોઈએ,
પણ
બીજા ***'ભ્રમ'***માં રાચતા હોય.

*'વિરોધ' એટલે આપણે સાચા માર્ગે હોવાનું સર્ટીફિકેટ....*

**પ્રેષક : ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) - અમદાવાદ**

પ્રેરણાત્મક પ્રસંગો

# મણકો-૧૫ : નિખાલસ કબૂલાત

• સંકલન •
ડૉ. આશિષ ચોક્સી

*સાલ : ૨૦૦૧, સ્થળ : પાકિસ્તાનનું લાહોર.*

ભારતીય ખુશ્કીદળના ૮૧ વર્ષીય નિવૃત્ત બ્રિગેડિયર મદનલાલ ખેતરપાલ લાહોર પહોંચ્યા હતા. તેમનો મુખ્ય ઉદ્દેશ લાહોરથી ૧૨૫ કિ.મી. દૂર સરગોધા શહેરની મુલાકાત લેવાનો હતો. ૧૯૨૦માં આ જગ્યાએ તેમનો જન્મ થયો હતો અને જીવનના ૨૭ વર્ષ આ જગ્યાએ વિતાવ્યા હતાં. ૧૯૪૭માં દેશના વિભાજન બાદ તેઓ ભારત આવી ગયા હતા.

લાહોરમાં પાકિસ્તાનના ખુશ્કીદળના નિવૃત્ત બ્રિગેડિયર ખ્વાજા મોહમ્મદ નાસરે તેમનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું. ખૂબ વિનંતી કરી બ્રિગેડિયર ખેતરપાલને તેઓ પોતાના નિવાસસ્થાને રહેવા લઈ ગયા. મોહમ્મદ નાસર અને તેમના કુટુંબીજનોએ ખેતરપાલની ખૂબ પ્રેમાળ મહેમાનગતિ કરી. સુંદર સુવિધાઓ આપી અને સરગોધાનો પ્રવાસ કરાવ્યો.

ભારત પાછા ફરવાની આગલી રાત્રે ખેતરપાલ અને મોહમ્મદ નાસરે બેઠક જમાવી. ઘણી વાતો કર્યા બાદ મોહમ્મદ નાસરે 'મનકી બાત' કહેવાનું શરૂ કર્યું. "**બ્રિગેડિયર સર, એક મિત્ર તરીકે તમારી સમક્ષ મારું મન ખુલ્લું મૂકું છું. તમારા દીકરા અરુણપાલ ખેતરપાલની સામે ૧૯૭૧ના યુદ્ધમાં જરપાલ મોરચે હું ટેંક યુદ્ધ લડ્યો હતો. યુદ્ધમાં મેં અરુણના અજોડ સાહસનો અનુભવ કર્યો હતો. તેણે અમારા નાકે દમ લાવી દીધો હતો. તે જીવનની અંતિમ ક્ષણ સુધી લડી વીરગતિ પામ્યો પણ તેના પ્રયત્નોએ અમારા હાથમાં આવેલ બાજી છીનવી લીધી હતી. સર, મને આપને જણાવતાં ખૂબ જ દુઃખ થાય છે કે યુદ્ધભૂમિમાં અરુણનું મોત મારા હાથે જ થયું હતું. રણમોરચે અરુણની શહાદતમાં નિમિત્ત બનવાનો મને ખૂબ અફસોસ છે.** એ શૂરવીરને તેની બહાદુરી માટે આજે પણ સેલ્યુટ કરું છું. દેશને અરુણ જેવો સપૂત આપવા બદલ તમને મારી સલામ."

બ્રિગેડિયર ખેતરપાલ પોતાના ૨૧ વર્ષીય જુવાનજોધ પુત્રના મોતનું કારણ બનનાર વ્યક્તિ, કે જે પોતાની સામે બેઠી હતી તેને જોઈ રહ્યા. ખેતરપાલ પણ એક ફૌજી હતા. પોતાના દેશ માટે નિષ્ઠાપૂર્વક કર્તવ્ય નિભાવનાર એક ફૌજી સાથે વાત કરી રહ્યા હતા. થોડીવારમાં બંને પોતપોતાના રૂમમાં સૂઈ ગયા. સવારે નાસ્તાના ટેબલ પર બન્નેની મુલાકાત હળવી હતી. આગલી રાતની ચર્ચાનો કોઈ જ ભાર ન હતો.

થોડા મહિનાઓ પછી ભારતમાં ખેતરપાલને લાહોરથી આવેલ એક પત્ર મળે છે. તેમાં બંને બ્રિગેડિયરોએ સાથે વિતાવેલ પળોની કેટલીક તસવીરો હતી. અંદર લખેલું હતું, 'એ પિતાને સલામ જેમનો પુત્ર રણમેદાનમાં અડીખમ બનીને ઊભો રહેલ અને પોતાના દેશનો પરમવીરચક્ર વિજેતા બનેલ છે.

*(માહિતી : ઈન્ટરનેટ, સમાચારપત્રો અને હર્ષલ પુષ્કર્ણા લિખિત પુસ્તક 'પરમવીરચક્ર'માંથી)*

★

અમેરિકાની ડેલ્ટા નામની વિમાની કંપની ખોટમાં જતી હતી. ત્યારે પણ તેમણે તેમના કર્મચારીઓનો પગાર વધાર્યો હતો. સંસ્થાના બધા કર્મચારીઓને કંપનીની નાજુક આર્થિક સ્થિતિની જાણ થઈ. આ કર્મચારીઓને પોતાની કંપની પર એવી લાગણી થઈ કે બધાએ એક થઈ કંપની માટે ફાળો એકઠો કર્યો.

**આ ફાળાની રકમ હતી ૩૦ મિલિયન ડોલર. આ રકમથી એક મોટું 'બોઇંગ ૭૬૭' વિમાન કંપનીને ભેટ આપ્યું. દુઃખમાં ભાગીદાર થઈ કંપનીને ઊભા થવામાં મદદ કરી.** વર્ષોથી ડેલ્ટા કંપનીએ પોતાના કર્મચારીઓ સાથે જે સંબંધો સાચવ્યા હતા તે સાહજિક હતા. આ સાચવેલા સંબંધોને કારણે જ કર્મચારીઓ કંપની સાથે સાહજિક રીતે ઊભા રહ્યા.

*સાચવેલા અને સચવાયેલા સંબંધો એકબીજાના જીવનને સાચવે છે.*

★

૧૯૩૭ની સાલના ડિસેમ્બર માસની વાત છે. પૂનામાં પતિ-પત્ની ડૉ. રઘુનાથ અને ક્રિશ્નાબાઈ લેડી ડોક્ટર મધુમાલતી ગુણેને મળવા ગયા. ગર્ભવતી ક્રિશ્નાબાઈને ત્રણ સંતાનો હતા. હવે ચોથું સંતાન તેઓ ઇચ્છતા ન હતા. એ દિવસે ખૂબ રાહ જોવા છતાં ડૉક્ટર ક્લિનિક પર જ ન આવ્યા. પછીથી પતિ-પત્નીનો વિચાર બદલાયો અને ૧૯-૦૫-૧૯૩૮ના દિવસે ક્રિશ્નાબાઈએ પુત્રને જન્મ આપ્યો.

**આ પુત્રને આગળ જતાં 'પદ્મશ્રી' અને 'પદ્મભૂષણ'નું સન્માન મળ્યું. જાણીતા અભિનેતા, નિર્દેશક અને લેખક ગિરીશ કર્નાડની આ વાત છે.** પોતાની સ્મૃતિકથા 'પીસ લાઈફ એટ પ્લે'ને એ દિવસે ક્લિનિક પર ન આવેલા ડોક્ટરને અર્પણ કરતાં અને નિખાલસ કબૂલાત કરતાં જણાવ્યું કે જો તે દિવસે ડોક્ટર ક્લિનિક પર આવ્યા હોત તો આ સ્મૃતિકથા લખવા હું જન્મ્યો ન હોત. ■

સ્વાધીનતા સંગ્રામના ૭૫ શૂરવીરો

# સ્વાધીનતા સંગ્રામના ૭૫ શૂરવીરો
# મણકો - ૯ : ક્રાંતિવીર વિનાયક સાવરકર

• લેખક •
રાજ ભાસ્કર / અનંત શુક્લ / મધુકાંત પ્રજાપતિ

*જન્મ : ૨૮ મે, ૧૮૮૩*

*મહાપ્રયાણ : ૨૬ ફેબ્રુઆરી, ૧૯૬૬*

વિનાયક દામોદર સાવરકરનો જન્મ નાસિક જિલ્લાના ભગૂર ગામમાં ૨૮ મે, ૧૮૮૩ના રોજ થયો હતો. વિનાયકની બુદ્ધિ નાનપણથી તેજ હતી. શિવાજીના ચરિત્રથી તેઓ નાનપણમાં પ્રભાવિત થયા હતા. તેઓ લોકમાન્ય ટીળકની પ્રેરણાથી ઈંગ્લેન્ડ ઉચ્ચ અભ્યાસ માટે ગયેલા. ગળથૂથીમાં રાષ્ટ્રભક્તિના સંસ્કાર પામેલા સાવરકરે 'મિત્રમેળો' અને 'અભિનવ ભારત' જેવાં ક્રાંતિકારી સંગઠનોનું કિશોર અવસ્થામાં જ નિર્માણ કરેલું. લંડનમાં તેઓ ઈન્ડિયા હાઉસના સક્રિય સભ્ય બન્યા. એ સાથે એમના માટે અભ્યાસ ગૌણ અને રાષ્ટ્રભક્તિ પ્રમુખ બની ગઈ. ત્યાં રહીને તેમણે અંગ્રેજ સરકારના ગુપ્ત દસ્તાવેજો મેળવી **'ભારતનો પ્રથમ સ્વાતંત્ર્ય સમર : ૧૮૫૭'** પુસ્તક લખ્યું. પણ એ પ્રકાશિત થાય એ પહેલાં જ તેના પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો. કર્ઝન વાયલીની હત્યા પછી મદનલાલ ધીંગરાનો કેસ બહાદુરીપૂર્વક લડ્યા. અંગ્રેજ સરકારને આ ભારતીય હવે આંખના કણાની માફક ખૂંચવા માંડ્યા હતા. ઈન્ડિયા હાઉસ પર દબાણ વધ્યું અને તે બંધ કરવું પડ્યું. સાવરકરની ધરપકડ કરી જળમાર્ગે ભારત રવાના કરી દેવામાં આવ્યા. રસ્તામાં આ ક્રાંતિકારી સ્ટીમરમાંથી દરિયામાં કૂદી પડીને તરતાં તરતાં સામે કાંઠે પહોંચી ગયા. પરંતુ ત્યાંથી ભાગવા માટે ખિસ્સામાં પૈસા નહીં હોવાથી પકડાઈ ગયા. ભારતમાં તેમના પર કેસ ચલાવવામાં આવ્યો. ૫૦ વર્ષની કાળાપાણીની સજા! આ ભયાનક સજા સાંભળીને ભાંગી ન પડતાં એમણે અંગ્રેજ સરકારને સામો પ્રશ્ન કર્યો કે, **'તમારો ઇરાદો શું હજુ ભારતમાં ૫૦ વર્ષ સુધી શાસન કરવાનો છે? તમે હવે ૫૦ મહિના સુધી પણ શાસન નથી કરી શકવાના.'** આમ તેમને કાળાપાણીની બેવડી જનમટીપની સજા આપીને આંદામાનની જેલમાં મોકલી દેવામાં આવ્યા. ભલભલા કઠણ કાળજાનો માણસ પણ હચમચી જાય એવી યાતનાઓ તેમને આંદામાનની જેલમાં આપવામાં આવી. બળદની જગ્યાએ ઘાણીએ જોતરાઈને રોજનું ૩૦ પાઉન્ડ તેલ કાઢવાનું. તબિયત સારી હોય કે ખરાબ હોય, સોંપેલું કામ કરવાનું એટલે કરવાનું. વચ્ચે પાણી, પેશાબની પણ છૂટ નહિ. પાણી જેવી દાળ અને સિમેન્ટ કાંકરીવાળા રોટલા! અંતે દેશની જનતાનું અંગ્રેજ સરકાર પર દબાણ થતાં તેમને રાજકીય પ્રવૃત્તિમાં ભાગ નહીં લેવાની શરતે છોડવામાં આવ્યા, જોકે તેઓ નિષ્ક્રિય તો ન જ રહ્યા. **તેમણે રત્નાગિરીમાં પતિત પાવન મંદિર બાંધ્યું. હિંદુ મહાસભાના પ્રમુખ બન્યા. છતાં આ દેશભક્તની કદર કરવાની તો દૂર રહી તેમને ગાંધી હત્યાના ખોટા આરોપમાં જેલમાં પૂરવામાં આવ્યા. પરંતુ કોર્ટે નિર્દોષ ઠેરવ્યા. ૧૦ ફેબ્રુઆરી, ૧૯૪૯માં મુક્તિ થઈ.** સતત કાર્યરત રહી સમાજ સુધારણા, હિંદુ સંગઠન, ભાષાશુદ્ધિનું કામ છેવટ સુધી કર્યું અને ૨૬ ફેબ્રુઆરી, ૧૯૬૬ના રોજ મુંબઈમાં આમરણ ઉપવાસ કરી તેમણે દેહોત્સર્ગ કર્યો. ■

## પહેલું સુખ તે જાતે નર્યા

**(અનુસંધાન : પાના નં. – ૨૪ ઉપરથી ચાલુ)**

આરોગ્ય માટે ખૂબ જરૂરી છે. પૂરતી ઊંઘ ૬ થી ૮ કલાકની લેવી આરોગ્ય માટેની અનિવાર્ય શરત છે. ૪૦ વરસ પછી તો નિયમિતતા અને આરોગ્યની તમારે વિશેષ કાળજી લેવી જ રહી. મોર્નિંગ વૉક સારા સ્વાસ્થ્ય માટે જરૂરી છે. મન અને તન બંનેને મોર્નિંગ વૉક તાજગી આપે છે.

ડૉક્ટર પાસે વર્ષમાં એકાદ વખત નિયમિત ચેક-અપ કરાવવું જ રહ્યું.

તો આજથી જ નક્કી કરો... તમારું સમય પત્રક બનાવો અને શરીરની સંભાળ લેવાનો કાર્યક્રમ નક્કી કરો.

જાન હૈ તો જહાન હૈ... ■

## ઍરિસ્ટોક્રેટ્સ : પ્રકરણ-૬ • અંબાલાલ સારાભાઈ-૬

**(અનુસંધાન : પાના નં. – ૧૩ ઉપરથી ચાલુ)**

આરતીની ઘંટડી વગાડે છે. જમવાનો સમય થાય ત્યારે થાળીમાં લઈ સાવિત્રીબેન આવે છે.

થાળીમાં એક-બે ભાખરી, રોટલી, થોડોક ગોળ, દાળ, ભાત, શાક – બધું મોળું, સાત્ત્વિક, પાણી પણ માટલાનું, ફ્રીજનું નહીં. ભૂખ હોય તેનાથી પણ અડધું ખાય. કહે, 'દિવસમાં બે વાર નહીં પણ આઠ વાર ખાઓ. થોડું થોડું ચકલીની જેમ ખાઓ. પેટને ટાંકીની જેમ ભરી ચિક્કાર ન કરો.' અંબાલાલ સારાભાઈના પરિવારનું દરેક ક્ષેત્રમાં પ્રદાન છે. એમાં લીનાબેનનું પ્રદાન કેળવણી અને તેમાંય બાળ કેળવણી ક્ષેત્રે અમર રહેશે. ■

એરિસ્ટોક્રેટ્સ

## એરિસ્ટોક્રેટ્સ : પ્રકરણ-૬ ★ અંબાલાલ સારાભાઈ – ૬

# 'રીટ્રીટ'માં ભાઈ-બહેનો ચાનું બીલ એકબીજાને મોકલી આપતા

• લેખક •
દેવેન્દ્ર પટેલ

દરેક સંતાનને તેના જન્મ પછી અંબાલાલ સારાભાઈએ પૈસાનો અમુક ભાગ આપ્યો હતો. કોની પાસે શું છે તે વાત કદી ચર્ચાતી નહીં. અંબાલાલ સારાભાઈ કે સરલાદેવી કોઈની પાસે બહુ પૈસા છે તેથી અંજાઈ જઈને ઘરમાં વાતો કરતાં નહોતાં. કોઈ પ્રસંગે રોકડા કે ભેટ બાળકોના હાથમાં ન અપાતાં. બેંકમાં દરેક સંતાનોનાં ખાતાં સ્વતંત્ર હતાં. ચેકબુક પર દરેકે અલગ સહી કરી પૈસા ચૂકવવાની પ્રણાલિકા હતી. સાબુ જેવી વસ્તુને પણ દરેક સંતાને પોતે ઓર્ડર કરવાનો અને તેનું બીલ જે તે સંતાન પાસે આવે અને તેનું પેમેન્ટ ચેકથી જે તે સંતાને જ કરવાનું. સરલાદેવીનો સાબુ આવે તો સરલાદેવી જ પેમેન્ટ કરે અને લીનાબેનનો સાબુ આવે તો લીનાબેન જ પેમેન્ટ કરે તેવો શિરસ્તો હતો. પૈસાનો વહીવટ દરેક સંતાન સમજીને જાતે જ કરે તેવું પિતાનું સૂચન હતું. દરેકના ખાતા પર સામાન્ય દેખરેખ રખાતી. પરંતુ તે રકમ ખર્ચવા માટે પિતાની રજા લેવી જરૂરી નહોતી. આજે ઘણાં લોકો આવકવેરાનું પ્લાનિંગ કરે છે. પરંતુ અંબાલાલ સારાભાઈએ એ જમાનામાં પોતાની સંપત્તિ કુટુંબીજનોમાં વહેંચી દીધી હતી. આશ્ચર્યની વાત એ છે કે આવકવેરો કે સંપત્તિવેરો અમલમાં આવે તે પહેલાં જ અંબાલાલ સારાભાઈએ આયોજન કરીને સંપત્તિનું વિભાજન કરી દીધું હતું. કહેવાય છે કે સારાભાઈ પરિવારના એસેસમેન્ટ માટે એ જમાનામાં આવકવેરા ખાતાએ એક અલાયદું ડિપાર્ટમેન્ટ ઊભું કર્યું હતું. અંબાલાલ સારાભાઈ માનતા હતા કે આર્થિક સ્વતંત્રતા વગર વ્યક્તિ વિકાસ શક્ય નથી. પરાવલંબી પત્ની અને સંતાનો કુટુંબના વડાને આધીન રહે તે વ્યક્તિ ગૌરવનું હનન છે તેમ તેઓ માનતા હતા. આવી દૃઢ માન્યતાથી જ તેમણે બાળકોના જન્મ સાથે જ ભાગ આપી દીધા હતા.

તે વખતે ઘણા લોકો એવી સલાહ આપતા કે 'તમે તમારા બાળકોને આમ પૈસાની છૂટ આપી દેશો તો કોઈ તમને ગાંઠશે નહીં.'

અંબાલાલ સારાભાઈએ એવી ચેતવણીઓની પરવા કરી નહોતી. ઘણાં લોકો એ વખતે હસતા કે 'અરે ભાઈ! 'રીટ્રીટ'માં તો અરસપરસ ફોનથી જ વાત થાય છે અને ત્યાં ચાના પૈસા પણ એકબીજા સંતાનો બીલ મોકલી ચેકથી વસૂલ કરે છે!

હકીકતમાં અંબાલાલ સારાભાઈએ દરેક સંતાનો માટે આપેલી પૈસાની આઝાદી, જવાબદારી અને સ્વતંત્રતાની સાથે જ સ્વયં શિસ્ત અને જવાબદારીની ભાવના જ એના મૂળમાં હતાં. એમાં કોઈ જોહુકમી નહોતી. સર્વસંમતિથી જ આ આર્થિક બીલોની ચૂકવણીની વયવસ્થા ગોઠવાઈ હતી.

અંબાલાલ સારાભાઈનાં બીજા એક પુત્રી લીનાબેન.

પુત્રી લીનાને યુનિવર્સિટીમાં અભ્યાસ કરવો નહોતો. તેમને સાહિત્ય, ઇતિહાસ અને ફિલસૂફીના ક્ષેત્રમાં સ્વયં અભ્યાસ કરવો હતો. પિતાએ સમાજની પ્રચલિત માન્યતા માટે લીનાબેનને યુનિવર્સિટીમાં જવા કદી દબાણ ના કર્યું. એથી ઊલટું ઉત્તમ પ્રોફેસરો રોક્યા. પ્રવાસ માટે વ્યવસ્થા કરી આપી. પુત્રી લીના છોકરી છે માટે તેને એકલી જવા જ ના દેવાય એવો આગ્રહ ના રાખ્યો. ગંગોત્રીથી કન્યાકુમારી અને સોમનાથથી આસામ સુધી તેઓ એકલાં જ ઘૂમ્યાં. લીનાબેને કદી ખાદી પહેરી નહીં. સુંદર પોશાક અને અલંકારો તેમને ગમતાં. જૂના ઘાટનાં ઘરેણાં – દામણી, કંદોરો, ઝાંઝર, ઇત્યાદિ સોળે શણગાર, ઘેરદાર ઘાઘર, ઓઢણી, કમખા અને દુપટ્ટા એમણે ધરાઈ ધરાઈને પહેર્યા. સરલાદેવીએ એમની પુત્રીઓના કાન નહોતા વીંધ્યા. લીનાબેન અને બીજી બહેનોએ સમજણાં થયા બાદ જાતે જ કાન વીંધ્યા. સરલાદેવી વચ્ચે ના આવ્યાં. સરલાદેવી મહેંદી કે કાજળનો ઉપયોગ કરતાં નહોતાં. લીના અને બીજી બહેનોએ તેનો ઉપયોગ કર્યો. આઠ વર્ષની ભારતીને છોકરો બનવાની હોંશ હતી. ગીરાએ પંદર વર્ષની વય સુધી લેંઘો, પહેરણ ને બંડી પહેર્યાં – એ જમાનામાં માથાના વાળ પણ કાપેલા રાખ્યા.

મદનમોહન મંગળદાસ નામના અત્યંત સોહામણા યુવક સાથે તેમનું લગ્ન થયું. તેમના પુત્ર કમલ મંગળદાસ જે આજે શહેરના એક સુપ્રસિદ્ધ આર્કિટેક્ટ છે. બધાં જ સંતાનોમાં લીનાબેન એક ભિન્ન વ્યક્તિત્વ ધરાવતાં દીકરી છે. નાનપણમાં જ તેઓ રવીન્દ્રનાથ ટાગોરના સંપર્કમાં આવ્યાં હતાં. અમદાવાદની મિલોનાં ભૂંગળાથી દૂર કોલકત્તા પાસે શાંતિ નિકેતન પહોંચી ગયાં. ગુરૂજીના 'ઉત્તરાયણ' બંગલે જઈ કવિવરને મળ્યા. રહેઠાણની બારીમાંથી ગુલદાઉદીના ક્યારા દેખાતા. નાના હોજમાં બતકો તરતાં. બધું જ સુંદર સુંદર. શાંતિ નિકેતનમાં બધાં જ ગુરૂદેવને છૂટથી મળી શકતાં.

૧૯૩૮માં લીનાબેને પુત્ર કમલને જન્મ આપ્યો ત્યારે તેમના પતિ મદનમોહન ગંભીર બીમારીમાં સપડાયા. અંબાલાલ સારાભાઈ અને સરલાદેવીએ મંગલબાગ એટલે કે

જમાઈના ઘરમાં જ રહી ચાકરી કરી. મદનમોહનને હવાફેર માટે સિલોન લઈ જવામાં આવ્યા.

લીનાબેનને એક તમન્ના હતી કે બાળકો સાથે કામ કરવું. પિતાએ સ્કૂલ શરૂ કરવા પુત્રીને ખજરીનો બંગલો આપ્યો.

આ જ લીનાબેને બાળકો માટે એક આગવા પ્રકારની સ્કૂલ શરૂ કરવા વિચાર્યું. તેમણે અમદાવાદ આવી શ્રેયસ ફાઉન્ડેશન ઊભું કર્યું. 'શ્રેયસ'ની ગંગોત્રી આમ તો છેક સ્વિટ્ઝરલેન્ડના બાળ કેળવણીકાર ડૉ. મારિયા મોન્ટેસરીથી શરૂ થાય છે.

'શ્રેયસ'ને તેમણે એક જુદી જ પ્રકારની સ્કૂલ બનાવી. 'શ્રેયસ'માં બધા જ આગ્રહોને દેશવટો છે. ૧૨ વર્ષથી નાના બાળક માટે કોઈ પરીક્ષા નથી, પાઠયપુસ્તક પણ નથી. અહીં સમાજના દરેક સ્તરમાંથી બાળક આવે છે. લીનાબેન કહે છે : "મારું કાર્યક્ષેત્ર જ એવું છે કે હું સ્ત્રી છું એવું મને કદીયે લાગ્યું નથી.'

અમદાવાદમાં 'શ્રેયસ' પહેલાં શાહીબાગ અંડરગ્રાઉન્ડ બ્રિજમાં શરૂ થઈ. હવે તે પશ્ચિમ અમદાવાદના ૨૭ એકરમાં પથરાયેલું સંકુલ છે. એક જીવંત વાતાવરણ છે. બાળકોના વર્ગ માટે ધોરણ પાંચ, ધોરણ સાત, છ એવું નથી. દરેક વર્ગને અરૂણ, વસંત, પારિજાત, મંજરી, કુસુમ એવાં બાળપુષ્પોનાં નામ અપાયેલાં છે. બાળકો ઘેરથી પુસ્તકોનો ભાર લઈને આવતાં નથી.

લીનાબેનની 'શ્રેયસ' એક સ્કૂલ નહીં પરંતુ બાળકોનો નૈસર્ગિક ઉછેર કરતું ઉપવન છે. અહીં બાળકોને કોઈ સજા નથી. ૧થી ૧૦૦ વાર ઘડિયા બાળકોને સજારૂપે લખવાનાં નથી. શાળામાં સંથાગારથી માંડીને સ્નાનાગાર પણ છે. 'કથની' પ્રદર્શન પણ છે. ખુદ લીનાબેને વિશ્વની હોમર કૃત 'ઈલિયડ' જેવી કૃતિઓનું ગુજરાતીમાં નાટ્ય રૂપાંતર કર્યું. અને ૧૫૦થી વધુ બાળક અને શાળાના મોટા વિદ્યાર્થીઓએ ભજવ્યું હતું. જવાહરલાલ નેહરૂ શ્રેયસની મુલાકાતે આવતા. લીનાબેન કળા અને સંસ્કૃતિના અભ્યાસ માટે વિશ્વભરમાં ફર્યા. 'શ્રેયસ'નું તેમનું મ્યુઝિયમ વર્ષે દહાડે ૭૫૦૦ મુલાકાતીઓ ખેંચી લાવે છે. તેમણે હેન્સ એન્ડરસનના પુસ્તક 'ધી નાઈન્ટી ગેલ'નું ગુજરાતી રૂપાંતર 'એક અજબગજબનું બુલબુલ' પણ તૈયાર કર્યું.

શ્રેયસ માને છે કે બાળક એ કોઈ વાસણ નથી કે એમાં તમે અંગ્રેજી, ગણિત, વિજ્ઞાન, કોમ્પ્યુટર વગેરે ભરી દો. એ તો એક છોડ છે. એને પાણી આપો, હવા આપો, ખાતર આપો અને એની સાથે ઊભા રહો. એને જ ખીલવા દો.

આજે જ્યારે શિક્ષણના નામે પૈસાની ટંકશાળો ખૂલી છે ત્યારે શ્રેયસના એક વર્ગમાં લીનાબેન ૩૫ વિદ્યાર્થી બેસાડે છે. એને વ્યક્તિગત દેખરેખથી ભણાવે છે. અહીં કોઈ ડોનેશન નથી.

વાલી સાથે તો ઠીક પરંતુ બાળક સાથે પણ વિનયથી, શાંતિથી, સમજાવટથી, ધીરજથી વાત થાય છે. ક્યારેય પનિશમેન્ટ હોતી નથી કે પનિશમેન્ટમાં દસ વખત લખવાનું હોતું નથી.

વિશાળ સ્નાનાગરોમાં બાળકો ધુબાકા મારે છે, હરણાં જોવા દોડે છે. હસતાં ખેલતાં વર્ગ સ્વચ્છતા કરે છે. સંથાગારમાં જઈ પ્રાર્થના કરે છે. આજે જ્યારે પ્રાથમિક શાળામાં બાળકો જડ સ્તબ્ધ રડતાં હોય છે ત્યારે શ્રેયસમાં બાળકો હસતાં રમતાં ખેલતાં કૂદતાં હોય છે.

લીનાબેને શ્રેયસમાં અનેક પ્રદેશોના મેળા કર્યા : કેરાલા, ઉત્તર પ્રદેશ, બંગાળ, તામિલનાડુ, કાશ્મીર વગેરે અનેક પ્રદેશના મેળા કરી ત્યાંની રહેણીકરણી, ખોરાક, રીતિરિવાજો, પહેરવેશ, નાટકો, ભાષા, સંગીતને જીવતા કર્યા.

હેમ્લેટ, શાકુંતલ, ડોન કિહોટે, જેસલ તોરલ, ઓથેલો જેવાં નાટકો તેમણે સ્ટેજ પર કર્યા. જાતે સ્ક્રીપ્ટ તૈયાર કરી. જાતે કોસ્ચ્યુમ તૈયાર કર્યા. બધું પોતે જ, અંગત દેખરેખ રાખી તૈયાર કરાવ્યું.

આખું મહાભારત / ૧૮ પર્વ / ૧૮૦૦૦ શ્લોકો તેમણે પેન્સિલથી લખ્યા અને અનુવાદ કર્યા છે.

'ક્યાંય જતાં નથી?' – એવું પૂછવામાં આવતા લીનાબેન કહે છે : 'શ્રેયસ છોડી ક્યાં જાઉં? શ્રેયસ મારું સંતાન છે. મને ક્યાંય જવું ગમતું નથી.'

પપ્પા અંબાલાલ સારાભાઈએ પૂછ્યું : 'તને શું ભેટમાં આપું?'

'મને 'શ્રેયસ' આપો. બાળ કેળવણીની સંસ્થા.'

અને શાંતિ નિકેતનના આદર્શ પર શાંતિ નિકેતનની જેમ આ સંસ્થા નમૂનેદાર તૈયાર થઈ. પણ મકાનો, બાગબગીચા, સ્નાનાગારથી સંસ્થા બનતી નથી.

પાલબાબુ, ઝીણીબેન, ધૂમકેતુ, ભાઈલાલ બારોટ, કનૈયાલાલજી, કરુણાશંકર માસ્તર, મેડમ મોન્ટેસરી, લાકડાવાળા જેવા ધૂરંધર સંગીતકારો, ચિત્રકારો, નાટ્યકારો, સાહિત્યકારો શ્રેયસમાં ભણાવવા ઉમટતા.

લીનાબેન આજે ૯૧ વર્ષનાં છે. રાત્રે ૮.૩૦ વાગે ટેબલ લેમ્પ લઈ, મુંડા પર બેઠાં બેઠાં લીનાબેન ડિક્ષનરીઓ ઉથલાવે છે. પેન્સિલથી બધે ચિહ્નો કરે છે. નાની નાની ચબરખીઓ રાખે છે. કોઈને બોલાવવા ઈલેક્ટ્રીક બેલથી નહીં મંદિરની

(અનુસંધાન : જુઓ પાના નં. – ૧૧ ઉપર)

પર્યુષણ

# પર્યુષણ છે અનન્ય પર્વાધિરાજ!

ડૉ. કુમારપાળ દેસાઈ

પર્યુષણ પર્વમાં તો તપ કરવાનું છે, ત્યાગ કરવાનો છે, અહિંસાનું પાલન કરવાનું છે અને સંસારના ધમાલ અને ધાંધલમાંથી સદંતર નિવૃત્તિ લેવાની છે. પ્રભુદર્શન, વંદન અને પૂજનમાં મન, વચન અને કાયાનો મેળ સાધી ભાવપૂર્વક જોડાઈ જવાનું છે.

આટલો બધો ત્યાગ અને વિરાગ હોવા છતાં શા માટે 'પુણ્યનું પોષણ અને પાપનું શોષણ' કરતાં પર્વાધિરાજ પર્યુષણના આગમનને ઉમંગભેર વધાવતા ગીતો ગાવામાં આવે છે. આનું કારણ છે આ પર્વની અનન્યતા. અને પર્વાધિરાજ પર્યુષણની સાચી આરાધના ત્યારે જ થઈ શકે, જ્યારે આપણા અંતરમાં એની અનન્યતાનો અહેસાસ હોય. સામાન્ય રીતે પર્વોમાં બાહ્ય ઉજવણી થતી હોય છે. દેહને શણગારવામાં આવતો હોય છે. દિવાળીના પર્વમાં આપણે કેટકેટલા બાહ્ય આનંદોનો રંગે ચંગે ઉત્સવ કરીએ છીએ. હોળીમાં અબીલ-ગુલાલ ઉડાડીએ છીએ. જ્યારે પર્યુષણ પર્વ એ માનવીના ભીતર સાથે જોડાયેલું પર્વ છે. હૃદયશુદ્ધિ, ચિત્તશુદ્ધિ અને આત્મશુદ્ધિ દ્વારા એ આત્માનંદની દિવાળી ઉજવે છે. જીવનમાં અન્ય પર્વો આવે અને ચાલ્યા જાય, જ્યારે પર્યુષણ પર્વ આત્મસંલગ્ન હોવાથી વ્યક્તિમાં મૂળગામી, આત્મલક્ષી પરિવર્તન સાધે છે. એ વ્યક્તિને અજ્ઞાનમાંથી સમ્યક્‌જ્ઞાન તરફ, વિભાવમાંથી સ્વભાવ તરફ, વેરમાંથી મૈત્રી તરફ, પીડામાંથી પ્રેમ તરફ અને બાહ્ય ઉપાધિમાંથી સમાધિ તરફ લઈ જતું પર્વ છે.

પર્યુષણના આ ઉત્સવમાં પ્રકાશનો અનુભવ થતો હોય છે અને પ્રકાશને પરિણામે અજ્ઞાનરૂપી અંધકાર દૂર થાય છે. અનંતકાળથી આત્મા મિથ્યાત્વ, કષાય અને મોહમાં વસતો રહ્યો. હવે એને ખ્યાલ આવે છે કે મારે મારા આત્માની સમીપ જવાનું છે. લૌકિક પર્વોથી શરીરને પોષણ થાય છે, મનને આનંદ મળે છે, જ્યારે પર્વાધિરાજ પર્યુષણથી આત્માના ઉચ્ચ ભાવોનું પોષણ પામીને વ્યક્તિ ચેતનામય જ્યોતિ સુધી યાત્રા કરે છે.

જરા વિચાર કરીએ આપણો! આપણા જીવનના મર્ત્ય અને અમર્ત્ય એમ બે અંશો છે. શરીર, ઇન્દ્રિય અને મન એ મર્ત્ય (મરણ પામનારા) છે, તો એમાં રહેલું ચેતનતત્ત્વ એ આપણો અમર્ત્ય અંશ છે. પર્યુષણ વ્યક્તિના અમર્ત્ય અંશ સુધી પહોંચે છે.

કેટલાક પર્વો ભય (શીતળા સાતમ)થી થતાં હોય છે. કેટલાક પર્વો પ્રાપ્તિની ઇચ્છાથી થતા હોય છે. વડ સાવિત્રી, કડવા ચોથ, ગૌરીપૂજન, લક્ષ્મીપૂજન જેવાં વ્રતોમાં પ્રાપ્તિનો ભાવ હોય છે, જ્યારે સૂર્યપૂજા કે અગ્નિપૂજાના પ્રારંભમાં વિસ્મયનું તત્ત્વ હોય છે. પર્વોની આ સૃષ્ટિમાં પર્વાધિરાજ પર્યુષણ એ રીતે જુદું પડે છે કે એમાં કોઈ ભૌતિક પ્રાપ્તિનો ભાવ હોતો નથી. કોઈ ભયથી એની આરાધના થતી નથી અને બાહ્યાનંદને બદલે એનો સઘળો સંબંધ આંતરપ્રસન્નતા હોય છે.

કેટલાક પર્વો વિજયસૂચક હોય છે. વિજ્યાદશમી જેવાં પર્વોનો મહિમા એમાં મેળવેલા વિજય પર હોય છે. જ્યારે પર્યુષણ એ બહારના જય-પરાજયને બદલે આત્મવિજયની વાત કરે છે. આથી આ પર્વની અનન્યતાને કારણે એ પ્રત્યેક વ્યક્તિને માટે અંગત, આગવું અને અલાયદો અનુભવ કરાવનારું બની રહે છે. એ દેહ અને મનને વટાવીને આત્મા પાસે પહોંચી જાય છે અને પછી વ્યક્તિ આત્મરત, આત્મપ્રિય અને આત્મસંલગ્ન બને છે. આમ પર્યુષણ પર્વ એ ભીતરનું પર્વ હોવાથી આત્માના એકાંતમાં પ્રકાશ પ્રાપ્તિની ઝંખનાનું પર્વ છે.

પર્વાધિરાજ પવર્યુષણનો બાહ્યમાંથી ભીતરમાં જવાનો સંદેશ સમ્રાટ અશોકના પૌત્ર સમ્રાટ સંપ્રતિના જીવનમાં જોવા મળે છે. જગતના સર્વકાલીન મહાન રાજવીઓમાં ગૌરવભર્યું સ્થાન ધરાવનાર અને ઈરાન અને અરબસ્તાન જેવાં અનેક દેશોમાં વિજય મેળવનાર સમ્રાટ સંપ્રતિ વિજયી બનીને પાછા આવ્યા, ત્યારે એમની માતાના ચહેરા પર ઘોર વિષાદ હતો. મહારાજ સંપ્રતિએ માતાના આવા દુઃખનું કારણ પૂછતાં એમની માતાએ કહ્યું કે સામ્રાજ્ય વિસ્તારના લોભમાં તેં કેટલો બધો સંહાર કર્યો. જરા બાહ્યદૃષ્ટિ છોડીને ભીતરમાં જો. જો એને બદલે તેં ચિત્તને પાવન કરતાં જિનમંદિરો રચ્યાં હોત, નવી પ્રતિમાઓનું નિર્માણ કરાવ્યું હોત, મંદિરોનાં જીર્ણોદ્ધાર કરાવ્યાં હોત, તો મારું હૃદય અપાર પ્રસન્નતાનો અનુભવ કરત. અને માતાની ભાવનાને અનુરૂપ સમ્રાટ સંપ્રતિએ પોતાના જીવનકાળમાં સવા લાખ જિનમંદિરો બનાવ્યા અને સવા કરોડ જિનબિંબ ભરાવી માતાની ભાવનાને સાર્થક કરી. આમ ભીતરની ભાળ મેળવીને ચિરકાળ સુધી ટકનારા આનંદની પ્રાપ્તિ કરવાની છે.

આવો, પર્યુષણની ઉપાસનાનો અર્થ પામીએ. 'પર્યુપાસના' શબ્દની પ્રાકૃત ભાષામાં 'પજ્જોસણા' શબ્દથી રૂપાંતર બને છે. એનો અર્થ છે 'પરિ સમન્તાત ઉપાસના.' એટલે કે સર્વથા આત્માની અથવા પરમાત્માની ઉપાસના કરવી. પોતાના અંતરમાં ડૂબકી મારીને આત્માનું અંતઃનિરીક્ષણ કરવું અને તેને પરમાત્માની સમીપ લઈ જવાનો પ્રયત્ન કરવો. આનો અર્થ એ કે પર્યુષણમાં માણસે સર્વ પ્રકારે આત્માની એવી આરાધના કરવી જોઈએ કે જેથી તે પરમાત્માની નજીક પહોંચી શકે. ■

ઇતિહાસના અજ્ઞાત પાત્રો

# ભારતીય જૈન સાહિત્યના કચ્છી સંવર્ધક : ભીમશી માણેક શાહ

નરેશ અંતાણી

*કચ્છના મંજલના વતની ભીમશી શાહે આમ સમાજમાં લોક જાગૃતિ લાવવા રૂઢીચુસ્તો સામે સામેપૂરે તરીને દેશભરમાં વેરવિખેર રહેલા તાડપત્રો અને હસ્તલિખિત ગ્રંથોને એકઠા કરી લોકભોગ્ય ભાષામાં તેનું પ્રકાશન કરી ભારતીય જૈન સાહિત્યનું જતન અને સંવર્ધન કરી ઈતિહાસ રચ્યો છે.*

કચ્છે એવા કેટલાય સપૂત આપ્યા છે કે, જેમણે કચ્છની સેવા તો કરી છે સાથે સાથે પોતે કચ્છ છોડી જ્યાં જ્યાં ગયા છે ત્યાંની પણ તેમણે સેવા કરી પોતાની અમીટ છાપ મૂકી ગયા છે. એમાં સાહિત્ય અને પત્રકારત્વની વાત આવે ત્યારે હાજી મહમદ અલ્લારખ્યા શિવજી, ડુંગરશી ધરમશી સંપટ વગેરેની યાદ પહેલા આવે. આજે અહીં આવા જ એક કચ્છી સપૂત ભીમશી માણેક શાહની વાત કરવાની છે. એમણે અપ્રગટ તાડપત્રો અને હસ્તપ્રતોમાં રહેલા જીર્ણશીર્ણ જૈન સાહિત્યની ચિંતા કરી તેને ગ્રંથ સ્વરૂપે પ્રકાશિત કરી ભારતીય જૈન સાહિત્યનું જતન, સંવર્ધન અને તેને અમર કરી એક મોટો ઈતિહાસ સજર્યો છે.

મુંબઈ સ્થિત જૈન સાહિત્યના અભ્યાસુ અને યોગ જેવા ભારે વિષય પર મહાનિબંધ લખી વિદ્યાવાચસ્પતિની ઉપાધી હાંસલ કરનારા કચ્છી સર્જક ડૉ. રશ્મિબહેન ભેદાએ પોતાના એક શોધ નિબંધમાં ભીમશી માણેક શાહ અંગે વિગતે વાત કરી છે. ભીમશી માણેક શાહ મૂળ કચ્છના મંજલ (રેલડી) ગામના વતની. ભીમશીભાઈએ તેમની પુસ્તક પ્રકાશનની પ્રવૃત્તિ દ્વારા વર્તમાન જૈન સમાજમાં લોકજાગૃતિ લાવવા અને તેમને જીવનના સાચા બોધનું દર્શન કરાવવાનું ઉત્તમ કાર્ય કર્યું છે. જો કે, તેની નોંધ જેટલી લેવાવી જોઈએ તેટલી લેવાઈ નથી.

**એક સમયે જૈન સાહિત્ય તો માત્ર તાડપત્ર પર જ લખાય, પુસ્તક છપાવવામાં જ્ઞાનની આશાતના થાય એ જાતનો વિચાર જૈન સાધુ અને શ્રાવકોમાં પ્રવર્તતો હતો.** એવા સમયમાં જૈન સાહિત્યને ગ્રંથરૂપે છપાવવાની પહેલ કરી મોટું સાહસ ભીમશીભાઈએ કર્યું હતું. ઓગણીસમી સદીના અંતમાં મુદ્રણકળાનો આરંભ થયો અને વીસમી સદીમાં તો તેનો પ્રસાર અને ફેલાવો વ્યાપક પ્રમાણમાં થયો હતો. આ કળાની મદદથી કચ્છી ઓસવાળ સમાજના ભીમશીભાઈએ તાડપત્રો અને હસ્તપ્રતોમાં ધરબાયેલા રહેલાં જૈન સાહિત્યને ઉજાગર કરવાનું બીડું ઝડપ્યું. જેનું ગૌરવ જૈન સમાજને તો હોય જ, કચ્છ પણ લઈ શકે છે.

સામાન્ય રીતે લક્ષ્મીના ઉપાસક મનાતા જૈન સમાજે કેટલાય સરસ્વતીના ઉપાસકો પણ આપ્યા છે. આજના નાયક ભીમશી માણેક એ પૈકીના છે. એમણે જૈન સાહિત્યના જતન, સંવર્ધન, પ્રસાર અને ઉત્થાનમાં આપેલાં અમૂલ્ય યોગદાન બદલ જૈન સમાજે તેમને 'જૈન શ્રુત પ્રસારક' તરીકે નવાજ્યા પણ છે. તેઓ માત્ર જૈન પ્રકાશક જ નહોતા પરંતુ વિવિધ શાસ્ત્રોના સારા અભ્યાસુ અને જ્ઞાનપીપાસુ પણ હતા. જૈન સાહિત્યને જાળવવાના અને પ્રસારના ઉમદા ધ્યેયને વરેલા ભીમશીભાઈએ કરેલા કાર્યો પર આછેરી નજર નાખવાથી આપણને ખ્યાલ આવે છે કે, ભારતીય જૈન સાહિત્યના ઈતિહાસમાં એક કચ્છી જૈન સારસ્વતનું કેટલું મુઠ્ઠી ઉંચેરું યોગદાન છે.

અનેક કારણોસર જૈન શ્રુતનો બહુ મોટો ભાગ નાશ પામ્યો છે. પરંતુ જે કાંઈ બચી ગયું છે, બચાવી શકાયું છે તેનું કારણ ભીમશીભાઈ જેવા જૈનોની શ્રુતભક્તિ જ છે.

ભીમશીભાઈના પોતાના આ કાર્યની એક પ્રસ્તાવનામાં લખ્યું છે કે, જૈન સમાજના અનેક આચાર્યો અને વિદ્વાનોએ અનેક ધર્મગ્રંથો લખ્યા પરંતુ વિધર્મીઓના શાસનકાળ દરમ્યાન તેમાંનું ઘણું નાશ પામ્યું. આ ઉપરાંત એ સમયે તેને જાળવી શકવાની આપણી બેદરકારી પણ એટલી જ જવાબદાર છે. આચાર્ય હરિભદ્રસૂરિએ ૧૪૪૪ ગ્રંથોની રચના કરી તેમજ હેમચંદ્રાચાર્યે સાડા ત્રણ કરોડ શ્લોક રચ્યા તેમાંનું બહુ થોડું જ સાચવી શકાયું છે. મહાસાગરમાંથી એક બિંદુ સમાજ સાહિત્ય જ આપણે બચાવી શકયા છીએ. પરંતુ જે કાંઈ બચ્યું છે તેને સાચવવા અને તેનો સદુપયોગ થાય, સામાન્ય માનવી સમજી શકે એવા અર્થ સાથે તેને છપાવી પ્રસિદ્ધ કરવા જરૂરી જણાતાં પ્રચંડ પુરૂષાર્થ કર્યો. એ સમયે પ્રચલિત મૃત્યુ પાછળના કારજના જમણવારમાં કરાતો લક્ષ્મીનો વ્યય અટકાવી તેનો સદુપયોગ કરવા લોકોને સમજાવ્યા. ધર્મગ્રંથોનું અધ્યયન કરવા તથા યોગ્ય ગ્રંથોનું વાંચન કરી વિશાળ માનવ સમાજ પણ તેનો લાભ મેળવે એવી ભાવના જાગૃત કરવા ખાસી મહેનત કરી.

એમનો આ પ્રયાસ સફળ થયો અને કચ્છી દશા ઓસવાળ સમાજના કેટલાય દાતાઓ એમની આ સદ્‌પ્રવૃત્તિમાં મદદરૂપ થવા આગળ આવ્યા.

એમના સમયમાં છાપખાનાનું આગમન હજુ નવું જ હતું. જેનું મહત્ત્વ ભીમશીભાઈ સમજી શકયા હતા. ગુજરાતની મુદ્રણકળાની સ્થાપનાનું વર્ષ સંવત ૧૮૬૮ (ઈ.સ. ૧૮૧૨) છે. એ વર્ષમાં ફરદુજી મર્ઝબાને 'સમાચાર' નામનું છાપખાનું મુંબઈમાં સ્થાપ્યું હતું. આ પછી સંવત ૧૮૭૮ (ઈ.સ. ૧૮૨૨)માં 'મુંબઈ સમાચાર' વર્તમાનપત્ર પણ એ પ્રેસમાંથી જ છાપવામાં આવતું હતું. આ જ વર્ષમાં મુંબઈ સરકાર પણ પોતાનું સરકારી છાપખાનું શરૂ કર્યું હતું.

ભીમશીભાઈએ ઈ.સ. ૧૮૬૫થી ઈ.સ. ૧૮૭૩ સુધી સમગ્ર દેશનું ભ્રમણ કરી જૈન સાહિત્યની અમૂલ્ય હસ્તલિખિત ગ્રંથોની પ્રત મેળવવાનું શરૂ કર્યું અને આ પછી મેળવેલા ગ્રંથોનું શુદ્ધિકરણ કરવાની કપરી કામગીરી કરી, લખાણ ફરી સામાન્ય માનવી પણ સમજી શકે તેવી ગુજરાતી ભાષામાં મૂળ શ્લોકોનું લખાણ તૈયાર કરી શુદ્ધ શાસ્ત્રી લિપિમાં અને મોટા સુવાચ્ય ટાઈપમાં આ ગ્રંથોને છાપવાનું શરૂ કર્યું. કેટલીક વખત આખાય ભારતમાં ફર્યા પછી પણ મૂળ ગ્રંથની એક જ પ્રત મળતી ત્યારે તેની હાથે લખી બીજી પ્રત તૈયાર કરવાની કપરી કામગીરી પણ કરતા. આ કાર્યમાં ખૂબ જ ધન અને સમયનો વ્યય થતો. આમ છતાં પણ આ અમૂલ્ય સાહિત્ય આમજનતા સમજી શકે એવી માત્ર એક લગનથી કામમાં લાગી રહેતા. સંવત ૧૯૩૨માં રત્નાકર ગ્રંથ એક લાખના ખર્ચે ચાર ભાગમાં મુંબઈમાં નિર્ણયસાગર પ્રેસમા છપાવી પ્રસિદ્ધ કર્યો હતો. આ માટેનો ખર્ચ કચ્છી દાનવીર કેશવજી નાયક તથા રાવ બહાદુર લક્ષ્મીપતિએ કર્યો હતો. સંવત ૧૯૩૨થી ૧૯૩૭ના સમયગાળામાં એમણે રત્નાકરના ચારેય ભાગ છપાવીને પ્રસિદ્ધ કર્યા હતા જે સમાજમાં ખૂબ જ આવકાર પામ્યા હતા.

આની સાથો સાથ પાંડવ ચરિત્રનો બાલબોધ સાથે પ્રતિક્રમણસૂત્ર, વિવિધ પૂજા સંગ્રહ, સુયગડાંગ સૂત્ર, સમ્યકત્વમૂલ, બાવ્રતની ટીપ વગેરે ગ્રંથો પણ છાપીને સમાજને આપ્યા હતા. એ સમયના રૂઢીચુસ્ત સમાજના આકરા વિરોધનો સામનો પણ તેમને કરવો પડયો હતો. અનેક દબાણ પણ આવ્યા. આમ છતાં એમણે દ્રઢ બની પોતાનું કાર્ય સંપન્ન કર્યું હતું.

વિવિધગચ્છીય શ્રાવકના દૈવસકાદિકના પાંચેય પ્રતિક્રમણસૂત્ર પણ એમણે સંવત ૧૯૪૫માં છપાવ્યા. પ્રકાશક તરીકે ઉપાડવા પડતા તમામ જોખમ વહોરીને પણ તેમણે પોતાનું કાર્ય અવિરત ચાલુ રાખ્યું હતું.

જૈન સાહિત્યનો એક મહત્ત્વનો પ્રકાર રાસા સાહિત્ય છે. જૈન મહાત્માઓ તથા મહાપુરુષોના જીવનવૃત્તાંત વર્ણવતા આ રાસાઓ પણ તેમણે શોધી શોધીને પ્રકાશિત કર્યા હતા. જે રાસાઓનું વાચન જૈન મુનિઓ આજે પણ પોતાના ચાતુર્માસ દરમિયાન કરે છે. અચલગચ્છની ગુરૂપટ્ટાવીને શોભીને પ્રકાશિત કરવાનું શ્રેય પણ ભીમશીભાઈને જાય છે.

આમ, જ્ઞાનપીપાસુ અને ઉમદા વિચાર ધરાવતા ભીમશી માણેકે એ સમયના રૂઢીચુસ્ત સમાજ સામે એકલા હાથે જૈન સમાજની સેવા કરવાનું ઉત્તમ કાર્ય કરતા કરતાં સંવત ૧૯૪૭ જેઠ વદ ચોથ, ગરૂવારના અવસાન પામ્યા ત્યાં સુધી ઝઝુમતા રહ્યા હતા. એમણે પોતાનું અવસાન થયું ત્યાં સુધી ૩૦૦થી વધારે ગ્રંથોનું પ્રકાશન કરી સમાજની એક ઉત્તમ સેવાનો યજ્ઞ સંપન્ન કર્યો હતા.

*પ્રસિદ્ધ થયા તા. ૩૦-૦૩-૨૦૨૨, બુધવાર.*
*(કચ્છ મિત્ર)*

## રફુ

જિંદગીના લીબાસમાં કેટલાક કાણાં પૂરવાના રહી ગયા,
કોઈક પુરાયા તો કોઈક પૂરવાની આશામાં રહી ગયા.

કેટલાય રંગબેરંગી ધાગા લઈને કરવા બેઠા રફુ,
ક્યારેક કોઈક ધાગા અધવચ્ચે તૂટીને ટૂંકા પડી ગયા.

કેટલાક આપણા અભિમાનમાં કેટલાક ગુસ્સામાં રહી ગયા,
કેટલાક આપણા સ્વાર્થના લીધે ઘાયલ થતાં રહી ગયા.

કેટલાક સંબંધોના બટનો ગાળમાં જતા-જતા અટકી ગયા,
તો કેટલાક બટનો ગાળમાં જઈને ઢીલા થઈ તૂટી ગયા.

સુઈ—ધાગાથી રફુ કરવા બેઠા આંખોમાં નીર સતત વહી રહ્યા,
પ્રેમ, માન, વિશ્વાસ, 'નેહ' જેવા શબ્દો માત્ર નામના રહી ગયા.

*– નેહા શાહ 'નેહ'*

॥ શુભેચ્છા સહ... ॥
ગણેશ ચિક્કી પરિવાર - અમદાવાદ
હ. જયંતીભાઈ નીસર

ટર્નિંગ પોઇન્ટ

# ઉકેલ શોધનાર બનો

સંકલન :
રીતેશ અરવિંદ પોલડિયા

મનુષ્યનું મન મુશ્કેલીઓને બદલે શક્યતાઓ પર વધારે ધ્યાન આપે ત્યારે શ્રેષ્ઠ ઉકેલો મળી રહે છે. વર્તમાન સમયમાં દુનિયામાં જે કંઈ છે તેનો પ્રારંભ એક આઈડિયા સાથે થયો છે અને ત્યાર પછી તે નક્કર વાસ્તવિકતામાં પરિણમે છે. જરા વિચાર કરો, દિવસો સુધી ધમાસાણ યુધ્ધ ચાલતું હોય, ત્યારે પૂરતી ઊંઘ, ખોરાક કે આરામ વિના સતત લડતા રહેતા સૈનિકો શાને આધારે રણમેદાનમાં ટકી રહેતા હશે? આનો ન ગમતો જવાબ છે ઉત્તેજક દ્રવ્યો! આજના આધુનિક યુગમાં આપણને ખબર નથી, પરંતુ ભૂતકાળમાં એવું થતું હતું. આવો જ એક સૈનિક હતો જહોન સ્મિથ પેમ્બર્ટન. પેમ્બર્ટન પોતે એક કેમિસ્ટ હતો અને સધર્ન અમેરિકન આર્મિ સાથે જોડાયેલો હતો. અમેરિકન ગૃહયુધ્ધ જેવા અત્યંત દુષ્કર અને ખુવારીના સમય દરમિયાન તે પોતે મોર્ફિનનો બંધાણી બની ગયો! એક કેમિસ્ટ તરીકે એને બહુ સરળતાથી મોર્ફિન મળી રહેતું એટલે તેનું સેવન વધતું ગયું. બીજી તરફ મોર્ફિન સ્વાસ્થ્ય પર જે હાનિકારક અસર કરે છે એના વિશે પેમ્બર્ટન પૂરો સજાગ હતો. એણે નક્કી કર્યું કે મોર્ફિનનું સેવન અચાનક છોડી દેવાને બદલે એની માત્રા ઘટાડતા જવું. આથી ૧૮૮૦ ના દશક દરમિયાન એણે કોકા વાઈનના જુદા જુદા વર્ઝન્સ ટ્રાય કરવાનું શરૂ કર્યું. આખરે ૧૮૮૫માં એને એક પરફેક્ટ વર્ઝન મળી ગયું જેમાં આલ્કોહોલ પણ મોજુદ હતો. પેમ્બર્ટનને આ પીણું ખૂબ ભાવિ ગયું. જો કે આ વાત આટલેથી અટકવાની નહોતી.

પેમ્બર્ટનને વિચાર આવ્યો કે મારા જેવા કેટલાય બીજા લોકો હશે, જે મોર્ફિન સહિતના વિવિધ નશીલા વ્યસનોથી છુટકારો મેળવવા માગતા હશે. જો પીણાનું વ્યાપારીક ધોરણે ઉત્પાદન કરવામાં આવે તો લોકોને વ્યસન છોડવામાં સરળતા રહે અને આપણને બે પૈસા પણ કમાવા મળે. અહીં એક સમસ્યા હતી. પેમ્બર્ટનના પીણામાં આલ્કોહોલ પણ સામેલ હતું અને ઈ.સ. ૧૮૮૫ની આસપાસ અમેરિકામાં દારૂબંધી અમલી હતી! એટલે આ પીણાના ઉત્પાદન કે વેચાણ માટે કોઈપણ પ્રકારની સરકારી પરવાનગી મળે તેમ નહોતી! પણ પેમ્બર્ટન તો કેમિસ્ટનો જીવ. એણે કેટલાક પ્રયોગો કરીને આલ્કોહોલ વગરનું પીણું વિકસાવી લીધું. **જહોન સ્મિથ પેમ્બર્ટને વિકસાવેલું એ પીણું એટલે 'કોકા કોલા.'** સમય જતાં એને ખ્યાલ આવ્યો કે લોકો માત્ર બંધાણથી છૂટવા માટે જ કોકા કોલા નથી પીતા બલકે કોલાનો ટેસ્ટ પણ એમને ભાવે છે! આ બાબત ખરા અર્થમાં 'ટર્નિંગ પોઈન્ટ' સાબિત થઈ. પેમ્બર્ટને વિચાર્યું કે એને માત્ર દવા તરીકે વેચવાને બદલે વધુ સ્વાદિષ્ટ બનાવીને માર્કેટમાં મૂકવું જોઈએ. **આ માટે એણે કેટલાક મેડિકલને લગતાં દ્રવ્યો દૂર કર્યા. ૧૮૮૮માં જહોન પેમ્બર્ટનનું અવસાન થયું ત્યારે કોકા કોલા એક સુગર બેઈઝ્ડ રીફ્રેશમેન્ટ ડ્રિંક તરીકે માર્કેટમાં સ્થાપિત થઈ ગયું હતું. ૧૯૧૯માં એટલાન્ટાના બેંકર અર્નેસ્ટ વુડરફ અને અન્ય રોકાણકારોએ કોકા કોલા કંપનીને ખરીદી લીધી એન્ડ રેસ્ટ ઈઝ હિસ્ટ્રી!**

**લગભગ ૭૦ વર્ષો સુધી કંપની પાસે એક જ બ્રાન્ડ અને એક જ પ્રોડક્ટ હતી – કોકા કોલા. પાછળથી કંપનીએ ડાઇવર્સિફીકેશનની નીતિ અપનાવી. સહુથી પહેલાં આવ્યું ફેન્ટા, પછી સ્પ્રાઈટ, પછી ટેબ અને ફ્રેસ્કા.** અહીં સહુથી મહત્ત્વની વાત એ છે કે કોકા કોલા કંપની નવી પ્રોડ્કટ્સ તો બજારમાં લાવી રહી હતી, પરંતુ તેણે પોતાની મૂળ બ્રાન્ડ સાથે કોઈ અખતરા નહોતા કર્યા અને તમામ નવી પ્રોડક્ટ્સ માટે નવાં નામો રાખ્યા હતા. **આજે કોકા કોલા કંપનીના પોર્ટફોલીયોમાં ૨૦૦થી અધિક બ્રાન્ડ્સ છે. આ વિશ્વની સૌથી મોટી કોલ્ડ્રિંક કંપની છે. વિશ્વના ૨૦૦થી વધારે દેશોમાં તેના લગભગ દોઢ કરોડ રીટેલ આઉટલેટ્સ છે,** આજે કોકા કોલામાં અગાઉની જેમ કોકેઈન ઉમેરવામાં નથી આવતું. તેમ છતાં કોક – પેપ્સી જેવા સુગર બેઈઝ્ડ રીફ્રેશમેન્ટ ડ્રિન્ક્સને સાવ નિર્દોષ તો ન જ ગણી શકાય.

વહાલા મિત્રો, તમારા સમયનો ૯૦ ટકા ભાગ ઉકેલ પર અને ફક્ત ૧૦ ટકા ભાગ સમસ્યાઓ પર કેન્દ્રિત કરો. જેમ IMPOSSIBLE શબ્દમાં જ POSSIBLE સમાયેલું છે તેમ માનવ મનની વિશાળતા અને તેની અપાર શક્તિઓ દરેક સમસ્યા ઉકેલવા સક્ષમ છે. જહોન પેમ્બર્ટનની માફક સફળ થનાર વ્યક્તિ દેખીતી રીતે કોઈ આઈડિયાને સીધેસીધો ફગાવી દેતી નથી પરંતુ તેમાં રહેલી સંભાવનાઓને ચકાસી તે અંગે ઉંડાણપૂર્વક વિચાર કરીને તેને વાસ્તવિક્તામાં પલટાવી નાખવા મથામણ કરે છે.

*ગાલા ભણસાલી, 'દેવાંશ'*
*૧૩૩, દાદા સાહેબ ફાલકે રોડ, રણજિત સ્ટુડિયો પાસે,*
*દાદર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૧૪.*
*ફોન : (૦૨૨) ૪૦૪૯ ૭૦૦૦, ૨૪૧૫ ૭૦૦૦*

વિવિધતા

# જીવન વૈભવ સમજાવતા પ્રશ્નો : લેખાંક-૬

દૃષ્ટિ મહેતા
ચેશા મહેતા

***પ્રશ્ન* : યોગ્ય જીવનસાથીની પસંદગી કરવા માટે કઈ કઈ બાબતો ધ્યાનમાં લેવી જોઈએ?**

**જવાબ** : શું તમે કશું શોધી રહ્યા છો? એવું કશું તો નથી કે કોઈ અજાણ્યો ચહેરો સ્વપ્નમાં દેખાતો હોય, જે દરેક રાત્રે તમને પડખાં બદલવા માટે લાચાર કરી દેતો હોય! કારણકે લગ્ન વિશે જાતજાતનાં અને ભાતભાતનાં જોક, રમૂજો, કહેવતો, સૂત્રો આપણને વાંચવા અને સાંભળવા મળે છે. 'લગ્ન એ લાકડાંના લાડુ છે, જે ખાય તે પણ પસ્તાય અને જે ન ખાય, તે પણ પસ્તાય.' એવું કુંવારાઓ અને પરણેલાઓ સુદ્ધાઓ પણ કહે છે. લગભગ દરેક વ્યક્તિનાં જીવનમાં 'લગ્ન' નામનો સુંદર, આકર્ષક અને છતાં ભયંકર પ્રસંગ આવે જ છે અને દરેકને લગ્ન કરવા માટે જરૂર છે, એક જીવનસાથીની. આ જીવનસાથીની પસંદગી કઈ રીતે કરવી એ વિકટ પ્રશ્ન દરેક લગ્નોત્સુક વ્યક્તિને એકવાર તો શ્રી બાજપેયીજીના રીસાયેલા ઘુંટણની જેમ સતાવે જ છે. આના માટે પદ્ધતિસરના કોઈ કોચિંગ ક્લાસ કે ગાઈડ હાલમાં ઉપલબ્ધ નથી. આથી યુવાનો મનમાં ને મનમાં મુંઝાયા કરે છે.

ત્યારે શોધ એવા જીવનસાથીની કરવી કે જેના થકી તમારા ચહેરાનું તેજ ચાંદનીની જેમ ચમકે, તારા જેવું ટમટમે, જીવનનું અધૂરાપણું, કંટાળો કે બીજી ઉણપો અને જરૂરિયાતો પૂરી કરી દે. જીવનસાથી / લગ્ન કરવા માટે પાર્ટનર શોધવાનું કામ એ કોઈ સ્ક્રબલ ગેમમાં શબ્દ બનાવવાથી ઓછું મુશ્કેલ નથી. આથી, યોગ્ય જીવનસાથીની પસંદગી, એ યુવાનોને દ્વિધામાં મૂકી દે છે.

પોતાની ઈચ્છાઓને અનુરૂપ પોતાના જેવો જ જીવનસાથી દરેક વ્યક્તિ ઈચ્છે છે. પરંતુ તેઓ પોતાની આવડત અને સ્ટેટસથી વધારે લેવલનો જીવનસાથી મેળવવાની ઈચ્છા ધરાવે છે. મધ્યમવર્ગની વ્યક્તિ ઊંચા, ધનવાન કુટુંબની છોકરી કે છોકરો ઈચ્છશે. જો પૈસાદાર વર્ગની વ્યક્તિ હશે તો પોતાનાથી ઊંચો સંબંધ ઈચ્છશે, કારણકે તેઓને સમાજમાં પોતાનું સ્ટેટસ દેખાડવાનું હોય છે.

**૧.** યોગ્ય જીવનસાથીની પસંદગી સમયે તેની શારીરિક આકર્ષકતાં કરતાં આકર્ષક વ્યક્તિત્વ તરફ ધ્યાન દોરો.

કારણકે શારીરિક આકર્ષકતા, એ તમને થોડાંક વર્ષો સુધી જ સંબંધ જાળવી આપશે પરંતુ જ્યારે શરીરની સુંદરતા પીગળી જશે ત્યારે સંબંધમાં કંકાસ શરૂ થશે. જ્યારે, વ્યક્તિનું વ્યક્તિત્વ જ આકર્ષક હશે, ત્યારે તે તમારા પરિવારમાં, મિત્ર વર્તુળમાં, પ્રોફેશનલ જીવનમાં, રોજિંદા જીવનમાં તમારી સાથે ખભાથી ખભો / કદમથી કદમ મિલાવીને ચાલશે. જે તમને ખરા ગૌરવની અનુભૂતિ કરાવશે અને તમારો સંબંધ પણ સુંદર રીતે જળવાશે.

**૨.** અત્યંત પૈસાવાળું પાત્ર શોધવાના સ્થાને તમારી રોજિંદી જરૂરિયાતો પૂર્ણ થાય અને તમારું સન્માન જળવાય તેવો જીવનસાથી પસંદ કરો.

ખૂબ જ પૈસાવાળું જીવનસાથી શોધવા જશો તો કદાચ ગુણો તરફ ધ્યાન ઓછું જશે. પછી તમે હરવા-ફરવાનું આદિ મોજશોખ જરૂરથી માણી શકશો. પરંતુ, 'ધરતીનો છેડો ઘર' પરત ફરશો ત્યારે જો આત્મિક સંતોષ પ્રાપ્ત નહીં થાય, તો ત્યારે પૈસાનું કોઈ મહત્ત્વ જ નહીં રહે. કારણકે તમે જો ખૂબ જ ધનિકના દીકરી છો અને પતિની આવક તમારા ખર્ચા પ્રમાણે નહીં હોય તો સંબંધ જાળવવાનું મુશ્કેલ થઈ જશે. તેવી જ રીતે પતિની આવક ખૂબ જ વધારે હશે, દીકરી સામાન્ય ઘરની હશે, નોકરી કરતી હશે તો તેની થનાર સામાન્ય આવકની કિંમત નહીં રહે અને તેનું સન્માન પણ નહીં જળવાય. આથી સંબંધ પોતાની પછેડી પ્રમાણે જ બાંધવા, જેથી સુખરૂપ સંસારને ચલાવવામાં કોઈ તકલીફ નહીં પડે.

**3.** જે ગુણ તમે તમારા ભાવિ જીવનસાથીમાં શોધી રહ્યાં છો તે તમારામાં પણ છે કે નહીં તે તપાસી લો.

જો તમે શાંત વ્યક્તિત્વ તપાસી રહ્યા છો, તો પોતે પણ તેવા જ શાંત અને સહનશીલ છો કે નહીં, તેની ખાસ તકેદારી લેવી. કારણકે "मैं तो अपनी फेवरीट हूं । अपना फेवरीट हूं ॥" સૂત્રાનુસાર હું મારામાં સુધારો નહીં લાવું તેવી વિચારધારા હોય, તો પછી તળાવના શાંત પાણીમાં કાંકરા નાંખીને છંછેડો તો શાંત પાણીમાં પણ ખલેલ પહોંચે. આથી પોતે પણ સમાન ગુણના ધારક હોવા જોઈએ.

**૪.** લગ્ન પૂર્વે એકબીજાને સમજવાની તક આપો, ભલે તે માતા-પિતા શોધે કે પછી તમે જાતે જ.

લગ્ન પૂર્વે જો તમે એકબીજાને સમજી શકશો, ઓળખશો, તેવો સમય મળશે તો તમે સામેવાળા પાત્રાનુસાર પોતાનાં સ્વભાવ, લક્ષણોને ઢાળી શકશો. આથી, લગ્ન જીવનમાં એકબીજાને સાનુકૂળ થઈને રહેવામાં આનંદ આવશે.

**૫.** તમારા જીવનસાથીનું ભણતર તમારા સમકક્ષ કે તમારી લાયકાતને સમજે તે પ્રકારનું હોવું જોઈએ, નહીં કે દેખાડો કરવા માટેનું હોવું જોઈએ.

જીવનસાથીની પસંદગીમાં મહત્ત્વપૂર્ણ બાબત છે : અભ્યાસ / ભણતર. પોતે ભલે MABF (મેટ્રીક એપિયર્ડ બટ ફેઈલ) હોય અને અપેક્ષા રાખે C.A., M.B.A., I.A.S. કે M.B.B.S. જીવનસાથીની, જેથી મિત્ર વર્તુળમાં વટ પાડી શકાય, તો તે ભવિષ્યનાં સંબંધો જાળવવા માટે જોખમી છે. કારણકે, મત અનુસાર, સમાન / સમકક્ષ અભ્યાસ ધરાવનાર વ્યક્તિનું Intellectual level પણ તમારા સમાન હોવાથી તમે સરળતાથી અનુકૂળ થઈ શકશો. એકબીજાની જવાબદારી, પ્રેસર, ટેન્શનને સરળતાથી સમજી શકશો.

**૬.** જીવનસાથીમાં સંસ્કારીતા હોવી જોઈએ.

આમ તો સંસ્કારનું મહત્ત્વ, વાળમાં તેલ નાખવા જેવું છે (રાત્રે નાંખીને સવારે ધોઈ નાખવાના). પરંતુ સંસ્કારી જીવનસાથી હશે તો તમારું ભવિષ્ય સલામત રહેશે. તમારા સારા ભવિષ્ય અને સંતાનોનાં સારાં જીવન ઘડતર માટે જીવનસાથીમાં સંસ્કારીતા હોવી અત્યંત જરૂરી છે.

**૭.** એવી વ્યક્તિ શોધો કે જે આઇસબર્ગ બની શકે, તમારી સાથે ડાઈવ લે અને તમારી સાથે સપાટી પર આવે. અર્થાત્, તમારા દરેક સુખ-દુઃખ, સારા-નરસા પ્રસંગોમાં તમારી સાથે રહે.

**૮.** જીવનસાથી તરીકે એવી વ્યક્તિ પસંદ કરો કે જે આર્થિક અને ભાવનાત્મક રીતે સ્થિર હોય.

**૯.** એવી વ્યક્તિ પસંદ કરો કે જે તેની જિંદગીમાં પહેલેથી જ ખુશ છે. આથી તેને ખુશ કરવા તમારે વધારે મહેનત નહીં કરવી પડે.

**૧૦.** વ્યક્તિ એવી પસંદ કરો કે જે તમારા વિચારો, ભાવનાઓ અને દૃષ્ટિકોણને સમજે અને તમારા વાસ્તવિક મિત્ર બનીને રહે. જે તમારા અધૂરા સ્વપ્નાઓને પૂર્ણ કરવા માટે મદદ કરે.

**૧૧.** જીવનસાથી તરીકે એવી વ્યક્તિ પસંદ કરો કે જેના પારિવારીક રીત-રિવાજો, રહેણીકરણી, આહાર પસંદગી તમારે અનુકૂળ હોય.

આવી તો બીજી અનેક બાબતોને જીવનસાથીની પસંદગીની બાબતમાં ધ્યાન રાખી શકાય તેમ છે. પણ ઉપર્યુક્ત બાબતો માત્રનું પણ જો ધ્યાન રાખવામાં આવે તો ઉત્તમ જીવનસાથી શોધી શકાય. ઉપરનાં ગુણો પ્રાપ્ત થતા હોય તો "પ્રૌઢ / પ્રૌઢા" કે "બીજ / બીજવર"થી પણ કામ ચલાવી લેવું પડે. કારણકે સર્વગુણ સંપન્ન અને વેલસેટલ્ડ જીવનસાથી આજકાલ 'રાજકારણમાં પ્રામાણિક માણસ' શોધવા જેવું અઘરું બની ગયું છે.

***જીવનસાથી એવો પસંદ કરવો કે જે કહે –***

*"જીવનપથ પર, આપના હમસફર બની,*
*હરકદમ તારી સાથે ચાલીશ હું.*

*સંસારના તડકા મહીં, જ્યાં છાંવ ઝંખીશ તું,*
*ઘટાદાર વૃક્ષ બની, ત્યાં ત્યાં ઉગીશ હું.*

*ઘોર અંધકારમાં, પ્રકાશનું એક કિરણ જ્યાં શોધીશ તું,*
*તારા અંતરના આવળમાં બની દીપ પ્રગટીશ હું.*

*સુખમાં ભલે સાથ ન દઉં, તુજ વેદનાની આગ,*
*વ્હાલપની વાદળી બનીને ઠારીશ હું,*

*સ્મિતને રાખજે સલામત, અન્યને કાજ તું,*
*વ્રણ દુઝાયેલા તારા, અશ્રુના ધાગે સીવીશ હું.*

***– કુંતલ શાહ***

- **ધબકાર :**

બંગલામાં રહેતા બગલા કરતાં, ઝુંપડામાં રહેતા હંસલા સાથે રહેવું વધુ સારું.

***૨૦૪, કળશ (સી.એન.) કો.ઓ. હાઉ. સોસાયટી,***
***સી. એન. વિદ્યાલય ગેટ નં.-૧ની સામે,***
***આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૦૬. સંપર્ક : ૯૯૭૪૩ ૭૯૮૫૮***



તંદુરસ્તી

## ડાબેરી હોવું એ બીમારી નથી
# વૈશ્વિક જાગતિક "ડાબોડી" દિવસ : ૧૩ ઓગસ્ટ

ડૉ. મણિલાલ ગડા
(સિનિયર મનોચિકિત્સક)
ડૉ. દીપ્તિ શાહ (ગડા)
(મનોચિકિત્સક તથા બાળ મનોચિકિત્સક)

**જાગતિક ડાબેરી દિવસ : ૧૩ ઓગસ્ટ**

વૈશ્વિક જાગતિક 'ડાબેરી દિવસ' દર વર્ષે ૧૩ ઓગસ્ટના ઉજવાય છે.

ડાબેરી વ્યક્તિઓ વિશેષ હોય છે. તેઓ જમણેરી વ્યક્તિઓથી અલગ નથી હોતા. જમણેરી વ્યક્તિ જમણો હાથ તથા જમણી બાજુ વાપરે છે, જ્યારે ડાબેરી વ્યક્તિઓ ડાબો હાથ તથા ડાબી બાજુ વધારે વાપરે છે.

આ દિવસ ડાબોડી લોકો શું પરિસ્થિતિનો સામનો કરે છે તથા કેવી રીતે સામનો કરે છે એ સમજવા માટેનો છે. સમાજમાં એમને પણ યોગ્ય સ્થાન મળે.

- **ડાબોડી શા માટે?**

ડાબું મગજ જમણા શરીરને કાર્યરત કરે છે તથા કંટ્રોલ કરે છે. તેવી જ રીતે જમણું મગજ ડાબા શરીરને કાર્યરત કરે છે તેમજ કંટ્રોલ કરે છે.

ડાબોડી વ્યક્તિના શરીરમાં જમણું મગજ વધારે શક્તિશાળી હોય છે અને શરીરના ડાબા ભાગને કંટ્રોલ કરે છે. આ એક વારસાગત છે. માણસના જીન્સ પ્રમાણે કયું મગજ વધારે શક્તિશાળી થશે એ નક્કી થાય છે.

વ્યક્તિ ડાબેરી થશે કે જમણેરી થશે એ આ વારસાગત જીન્સ પર આધાર રાખે છે. વ્યક્તિના હાથની આ વાત નથી. આ માટે વ્યક્તિ પોતે જવાબદાર નથી. એટલે એ વ્યક્તિને દોષિત માનવી આપણી ભૂલ છે.

- **નામાંકિત ડાબેરી વ્યક્તિઓ :**

નીચેની જાણીતી નામાંકિત વ્યક્તિઓ ડાબેરીઓ છે એ જાણીને વાચકોને આશ્ચર્ય થશે. અલગ અલગ ક્ષેત્રની આ નામાંકિત વ્યક્તિઓ છે : (૧) સચીન તેંડુલકર (સ્પોર્ટ), (૨) બીલ ગેટ્સ (ઉદ્યોગપતિ), (૩) બેરેક ઓબામા (રાજકારણ), (૪) મેડમ મેરી ક્યુરી (વૈજ્ઞાનિક), (૫) આલ્બર્ટ આઈન્સ્ટાઈન (વૈજ્ઞાનિક), (૬) લેડી ગાગા (સંગીત), (૭) લીઓનાર્ડો વિન્સી (કલા), (૮) સૌરવ ગાંગુલી (ક્રિકેટ), (૯) બીલ ક્લિન્ટન (અમેરિકન પ્રેસિડેન્ટ).

- **ઇતિહાસ (History) :**

ડીન કેમ્બલ નામના અમેરિકને ૧૯૯૦માં ડાબોડી વ્યક્તિઓના એક મંડળની સ્થાપના કરી. આ મંડળ ડાબેરીઓ માટે કામ કરે છે. દરરોજના ડાબેરીઓના જીવનમાં આવતી સમસ્યાઓ વિશે ડાબેરી મંડળ કાર્યરત છે.

કેમ્બલ પોતે ડાબોડી છે. આ મંડળની સ્થાપના ૧૩ ઓગસ્ટ, ૧૯૯૦ના રોજ થઈ તથા બે વર્ષ બાદ જાગતિક ડાબેરી દિવસ આ દિવસે – ૧૩ ઓગસ્ટના ઉજવવાની શરૂઆત થઈ.

જાગતિક ડાબોડી દિવસ ઉજવવાનો મુખ્ય હેતુ છે કે સમાજમાં ડાબોડીઓ વિશે જાણકારી પ્રાપ્ત થાય. લોકો ડાબોડીઓને સમદૃષ્ટિથી જુએ. ડાબોડીઓ પ્રત્યે નકારાત્મક વલણ ન અપનાવે.

- **વ્યાપ અને વિસ્તાર :**

ડાબોડી વ્યક્તિઓ દુનિયાભરમાં છે. સારાય વિશ્વમાં ફેલાયેલા છે. આપણી આસપાસ આપણે જોવાનો પ્રયત્ન કરીશું તો આપણને જરૂરથી આવી વ્યક્તિઓ જોવા મળશે.

**દુનિયામાં ૮૭% લોકો જમણેરી છે પરંતુ ૧૦થી ૧૨% લોકો ડાબોડી છે.**

ડાબોડી વ્યક્તિઓ અન્ય જમણેરી વ્યક્તિઓની જેમ નોર્મલ છે. પ્રત્યેક કાર્ય કરી શકે છે તથા દરેક ક્ષેત્રમાં નામાંકિત વ્યક્તિઓની યાદીમાં ડાબોડી વ્યક્તિઓ છે.

- **ડાબોડી હોવું એ કોઈ બીમારી નથી**

આપણે સૌએ સમજવું અને સ્વીકારવું અગત્યનું છે કે ડાબોડી હોવું એ કોઈ બીમારી નથી. આ એક નોર્મલ બાબત છે, જે વારસામાં મળેલા જીન્સ પર આધારીત છે. તેવી જ રીતે બ્રેઈન - મગજની રચના તથા કાર્યો વારસાગત જીન્સ પર આધારીત છે. ડાબોડી હોવું કે જમોડી હોવું એ પણ વારસાગત જીન્સ પર આધારીત છે.

- **ડાબોડી બાળક તથા યુવાનનો સ્વીકાર :**

નીચે ટુંકાણમાં વર્ણવેલ કેસ સ્ટડી પરથી સમજાશે કે માતા-પિતા, વડીલો, કુટુંબીજનો તથા સમાજે ડાબોડી બાળકોને તથા યુવાનોને મનથી સ્વિકારવાની જરૂરત છે. એમને જમણેરી બનાવવાને બદલે પોતે જાતે બદલી એમનો મનથી સ્વિકાર કરો.

૩૪ વર્ષની મહિલાને ડિપ્રેશનની બીમારી થયેલ.

(અનુસંધાન : જુઓ પાના નં.– ૨૧ ઉપર)

તંદુરસ્તી

## Fissure એટલે કે વાઢિયા અથવા ચીરા... શું છે? શું ધ્યાન રાખશો?

ડૉ. તપન શાહ

અસહ્ય દુ:ખાવો થવો, લોહી પડવું, કબજિયાત રહેવી કે ઝાડો આવવામાં તકલીફ પડવી જેવા લક્ષણો જોવા મળે તો Fissure કે વાઢિયા થયા હોય તેવું કહી શકાય.

જે પ્રમાણે મોઢામાં કંઈ વાગે કે ઘસાય તો છાલા અથવા ચાંદી પડે છે એમ જ જો કબજિયાતના કારણે જોર કરવું પડે અને ત્યાં ચાંદી - વાઢિયા પડે તો તેને fissure કહેવામાં આવે છે. એ fissureના કારણે ત્યાં એક નાનું ચામડી જેવું અથવા મસા જેવું બહાર આવે છે જે actualમાં મસા નથી પરંતુ વાઢિયાના રક્ષણ માટે કુદરતી ચામડી છે જેને sentinel pile કહેવામાં આવે છે.

Fissureના કારણે ત્યાંનું જે સ્નાયુ છે એ સંકોચાયેલું રહે છે. જેથી કબજિયાતની તકલીફ વધુ રહે છે અને નાની જગ્યામાંથી ઝાડો પસાર થવાથી વધુ ઘસાય છે અને ચીરો વધુ ઊંડો થાય છે. જેનાથી કલાકો સુધી અસહ્ય દુ:ખાવો તથા બળતરા થાય છે. બેસવાથી કઈક ખૂંચતું હોય તેમ લાગે છે.

સર્જન ડૉક્ટર તપાસ કરીને નિદાન કરે છે કે fissure છે કે મસા છે. નિદાન બાદ અમુક દર્દીઓમાં endoscopyની જરૂર પડે છે કારણકે fissure એ બહાર દેખાતું લક્ષણ હોઈ અંદર ક્યાંક ગાંઠ હોવાની શક્યતા તપાસવી જરૂરી બને છે.

નિદાન થયા બાદ ઘણા દર્દીઓમાં દવાથી fissure મટી શકે છે. દુખાવાની દવાથી સોજો ઓછો થાય અને કબજિયાત માટેની દવાથી ઝાડો ઘસાઈને ના આવે. જેથી ચીરાને રૂઝાવા માટે સમય મળે છે. પરંતુ અમુક સમય સુધી દવાથી ફરક ના પડે અને દર્દીથી સહન ના થઈ શકે તો ઓપરેશનની જરૂર પડી શકે છે. ઓપરેશનમાં fissureને કાઢવું, સ્નાયુને પહોળા કરવા અથવા સ્નાયુના અમુક fibres (રેશા) ને કાપવામાં (sphincterotomy) આવે છે જેથી તે relax થઈ જાય. દુખાવામાં રાહત થાય અને fissure heal થાય.

ઘણા લોકોને અમુક સવાલ હોય છે કે ‘એકવાર ઓપરેશન કરાવ્યા પછી ફરી થઈ શકે?’ તેના જવાબમાં એમ કહી શકાય કે જો તમે ધ્યાન રાખો તો ના. કબજિયાત અને fissure એ બંને વચ્ચે એક સાઈકલ છે. કબજિયાત થાય તો fissure થાય અને fissure થાય તો કબજિયાત! આ સાઈકલ જો break કરીએ તો ફરી થતું નથી. તો ‘લાઈફ સ્ટાઈલ’માં ફેરફાર કરવાથી આ પ્રક્રિયા થઈ શકે છે જેમ કે,

૧. લીલાં શાકભાજી વધુ ખાવા.
૨. તેલ મસાલાવાળું ઓછું ખાવું.
૩. બેકરી items ઓછી ખાવી.
૪. પાણી વધારે પીવું.
૫. નિયમિત વ્યાયામ (exercise) કરવો. ■

## વિશ્વ જાગતિક ‘ડાબોડી દિવસ’

(અનુસંધાન : પાના નં. – ૨૦ ઉપરથી ચાલુ)

સારવાર શરૂ કરી. યોગ્ય રીસ્પોન્સ મળ્યો. ડિપ્રેશનની બીમારી કાબૂમાં આવી. એ મહિલા નોર્મલ થઈ.

કાઉન્સેલિંગના એક સેશનમાં મહિલાએ જણાવ્યું કે એને એની પાંચ વર્ષની દીકરીની ચિંતા થાય છે. એ દીકરી બધું જ કામ ડાબા હાથે કરે છે. જમવાનું, લખવાનું, રમવાનું વગેરે. અમે ઘરમાં બહુ પ્રયત્ન કર્યો એને બદલવાનો પરંતુ પરિણામ શૂન્ય છે. મને એના ભવિષ્યની ખૂબ ચિંતા રહે છે.

કાઉન્સેલિંગ દરમિયાન મહિલાને ડાબોડી હોવાની વૈજ્ઞાનિક માહિતી આપી. બાળકીને બદલવાને બદલે ઘરની વ્યક્તિઓએ વિચાર / વલણ બદલવાની જરૂરત પર ભાર આપ્યો. દુનિયાની નામાંકિત ડાબોડી વ્યક્તિઓ વિશે જાણકારી આપી. કુટુંબના અન્ય સદસ્યોને બોલાવી, આ બાબતે ચર્ચા કરી. સૌને સમજાયું તથા વલણ બદલવાની કોશિશ કરી.

બે વર્ષ બાદ એક કાર્યક્રમમાં મહિલા મળી ત્યારે એણે અમારો ખૂબ આભાર માન્યો. મહિલાએ જણાવ્યું કે અમે બધાએ વલણ બદલાવી, ડાબેરી બાજુ સ્વિકારી. આજે એ ડાબા હાથેથી સુંદર લખે છે. એના ટીચર એના લખાણની પ્રશંસા કરે છે.

- **સારાંશ :**

૧. ડાબેરી હોવું એ એક નોર્મલ બાબત છે.
૨. ડાબેરી હોવું એ બીમારી નથી.
૩. ડાબેરી બાળકને બદલી જમણેરી બનાવવાની કોશિશ બિલકુલ ન કરશો.
૪. જમણેરી બદલવાની કોશિશ કરવાથી મગજ - બ્રેઈનના વિકાસમાં બાધા પડે છે.
૫. ડાબેરી બાળક મોટો થઈને જમણેરી વ્યક્તિ પ્રમાણે જીવન જીવી શકે છે. ■

તંદુરસ્તી

# શું તમે વિચારવાયુના શિકાર છો?

ડૉ. હર્ષિલ શાહ

ઘણીવાર જ્યારે દર્દીઓ અમારી પાસે આવે છે, ત્યારે તેઓ 'મને વિચારવાયુ થાય છે' કહીને વધુ પડતી વિચારવાની કરિયાદ કરે છે. હવે વિચારવું, એ માનવ મનનું સામાન્ય કાર્ય છે. પરંતુ જ્યારે મન ખૂબ દોડવા લાગે છે ત્યારે વ્યક્તિને વારંવાર લાગે છે કે તે વિચારવાયુમાં અટવાઈ ગયા છે.

ઘણી વાર લોકો એવુ બી કહેતા હોય છે કે, 'વિચારો ટ્રેનની જેમ સતત ફર્યા કરે છે.'

તો શું આ સામાન્ય છે? જો વિચારો એક હદ સુધી આવે તો તે કોઈ તકલીફ ધરાવતું નથી. પણ જ્યારે વિચારવાયુ થાય તો તેના ઘણા કારણો હોઈ શકે છે.

વિચારવાયુ અલગ અલગ પ્રકારના હોઈ શકે છે જેમ કે :-

૧. **રૂમિનેશન (Rumination) :**
ભૂતકાળની ઘટનાઓ વિશે વધુ પડતું વિચારવું એ 'રૂમિનેશન' કહેવાય છે. ખાસ કરીને નકારાત્મક વિચારસરણી.

૨. **એન્ટીસિપેશન (Anticipation) :-**
આવનારી ભવિષ્યની ઘટનાઓ વિશે વધુ પડતું વિચારવું અને ચિંતા કરવી. જેમ કે આગામી પરીક્ષા, ભવિષ્યમાં લોકો વચ્ચે સ્પીચ આપવી. કોઈ જોબ માટેના ઈન્ટરવ્યુ માટે રાહ જોતા જોતા ચિંતા અને વિચારવાયુ કરવું તેને 'એન્ટીસિપેશન' કહેવાય છે.

૩. **વળગાડ (Obsession) :**
એકના એક વિચારો વારંવાર આવવા, જે પોતાના નિયંત્રણમાં ના રહે અને વિચારો ઓછા કરવા માટે કંઈક ને કંઈક 'કાર્ય' કરવા પડે તેને વળગાડ કેહવાય.

આ ઉપરાંત, ઓવર થીન્કિંગના અન્ય પણ વિવિધ પ્રકારો છે, જેના વિશે આપણે આગામી લેખોમા શીખતા રહીશું. આ ઓવર થીન્કિંગમાંથી બહાર આવવા માટે વિવિધ પ્રકારની ટીપ્સ પણ આગળના લેખો મા શીખતા રહીશું.

*ડૉ. હર્ષિલ શાહ, MD Psychiatrist*
*મનોચિકિત્સક, નશામુક્તિ નિષ્ણાત અને સેક્સોલોજિસ્ટ*

## JAUNDICE – કમળો

**(અનુસંધાન : પાના નં. – ૨૩ ઉપરથી ચાલુ)**

★ ઉલટી ઉબકા બંધ કરવા ખોરાક સંપૂર્ણ બંધ કરવાથી તથા ગ્લુકોઝ કોઈપણ રીતે શરીરમાં જાય તે હિતાવહ બને છે.

★ ઉબકા ઉલટી માટે Vomkind MD મોઢામાં ચૂસવા માટે.

★ જો PT વધારે હોય તો Vit K 1 amp I.V. આપવું જરૂરી બને છે.

★ આ પ્રકારના દર્દીને ઉલટીઓ ચાલુ રહે તો હોસ્પિટલમાં દાખલ કરવા પડે છે.

સામાન્ય રીતે Hepatitis-A ૪ થી ૬ અઠવાડિયામાં રીપોર્ટ નોર્મલ થઈ જાય છે.

***નોંધ :*** અજાણી દવાઓ લેવાથી લીવરને વધુ નુકસાન થાય છે.

● **અસામાન્ય કમળાના કારણો :**

જેવા કે ઝેરી કમળો દારૂ પીવાના કારણે થતું લીવરમાં નુકશાન, કેન્સર કે પથરીના કારણે બાઈલનો પ્રવાહ આંતરડામાં જતો અટકી જાય તો તેની સારવાર આપવી પડે છે. કમળાના દર્દીને સામાન્ય રીતે ભૂખ ઉઘડે ને ઉબકા ઉલટી વધુ થાય તો લીવર નોર્મલ થતું જાય છે તેમ સમજવું. તેની પીળાશ ને પીળો પેશાબ ક્રમશઃ દૂર થાય છે.

● **કમળાના કારણે થતી મુશ્કેલીઓ :**

૧. ઝેરી કમળો લીવરમાં તેના વાઈરસના લોડ ઉપર આધાર રાખે છે. હવે બધા ટેસ્ટ થઈ શકે છે. કમળો લાંબો સમય ચાલે છે, તેમાંથી લીવર બગડવાની શક્યતાઓ વધતાં - કમળામાંથી કમળી થઈ શકે છે.

૨. દારૂના કારણે થતી બીમારી લીવરના કોષોને નાશ કરે છે. ક્રમશઃ Cirrosis of liver થાય છે જેના કારણે પગ ઉપર સોજા, પેટમાં પાણી ભરાવું, લોહીની ઉલટીઓ થવી અને દર્દી કોમામાં પણ જઈ શકે છે.

૩. ઉપરોક્ત Complication બાદ ઘણી વ્યક્તિઓને લીવરનું કેન્સર થાય છે. જેની સારવાર Liver transplantation સુધી પહોંચે છે. જે અમદાવાદની ઘણી હોસ્પિટલોમાં સફળતાપૂર્વક થાય છે.

● **કમળો અટકાવવાના ઉપાયો :**

બધા જ પ્રકારના Hepatitisની હવે રસી તથા દવાઓ મળી રહે છે. જેના પ્રકાર પ્રમાણે ડૉક્ટરનો સંપર્ક કરી શકાય છે. ■

તંદુરસ્તી

# JAUNDICE – કમળો

ડૉ. કમલેશ એન. શાહ

- **કમળો એટલે શું?**

ચામડી પીળી થાય, આંખોની અંદરની ત્વચા પણ પીળી થાય, જ્યારે લોહીમાં બીલીરૂબિન નોર્મલ લેવલ કરતાં વધે ત્યારે કમળો થયો કહેવાય.

- **કમળો શા માટે થાય છે ?**

લીવરના રોગો જેમાં લીવરના કોષો બીલીરૂબિનને પ્રોસેસ ના કરી શકે તો તે લોહીમાં જમા થાય છે - તેના કારણે.

- **કુદરતી ઘટના - કમળાની**

નિયમિત રીતે આપણા લોહીનું એક ઘટક રક્તકણ તૂટી અને નવું બનતું જાય તે દરમિયાન બીલીરૂબિન બને.

- **આ પ્રોસેસ ક્યાં થાય?**

લીવરમાં. ત્યારબાદ લીલા કલરનું બાઈલ બને જે ખોરાકના ડાઈજેશનમાં મદદ કરે. જેનો સ્રાવ નાના આંતરડામાં થાય.

- **પીળો કલર શા માટે ?**

જ્યારે વધારે પડતું બીલીરૂબિન લોહીમાં, લીવરની નાકામિયાબી સમયે આવે ત્યારે ચામડી અને આંખોની સફેદ ત્વચામાં લીક થાય, આથી પીળો રંગ દેખાય.

- **કમળો થવાના કારણો :**

૧. લીવરમાં લોહી જતાં પહેલાં કેટલાક રોગોને લઈને વધારે પડતાં રકતકણો તૂટે, જેમાંથી બીલીરૂબિન નીકળે. જેને લીવર બહાર ન કાઢી શકે. (Pre hepatic)

૨. લીવરના કારણો : લોહી લીવરમાં જાય પછી વધારે પડતા બીલીરૂબિન - લીવરના કારણોને લઈને લોહીમાંથી બહાર ન કાઢી શકે. (hepatic)

૩. લીવર પછીના કારણો (Post hepatic) : લીવર પછી બાઈલ લઈ જતી નળીમાં અવરોધો પેદા થાય ત્યારે ડ્રેનેજ સિસ્ટમ ફેઈલ થવાને લઈને થાય છે.

- **કમળાને કારણે થતા શારીરિક પ્રશ્નો :**

તાવ, ભૂખ જતી રહેવી, પેટમાં દૂંટીની ઉપર દુઃખાવો, ઉલટી-ઉબકા, ઠંડી લાગવી, પીળો પેશાબ થવો. ક્યારેક શરીરમાં ખંજવાળ. આંખો, શરીર પીળું દેખાવું.

- **કમળાના રોગનું નિદાન**

૧. ઉપરના પ્રશ્નો સાથે ડૉક્ટર સાથે વાતચીત

૨. લીવર ઉપરના સોજાના કારણો તપાસવા લોહીના ટેસ્ટ – જેમાં હીપેટાઈટીસ A, હીપેટાઈટીસ B, હીપેટાઈટીસ Cનો સમાવેશ થાય છે.

૩. લીવરના બધા ટેસ્ટ – Liver function test જેમાં SGPT, SGOT, Bilirubin, Direct Indirect PT, Alkaline Phosphatase..

૪. પેશાબમાં Bilesalt, bile salt, Bile Pisment Test.

૫. Ultrasonic of abdomen, બીજા કારણો શોધવા CT Scan of Liver.

૬. કમળાના કોઈ કારણો ન મળે તો Liver Biopsy નો ટેસ્ટ જરૂરી બને છે.

***Hepatitis વિષે – વિશેષ :***

ઉપર જણાવ્યા પ્રમાણે સામાન્ય કમળો Hepatitis A થી થાય છે, જે પાણીજન્ય છે. Hepatitis B માં લોહી કે તેની બનાવટો વ્યક્તિને આપવામાં આવી હોય, આ જ વાઈરસ ધરાવતી વ્યક્તિ દ્વારા શારીરિક સંબંધ થાય કે વાઈરસવાળી સોય બીજી વ્યક્તિને ગ્લુકોઝનો બોટલ ચડાવતા વપરાય ત્યારે થાય છે. Hepatitis C સામાન્ય રીતે આ વાઈરસ ધરાવતું લોહી બીજાને ચઢાવવામાં આવે ત્યારે અથવા ડ્રગના બંધાણીઓ દ્વારા થાય છે.

આમ, જોઈએ તો ત્રણે પ્રકારના Hepatitis અટકાવી શકાય છે.

- **કમળાની સારવાર**

સામાન્ય રીતે જોવામાં આવતો કમળો Hepatitis A છે. જે પાણીજન્ય કે દૂષિત ખોરાક તથા પાણી દ્વારા ફેલાય છે. આ વાઈરસ હોજરીમાંથી લીવરમાં દાખલ થાય છે. આથી હોજરી ઉપર સોજો આવે છે. જેના કારણે વ્યક્તિની ભૂખ જતી રહે છે માટે તેની સારવાર...

★ આ વાઈરસ લીવરમાં દાખલ થયા બાદ લીવરના કાર્યો અટકાવી દે છે માટે તેની સારવાર...

★ Antacid, PPI તથા સહેલાઈથી બાઈલ તેની નળીઓ દ્વારા લોહીમાંથી નીકળે તેની સારવાર આપવી જોઈએ.

**(અનુસંધાન : જુઓ પાના નં. – ૨૨ ઉપર)**

તંદુરસ્તી

# પહેલું સુખ તે જાતે નર્યા

ચૌલા કુરૂવા

શરીર સ્વાસ્થ્યને સૌથી વધુ મહત્ત્વ આપવામાં આવે છે. જો તમે શરીરે સ્વસ્થ છો, તો જ તમે સુખી રહી શકો છો. આ તમે પણ સારી રીતે જાણો છો અને સમજો છો.

તમે પોતે જ વિચારો કે તમે બીમાર છો. અરે જરા પગ દુઃખે કે તાવ આવે તો પણ કંઈ ગમે નહીં અને કંઈ કરવાનું મન ન થાય. કામમાં મન પણ ન લાગે કે કંઈ મજા નથી પડતી તેમ લાગે છે.

તમારી પાસે પૈસા છે, ફરવા જવાનું મન છે, ઘણું કરવું છે પણ કોઈ બીમારી છે કે ડાયાબિટીસ છે. અરે, પગ ને સાંધા દુઃખે છે તો પણ તમે આરામથી હરી ફરી શકતા નથી કે કંઈ કરવાનું મન પણ નથી થતું.

અરે, તમે શાંતિથી ખાઈ-પી પણ નહીં શકો. મોજ મસ્તી તો બાજુએ રહ્યા. કારણ તમારે કોઈ બીમારી છે... કે શરીર સાથ નથી આપતું...

સુખની શરત જ છે કે તમારી તબિયત સારી હોય, શરીર અને આરોગ્ય સારું હોય. કારણ આ વિશ્વને માણવા અને આનંદ પામવા આપણને શરીરનો જ સાથ લેવો પડે છે... જીવન છે શરીરને આભારી... અને શરીર છે, જીવન છે તો જ સુખને મેળવવાનું છે.

તમે કદી સુખી નહીં થઈ શકો, જો શરીર રોગગ્રસ્ત છે તો... શરીરમાં રોગ અને દુઃખાવો સુખને દૂર કરે છે. જો કે મનોબળ મક્કમ હોય અને મન આનંદમાં રાખી શકો તો થોડે ઘણે અંશે આનંદમાં રહી શકાય.

સુખી થવાની પહેલી શરત છે નિરોગી અને સ્વસ્થ શરીર. બસ, આજથી જ મંડી પડો આ અંગે વિચાર કરવા અને નિયમોનું પાલન કરો...

તમારા બાળકોને આ અંગે બાળપણથી જ શીખવવા માંડો. શિક્ષણમાં ખરેખર તો આરોગ્યની બાળપોથી અને ગણિત શીખવવાની જરૂર છે. કમનસીબે આપણી શાળાઓ કે શિક્ષકો આનું જ્ઞાન આપતા નથી. એના બદલે આપણે ઘણા એવા વિષયો શીખીએ છીએ કે જે કંઈ કામના નથી.

ખેર, આમાં પડ્યા વગર આજથી જ સમજી લો કે તમારા તમામ સુખોનો સરવાળો અને બાદબાકી તમારા શરીરથી જ શરૂ થાય છે અને શરીરમાં જ અંત પામે છે. એટલે કે સુખોની મુખ્ય ચાવી શરીર નિરોગી રાખવાની છે.

ખાવા પીવાના ચસકા બહુ હોય તો રોગો પણ વગર આમંત્રણ ઘર ભાળી જાય છે અને પછી એમને કાઢવા બહુ મુશ્કેલ છે.

તમારા પરિવારમાં બાળકો, મોટાઓ અને સૌના આરોગ્યની જાળવણી કરે તેવા આહાર/ખાનપાનનું નિયમ પત્રક અને ટાઈમટેબલ બનાવી રાખો.

શું ખાવું અને શું ન ખાવું તેનો કાળજીપૂર્વક અભ્યાસ કરો અને લીસ્ટ બનાવો. તમારા કુટુંબીજન, સ્વજનને પણ આ માટે વિશ્વાસમાં લેવા જોઈએ.

માત્ર જીભને ગમે તે નહીં, પણ શરીરને ફાવે અને આરોગ્ય સુધારે તેવા ખોરાક લેવાનો જ આગ્રહ રાખો. પરિવારજનોનો પણ સાથ લો અને ન સમજે તો તેમને પણ શાંતિથી સમજાવો. બાળકોને પણ આનું પાલન કરવા સાથે લો. આખરે તો સુખની શરૂઆત શરીરથી થાય અને શરીરને નિરોગી રાખવા ખાનપાન વ્યવસ્થિત બનાવવા એ પ્રથમ શરત છે. પ્રિવેન્શન ઈઝ બેટર ધેન ક્યોર...

પછીથી સારવાર કરવી એથી સારું છે કે પહેલેથી જ સંભાળ લેવી અને સાવધાની રાખવી. ઈશ્વરે બક્ષેલા આ શરીરની સંભાળ લેવી જ પડશે. એ વગર ઈશ્વરે બનાવેલી કે મનુષ્યે બનાવેલી સુખ સંસારની આ દુનિયા ભોગવી નહીં શકાય એ સમજી લો તો સારું છે.

ઝંઝટ અને માયા બધી શરીરની જ છે એમ પણ ઘણીવાર થઈ આવે છે. આખરે કપડાં પહેરવાથી માંડીને ખાવા-પીવા બધામાં અને માણવામાં પણ શરીરનો જ ખ્યાલ કરવો પડે છે.

ભારતીય આયુર્વેદ પદ્ધતિ પણ આનો જ આગ્રહ રાખે છે. ઋતુ પ્રમાણે તમારા આહારનું ટાઈમ ટેબલ બનાવો. ગરમીમાં પાણી વધારે પીવું જોઈએ અને પ્રવાહી વધારે લેવાનો આગ્રહ રાખો. પાણી ઉકાળેલું પીવું હંમેશાં શ્રેષ્ઠ જ છે. પાણી એ શ્રેષ્ઠ આહાર છે. પાણી પૂરતું નહીં પીવાય તો પણ શરીર સારું નહીં રહે.

સવારનો નાસ્તો ભારે લઈ શકાય. બપોરનું ભોજન તેથી હળવું અને સાંજનું ભોજન તો સૌથી લાઈટ... ભોજન રાત્રે વહેલા લેવું અને બને તો ભોજનના દિવસના સમય નિયમિત રાખવા.

આજનું જંકફૂડ અને બહાર ખાવાના વાયરા પુષ્કળ છે. પણ આ બધું આરોગ્ય માટે સારું નથી. તળેલી વાનગીઓ કે મીઠાઈ, જંકફૂડ વગેરે બહુ મર્યાદિત કરવા. અને ૬૦ વર્ષની ઉંમર પછી તો આવા આહારથી લગભગ દૂર જ રહેવું.

યોગા અને કસરત અને પ્રાણાયામ પણ શરીર સારું રાખવા કરવા જરૂરી છે. વહેલા સૂવું અને વહેલા ઉઠવું એ

(અનુસંધાન : જુઓ પાના નં. – ૧૧ ઉપર)

# તીર્થ દર્શન

## તીર્થ દર્શન-૬૦

### શ્રી દિયાણા તીર્થ
### (શ્રી મહાવીર ભગવાન)


Lord Mahavira

ત્રણ બાજુ પહાડોની વચ્ચે વનરાજીથી છલોછલ જંગલમાં આવેલા આ તીર્થનું પ્રાકૃતિક સૌંદર્ય અદ્‌ભુત છે. સરૂપગંજથી ૧૭ કિ.મી. દૂર ગાઢ જંગલમાં ટેકરીઓ વચ્ચે આવેલા દિયાણા તીર્થમાં દર્શનથી દિવ્ય ભાવોની અનુભૂતિ થાય છે. અહીં મૂળનાયક શ્રી મહાવીર ભગવાનની શ્વેત વર્ણની લગભગ ૯૦ સે.મી. ઊંચી પદમાસનસ્થ પ્રતિમા છે. દેવવિમાન જેવા આ ભવ્ય મંદિરમાં શ્રીભગવાન મહાવીર સ્વામી જીવિત સ્વામીના નામથી પ્રસિદ્ધ છે. આ પ્રતિમા અત્યંત ચમત્કારીક છે. આ ભવ્ય મંદિરની ૪૮ દેરીઓ ખાલી છે. બે કાઉસગ્ગિયા મૂર્તિઓ છે. એક પર પાંચ ફેણનું અને બીજા પર સાત ફેણનું છત્ર છે. ૧૫મી સદી પૂર્વે અહીં સારી એવી વસ્તી હોવી જોઈએ. અત્યારે અહીં કોઈ વસ્તી જોવા મળતી નથી. ભગવાનની મૂર્તિ પંચતીર્થના પરિકરવાળી છે. નીચે ધર્મચક્ર અને બે હરણ ઉત્કીર્ણ છે. વિ.સં. ૧૬૮૨નો લેખ અહીં મળે છે.

આ તીર્થની વિશેષતા એ છે કે તે પ્રભુ મહાવીરના સમયનું મનાય છે. નાની મારવાડની પંચતીર્થીમાંનું એક આ તીર્થ ગણાય છે. એમ કહેવાય છે કે ભગવાન મહાવીર અહીં વિચર્યા ત્યારે કાઉસગ્ગ ધ્યાનમાં અત્રે રહ્યા હતા. તેમના મોટા ભાઈ નંદીવર્ધને અહીં બાવન જિનાલય ભવ્ય મંદિરનું નિર્માણ કરાવી આ પ્રતિમા પ્રતિષ્ઠિત કરી હતી. પ્રભુ પ્રતિમાની જે કલા છે તે પણ એની પ્રાચીનતા સિધ્ધ કરે છે. અહીં પ્રાચીન પટ અને ૧૩મી-૧૪મી સદીના લેખો કોતરેલા છે. વિ.સં. ૧૪૩૬ પોષ સુદ ૬ ગુરૂવારના દિવસે અહીં શ્રી પાર્શ્વનાથ ચરિત્ર લખાવ્યાનો ઉલ્લેખ મળે છે.

## તીર્થ દર્શન-૬૧

### શ્રી લોટાણા તીર્થ
### (શ્રી આદિશ્વર ભગવાન)



રાજસ્થાનના શિરોહી રોડ પર રેલવે સ્ટેશનથી ૨૦ કિ.મી. દૂર આવેલા લોટાણા ગામની એક ટેકરી પર આ પ્રાચીન તીર્થ આવેલું છે. અહીં મૂળનાયક શ્રી આદિશ્વર ભગવાનની શ્વેત વર્ણની ૭૫ સે.મી. ઊંચી પદમાસનસ્થ પ્રતિમા મળે છે. એક તો આ તીર્થ પ્રાચીન છે અને તેમાં વળી આદિશ્વર પ્રભુની ભવ્ય અને અનુપમ પ્રતિમા છે, જે શ્રી શત્રુંજય શાશ્વત તીર્થના તેરમા ઉધ્ધાર સમયની હોવાને કારણે મહત્ત્વની છે. અનુપમ કલા ધરાવતી પરિકરયુક્ત પ્રતિમા અન્યત્ર ભાગ્યે જ જોવા મળે છે. લોટાણા ગામનું પ્રાચીન નામ લોટીપુરપટ્ટન અને લોટાણક એવું હતું. એક કાઉસગ્ગિયા મૂર્તિ પર વિ.સં. ૧૧૪૪નો લેખ ઉત્કીર્ણ છે. મંદિરમાં બીજી બે કાયોત્સર્ગવાળી પ્રતિમા પર વિ.સં. ૧૧૩૦ જેઠ સુદ પાંચમનો લેખ ઉત્કીર્ણ છે. આ મૂર્તિનું નિર્માણ અને પ્રતિષ્ઠાનું કાર્ય કોરેશ્વરના પુત્ર દુર્લભ દ્વારા થયું હતું. શ્રી આદિશ્વર પ્રભુની પ્રતિમા શત્રુંજય મહાતીર્થના તેરમા ઉધ્ધાર સમયની હોવા ઉપરાંત શ્રી શત્રુંજયમાંથી અહીં લાવીને પ્રતિષ્ઠિત કરવામાં આવી છે. એનો અંતિમ જીર્ણોધ્ધાર વિ.સં. ૨૦૧૬માં થયો હતો. આ મંદિર મૂળ ગભારો, ગૂઢમંડપ, છ ચોકી, સભામંડપ, શિખર, શૃંગાર ચોકી અને કોટથી યુકત છે. લોટાણા ગામની નાની ટેકરી પર આવેલા આ મંદિરનું દશ્ય જોનારના ચિત્તને આહલાદ પમાડે છે.

*પ્રેષક : ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) - અમદાવાદ*
*મો. ૯૪૨૭૩ ૯૦૦૦૭*

હાર્દિક શુભકામનાઓ સાથે...
**માતુશ્રી શાંતાબેન ખીમજી પ્રેમજી મહેતા પરિવાર (બેલા વારા) – અમદાવાદ**
રસિકભાઈ – રજનીકાંત – હસમુખ ખીમજીભાઈ મહેતા

# અન્ય સંસ્થાઓના સમાચાર

## ભગવાન મહાવીર પશુ રક્ષા કેન્દ્ર એન્કરવાલા અહિંસાધામ

ભગવાન મહાવીર પશુ રક્ષા કેન્દ્ર, એન્કરવાલા અહિંસાધામ, ભગવાન મહાવીરના જીવો અને જીવવા દોના સિદ્ધાંતમાં માને છે અને છેલ્લા ૩૪ વર્ષથી અવિરતપણે બીમાર, ઘવાયેલા અબોલ જીવોની સેવા કરી રહી છે.

હાલ સંસ્થામાં ૨૯૦૦થી વધારે પશુ-પક્ષીઓ આશ્રય લઈ રહ્યા છે. ચાર વેટરનરી ડોક્ટરો તથા ૧૦૦ સેવાભાવી કર્મચારીઓ દિવસ-રાત નિયમિત પ્રેમ, લાગણી અને આત્મિયતાપૂર્વક સેવા આપી રહ્યા છે. સંસ્થા અદ્યતન વૈદ્યકીય સગવડો ધરાવે છે તથા વેટરનરી હોસ્પિટલ, પેથોલોજી લેબ અને એમ્બ્યુલન્સ ધરાવે છે. અબોલ જીવોની સેવાકાર્ય કરતી આ સંસ્થા સમાજના ડોનેશન ઉપર નભે છે. હાલની મોંઘવારીને કારણે વધતા જતા ખર્ચને પહોંચી વળવા સંસ્થા સમાજના દાનવીરો ઉપર આધાર રાખે છે. સંસ્થાનો દૈનિક નિભાવ ખર્ચ આશરે રૂા. ૨.૫૦ લાખ જેટલો આવે છે.

અમારા પ્રતિનિધિ *શ્રી ગુલાબચંદભાઈ સાવલા (મો. ૯૧૩૭૬ ૯૩૦૬૯)* સંસ્થા વતી ડોનેશન મેળવી રહ્યા છે. તો આપ સહુ શ્રી ગુલાબચંદભાઈને યોગ્ય સહયોગ આપી સંસ્થાની ઝોળી દાનથી છલકાવી દેવા વિનંતી.

સંસ્થાને આપેલું દાન ઈન્કમટેક્સની કલમ-૮૦જી હેઠળ કરમુક્ત છે.

## ભુજ કવિ કલાવૃંદ સાહિત્ય સંસ્થા

ભુજ કવિ કલાવૃંદ સાહિત્ય સંસ્થાના ઉપક્રમે સંસ્થાના સક્રિય સદસ્ય અને ઢોરી પ્રા.શાળાના આચાર્યા તરીકે ફરજ બજાવતા ડો. ખુશ્બુ નવીનચંદ્ર સરવૈયાએ ધ્રુવ ભટ્ટની નવલકથા પર 'અ ક્રિટીકલ સ્ટડી ઓફ નોવેલ્સ ઓફ ધ્રુવ ભટ્ટ ટ્રાન્સલેટેડ ઈન ટુ ઈંગ્લીશ' એ વિષય ઉપર શોધ મહાનિબંધ રજૂ કરીને ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણવર્મા કચ્છ યુનિ. ખાતે ડૉક્ટર ઓફ ફિલોસોફી પીએચ.ડી. પદવી પ્રાપ્ત કરી. ઉપરાંત વાઈવા વોસમાં એક્સ્ટર્નલ તરીકે જૂનાગઢના ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિ. અંગ્રેજી વિભાગના અધ્યક્ષ પ્રો. ડૉ. ફિરોઝ શેખ અને આર્ટસ વિભાગના ડીન કલ્પના સતીજા, જ્યારે કચ્છ યુનિ. - ભુજના પ્રો.ડો. કાશ્મીરા મહેતા, અંગ્રેજી ભવનના આર.વી. બસીયાના માર્ગદર્શન હેઠળ આ સિદ્ધિ મેળવેલ તે બદલ અભિવાદન કરવામાં આવેલ. જેમાં સંસ્થા પ્રમુખ દિલીપ આચાર્ય સાથે વિનોદ ગોર, સોનલ ભાટીયા, ચંદ્રિકાબેન શાહ, અમૃત શાહ, કનૈયાલાલ અબોટી, તુલસીદાસ બોરા, વિજયાબેન, જ્યોતિ સોલંકી, નરેન્દ્ર જોષી વગેરે સભ્યોએ હાજર રહીને સેવા બિરદાવતા અભિનંદન સહ શુભકામના પાઠવી હતી.

આ પ્રસંગે ડૉ. ખુશ્બુબેન સરવૈયાએ અભિવાદનના પ્રત્યુત્તરમાં આભારની લાગણી વ્યક્ત કરતાં માતૃસંસ્થા તરીકેના સંસ્મરણો યાદ કરીને કેટલીક યાદના સંભારણા રૂપે વાતો રજૂ કરી હતી.

## ભીડ ગેટ દાદુપીર રોડ - ભુજ મધ્યે ધ્વજવંદન કરાયું

ભુજ શહેર ભીડ ગેટ દાદુપીર રોડ મધ્યે સર્વે રહેવાસીઓ દ્વારા સ્વાતંત્ર્ય પર્વ મનાવાયો હતો. મુસ્લિમ અગ્રણી હાજી ઈબ્રાહીમ હાલેપૌત્રાએ ધ્વજ લહેરાવ્યો હતો.

આ પ્રસંગે આલાવાલાવાળી મસ્જિદના મૌલાના અબ્દુલ હકીમ ખાન, સામાજિક કાર્યકર રફીક બાવા, નગરસેવક કાસમભાઈ કુંભાર, મુસ્તાકભાઈ હિંગોરજા, મામદભાઈ લાખા, જાનમામદભાઈ કેવળ, મહેમુદભાઈ ખોડ, હારૂનભાઈ ગગડા, સોયબભાઈ મેમણ, ઓસમાણભાઈ મેમણ, અસ્મલભાઈ શેખ ડાડા, કાસમભાઈ બાઠા ઉપસ્થિત રહ્યા હતા. દાદુપીર રોડથી ભીડ ગેટ સુધી તિરંગા રેલીમાં બાળકો તથા રહેવાસીઓ જોડાયા હતા.

કાર્યક્રમ સંચાલન રૈયાન બાવાએ જ્યારે આભારવિધિ આદમ થૈમે કરી હતી. વ્યવસ્થા સાજીદભાઈ મેમણ, અનવરભાઈ થૈમ, રજાકભાઈ થૈમ એ સંભાળી હતી. ■

**KISHOR ROADWAYS**
Pratik K. Lalka
M. : 98250 65844, 98986 58444, 88498 27053
FLEET OWNER'S & TRANSPORT CONTRACTOR & COMMISSION AGENT
BS-7, Radhe Business Empire, S.P. Ring Road, Opp. Fire Station, Aslali, Ahmedabad.

# સવાલ અમારો... જવાબ તમારો.....

મણકો ૧૭

**સંકલન - સંયોજક : પ્રભુલાલ કે. સંઘવી (ગાંધીધામ - અમદાવાદ)**
(સમાજના ભૂતપૂર્વ મંત્રી તથા 'મંગલ મંદિર'ના પ્રથમ ભૂતપૂર્વ તંત્રી)

*અહીં ૧૦ પ્રશ્નો આપવામાં આવેલા છે. તે તમામના સાચા જવાબ આપવાના છે. સાચા જવાબો આપનાર વાચકોમાંથી લક્કી ડ્રો કરી પાંચ વાચકોને યોગ્ય ઈનામ આપવામાં આવશે. વધુમાં વધુ સંખ્યામાં ભાગ લેવા વિનંતી.*

*તો આવો, આ એક નવીનતમ શ્રેણીના જવાબ આપવા થઈ જાઓ તૈયાર... ઉઠાવો કલમ...*

★ **આપે આટલું કરવાનું છે :**

- *આપના જવાબો, અંક મળ્યેથી ૧૦ દિવસમાં સમાજના પાલડી ભવન કાર્યાલયે મોકલી આપવાના છે.*
- *કવર ઉપર "સવાલ અમારો – જવાબ તમારો" સ્પર્ધા લખવાનું છે.*
- *જવાબના પત્ર ઉપર આપનું નામ, સરનામું, મોબાઈલ નંબર લખવો.*
- *આ એક ઉત્તમ પ્રયાસ છે. થોડી મહેનત કરશો. શોધખોળ કરશો... પ્રયત્ન કરશો... આપના જાણીતા અને અનુભવેલા પ્રશ્નો છે. આપને જરૂર આવડશે... આપનું નામ પ્રસિધ્ધ થશે... આપને આનંદ આવશે. સમાજ પ્રત્યે દિલચસ્પી વધશે.*

*તો આવો, તૈયારી કરીએ... જવાબ લખવાની...*

## • આ અંકના સવાલો •

૧. તફાવત એ જ છે... તારા અને મારા વિશે જાહિદ!
વિચારીને તું જીવે છે... હું જીવીને વિચારું છું. (આ વિચારધારા કોની છે?) ______________
(અમૃત ઘાયલ, પ્રતાપભાઈ દંડ, અશોકભાઈ મહેતા)

૨. કચ્છ વાગડના અમદાવાદ વસતા ______________ વિદ્યાર્થીએ એસ.એસ.સી. ગુજરાતી મીડિયમમાં ________ પર્સન્ટાઈલ માર્કસ લાવ્યા છે. (રાજેશ, કીર્તિ, ૯૭.૫૧%, ૯૧.૫૦%)

૩. ગીતામંદિર ડાયાલિસિસ સેન્ટર તથા ચાંગોદર મેડિકલ – એમ બંને સેન્ટરમાં રૂપિયા ત્રણ-ત્રણ લાખની ભેટ આપનાર ______________ ને અભિનંદન.... ધન્યવાદ! (શ્રીમતી રેખાબેન, શ્રીમતી ભારતીબેન, શ્રીમતી વિમળાબેન)

૪. જૂન માસમાં તમામ મેડિકલ સેન્ટરમાં વિવિધ પ્રકારની મેડિકલ સેવાનો લાભ ____________ વ્યક્તિઓએ લીધો હતો. (૧૯૮૩૨, ૩૧૨૪૦, ૨૧૬૧૯)

૫. શ્રી બામણવાડા તીર્થમાં ______________ ભગવાન મૂળનાયક છે. (પાર્શ્વનાથ, મહાવીર સ્વામી, આદિનાથ)

૬. દ્વિદળ કોને કહેવાય? ______________
(જે ધાન જમીનમાંથી નીકળે તેને, જે ધાનમાં બે વિભાગ હોય તેને, જેના બે ભાગ વચ્ચે પડ હોય તેને)

૭. રાષ્ટ્રીય પેટ્રોલિયમ દિવસ – ______________ (૧૭ ઓગસ્ટ, ૨૭ ઓગસ્ટ, ૧૪ ઓગસ્ટ)

૮. મુંબઈની ગોદીમાં __________ વર્ષમાં જબ્બર ધડાકા થયા હતા. (૧૯૪૪, ૧૯૨૨, ૧૯૩૨)

૯. ગુજરાત રાજ્યના નાણાં અને ઉર્જામંત્રી ______________ છે. (કનુભાઈ દેસાઈ, હર્ષ સંઘવી, વિઠ્ઠલ રાદડિયા)

૧૦. 'ભારત છોડો'નું સૂત્ર કયા કચ્છી સપૂતે આપ્યું હતું? ______________
(યુસુફ મહેરઅલી, સુરજી વલ્લભદાસ, ભવાનજી અરજણ ખીમજી)

## ● મણકા–૧૬ ના સવાલોના સાચા જવાબો ●

૧. "'મંગલ મંદિર' શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું અભિન્ન અંગ છે" – આવો અભિપ્રાય **ડૉ. તપન શાહ** એ આપેલ છે.

૨. નવનીત ડાયાલિસિસ સેન્ટર – બોપલમાં કુલ **૨૫૮** વ્યક્તિઓએ લાભ લીધો.

૩. 'નમો લક્ષ્મી યોજના'નો લાભ ધોરણ **૯ થી ૧૨** માં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીઓને મળવાનો છે.

૪. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ત્રીજી વાર વડાપ્રધાન પદના શપથ **૯ જૂન**ના દિવસે લીધા હતા.

૫. સમાજના **૬** સભ્ય પરિવારના પોતાના સરનામા ફેરફારના સમાચાર જુલાઈ અંકમાં આપ્યા છે.

૬. શ્રી મૃદુલા સારાભાઈએ દુઃખી સ્ત્રીઓ માટે સહાયભૂત થવા **જ્યોતિ સંઘ** સંસ્થાની સ્થાપના કરી.

૭. નવી પેઢીને ત્રણ બાબતની જરૂરત છે : **પ્રોત્સાહન, માર્ગદર્શન, તાલીમ.**

૮. આ વિશ્વમાં કોઈપણ બાળક એવું નહીં હોય જે **રમકડું**થી રમ્યું ન હોય.

૯. એપેન્ડિક્સ નાના આંતરડા અને મોટા આંતરડાની **વચ્ચે** આવેલું છે.

૧૦. ભારતમાં **૧,૫૫,૦૧૫** પોસ્ટ ઓફિસો છે.

***મણકા-૧૬ (મંગલ મંદિર ઓગસ્ટ-૨૦૨૪ અંકમાં પૂછાયેલા પ્રશ્નો)ના સાચા જવાબ આપનાર ભાગ્યશાળીઓના નામ નીચે મુજબ છે.***

૧. નીલમ હિતેશ સંઘવી – અમદાવાદ
૨. હસમુખ દામજી દેઢિયા – અડાલજ
૩. મિત્તલ એ. પટેલ – અમદાવાદ
૪. અમરીષ કે. સંઘવી – અમદાવાદ
૫. દિશા પટેલ – અમદાવાદ
૬. વસંત 'કચ્છ કેસરી' – મુલુંડ, મુંબઈ
૭. લુબનાબેન આઈ. શેખ – અમદાવાદ
૮. અવ્વાબરાજ એ. શેખ – અમદાવાદ
૯. અજય અશ્વિનભાઈ રાણા – અમદાવાદ
૧૦. નવનીત ત્રિકમલાલ પટેલ – અમદાવાદ
૧૧. રોનકબેન આઈ. શેખ – અમદાવાદ
૧૨. શેઠ કામિની સ્નેહલભાઈ – અમદાવાદ
૧૩. મુકેશ અમૃતલાલ શાહ – અમદાવાદ
૧૪. સ્મિતા શાહ – અમદાવાદ
૧૫. ધવલ એમ. શાહ – અમદાવાદ
૧૬. અંજુ મહેતા – અમદાવાદ
૧૭. અશોક વી. શાહ – અમદાવાદ
૧૮. ચંદ્રા મહેન્દ્ર શાહ – અમદાવાદ
૧૯. મહેન્દ્ર ડી. પુજ – અમદાવાદ
૨૦. હેમાબેન જગતકુમાર શાહ – અમદાવાદ

*ઉપરોક્ત નામોમાંથી ડ્રો કરવામાં આવતા નીચે મુજબના ૫ ભાગ્યશાળીઓ ઈનામને પાત્ર થયેલ છે.*

| | | | |
|---|---|---|---|
| **૧.** | **ચંદ્રા મહેન્દ્ર શાહ** | **– અમદાવાદ** | **મો. ૯૪૨૬૮ ૬૭૮૦૯** |
| **૨.** | **મુકેશ અમૃતલાલ શાહ** | **– અમદાવાદ** | **મો. ૯૫૩૭૬ ૩૬૦૭૮** |
| **૩.** | **અમરીષ કે. સંઘવી** | **– અમદાવાદ** | **મો. ૯૪૦૯૫ ૧૨૬૬૨** |
| **૪.** | **ધવલ એમ. શાહ** | **– ગાંધીનગર** | **મો. ૯૪૨૮૮ ૦૩૨૫૬** |
| **૫.** | **અંજુ મહેતા** | **– અમદાવાદ** | **મો. ૯૯૭૯૨ ૯૫૯૫૭** |

*આ ભાગ્યશાળીઓએ પોતાના ઈનામ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી, અમદાવાદ ખાતેથી મેળવી લેવા વિનંતી કરવામાં આવે છે.*

★ **નોંધ :** (૧) આ પ્રશ્નો સમાજ, સમાજની પ્રવર્તમાન પ્રવૃત્તિ અને સમાજને લગતા પૂછવામાં આવ્યા છે. સમાજના મુખપત્ર તથા સમાજના સાહિત્યનો અભ્યાસ કરવાથી જવાબો મળી જશે. (૨) સૌને સમાજની કાર્ય પ્રવૃત્તિમાં જોડવા અને ઓતપ્રોત કરવા સમાજને સ્પર્શતા પ્રશ્નો પૂછવામાં આવ્યા છે. (૩) આ કોલમ / મણકા સંબંધી આપનાં કોઈ સૂચન હોય તો આવકાર્ય છે.

**મારો સમાજ... મારું મુખપત્ર... મારો મનગમતો વિભાગ...**

*મિત્રો માંગણી લઈને નથી આવતા, લાગણી લઈને આવે છે. કહી દો દુનિયાને કે દોસ્તોના દિવસો નહીં પણ જમાના હોય છે.*

**ઉડતી નજરે....** *માસ જુલાઈ-૨૦૨૪ દરમિયાન શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાઓનો લાભ લેનાર વ્યક્તિઓ*

| ક્રમ | સેવાઓ | લાભ લેનાર વ્યક્તિઓ |
|---|---|---|
| ૧. | **શ્રી નવનીત મેડિકલ સેન્ટર તથા**<br>**શ્રીમતી પ્રભાવતીબહેન કાંતિલાલ વેલજી સાવલા મેડિકલ ચેક-અપ સેન્ટર, પાલડી, અમદાવાદ.**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ ....................<br>*જેમાંથી –* • શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વ્યક્તિઓ .......... **૬૬૩**<br>• સાધુ-સાધ્વીજી મહારાજ સાહેબો .......... **૩૫**<br>• બોડી ચેક-અપ .......... **૪૨૯**<br>• સોનોગ્રાફી .......... **૧,૫૩૫**<br>• ટી.એમ.ટી. .......... **૫૮**<br>• ઑપરેશન .......... **૬**<br>• ઈકો .......... **૩૧૦**<br>• અન્ય .......... **૮,૭૮૨** | **૧૧,૮૧૮** |
| ૨. | **માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) અતિથિ ભવન, પાલડી, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ ....................<br>*જેમાંથી –* • લાભ લેનારી વ્યક્તિઓ .......... **૫૬૩**<br>• કેન્ટીન .......... **૪,૨૧૦** | **૪,૭૭૩** |
| ૩. | **માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, ગીતા મંદિર, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ ....................<br>*જેમાંથી –* • પુરુષો .......... **૧૦૨**<br>• સ્ત્રીઓ .......... **૨૨**<br>• બાળકો .......... **૨** | **૧૨૬** |
| ૪. | **ડૉ. ચંદ્રકાંત દેઢિયા ડાયાલિસિસ સેન્ટર, ગીતા મંદિર, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ .................... | **૧૭૦** |
| ૫. | **જી.એમ.ડી.સી. પ્રાયોજિત શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ ....................<br>*જેમાંથી –* • શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - પેસેન્જર .......... **૧,૬૫૦**<br>• મ્યુઝીયમ .......... **૮૮૫**<br>• કેન્ટીન .......... **૩,૯૫૦**<br>• જલારામ અન્નક્ષેત્ર .......... **૪૨૦**<br>• ડિસ્પેન્સરી .......... **૭૦** | **૬,૯૭૫** |
| ૬. | **શ્રી ધીરજલાલ ટોકરશી કાપડિયા ડાયાલિસિસ સેન્ટર, શાહીબાગ, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ .................... | **૫૮૮** |
| ૭. | **નવનીત મેડિકલ સેન્ટર અને કંચનબેન નવીનચંદ્ર નાનજી શાહ ઓ.પી.ડી. સેન્ટર *તથા***<br>**દીપ ફાઉન્ડેશન મેડિકલ ચેક-અપ સેન્ટર, બોપલ, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ ....................<br>*જેમાંથી –* • બોડી ચેક- અપ .......... **૨૭૩**<br>• સોનોગ્રાફી .......... **૩૯૧**<br>• ઑપરેશન .......... **૧૬**<br>• માઈનોર ઓ.ટી. .......... **૬**<br>• ફિઝીયોથેરાપી .......... **૧,૪૭૮**<br>• અન્ય .......... **૫,૬૯૩** | **૭,૮૫૭** |
| ૮. | **નવનીત ડાયાલિસિસ સેન્ટર, બોપલ, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ .................... | **૨૫૪** |

| | | |
|---|---|---|
| ૯. | **પરમકૃપા મેડિકલ સેન્ટર, ચાંગોદર, અમદાવાદ** | |
| | કુલ લાભ લેનાર વ્યક્તિઓ | **૧,૦૫૫** |
| | *જેમાંથી –* ● એક્સ-રે ..... **૧૦૭** | |
| | ● સોનોગ્રાફી ..... **૩૨** | |
| | ● બોડી ચેક-અપ ..... **૬૩** | |
| | ● ઈકો ..... **૪** | |
| | ● અન્ય ..... **૮૪૯** | |
| ૧૦. | **નવનીત મેડિકલ સેન્ટર – જશોદાનગર, અમદાવાદ** | |
| | કુલ લાભ લેનાર વ્યક્તિઓ | **૧,૧૭૦** |
| | *જેમાંથી –* ● એક્સ-રે ..... **૫૬** | |
| | ● સોનોગ્રાફી ..... **૧૨** | |
| | ● ફિઝીયોથેરાપી ..... **૨૭૧** | |
| | ● ડેન્ટલ ..... **૧૧૮** | |
| | ● બોડી ચેક-અપ ..... **૧૭** | |
| | ● ઈકો ..... **૪** | |
| | ● ઈ.સી.જી. ..... **૫૬** | |
| | ● અન્ય ..... **૬૩૬** | |
| | *માસ જુલાઈ – ૨૦૨૪ દરમિયાન વિવિધ પ્રકારની સેવાઓનો લાભ લેનાર કુલ વ્યક્તિ* | **૩૪,૭૮૬** |

## ક્યાં સહેલું છે?

જાગૃત છે આ જન સમૂહ
જીવવાનું ક્યાં સહેલું છે?

દાગ લાગ્યો છે મને
મરવાનું ક્યાં સહેલું છે?

જાવ જણાવી દો એમને
ખાવાનું ક્યાં સહેલું છે?

ઉત્તર નથી આપ્યો મેં કદી
મનને મનાવવાનું ક્યાં સહેલું છે?

સંસ્કારનો હું દરિયો ઘણો
નિરાંતે જીવવાનું ક્યાં સહેલું છે?

સૌએ જોયું, સાચી છે આ વાત
પણ મારાથી સહન કરવું ક્યાં સહેલું છે?

*રણજીતસિંહ રાણા*
*ડ્રાઇવર, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ*

## ગઝલ : મન બારીએથી...

આવો જરા જગને કહો એ રીત પણ સ્થાને હવે,
બાંધો સનમ નાતો તમે એ હીત પણ સ્થાને હવે.

રાચું નશામાં તુજ નયનનાં કામણે મહેફિલ ભરી,
સૂરા મળે પ્યાલી ભરીને ગીત પણ સ્થાને હવે.

કાળી અમાસી રાત પજવે ચાંદ તો હારે નહીં,
અજવાસ પૂનમનો મળે બસ જીત પણ સ્થાને હવે.

બેહું કબૂતર આંગણે મોબાઈલે સંદેશ દઈ,
હામિ ભરી ભીતર અડગ છે પ્રીત પણ સ્થાને હવે.

તકદીર ચમકી હાથમાં છે નામ પ્યારું આપનું,
'મન' દિલ ઠર્યું કંકોતરીએ મીત પણ સ્થાને હવે.

*– મનીષા અજય વીરા 'મન'*

*બગડેલા કેસને જે સુધારે તે વકીલ કહેવાય,*
*પણ જે કેસને બગડવા જ ના દે તે વડીલ કહેવાય.*


**ચૌલા કુરૂવાના તાજેતરમાં પ્રકાશિત પુસ્તકો**



**નેગેટિવ ફીલિંગ્સ**
(મોટીવેશનલ)
**Rs. 90/-**

*પુસ્તકો એમેઝોન પર તેમજ વોટ્સએપ*
**99130 12120**

**સાપસીડી**
(નવલકથા)
**Rs. 225/-**



# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા ૭૮મા સ્વાતંત્ર્ય દિનની ઉજવણી



મુખ્ય અતિથિ શ્રી જયેશભાઈ મજમુદાર રાષ્ટ્રધ્વજને સલામી આપી રહ્યા છે



મુખ્ય અતિથિ શ્રી જયેશભાઈ મજમુદાર દ્વારા સંબોધન



મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ શ્રી પ્રતાપભાઈ દંડ દ્વારા સંબોધન



ટ્રસ્ટી શ્રી હસમુખભાઈ ગઢેચા દ્વારા સંબોધન



રાષ્ટ્રધ્વજને સલામી આપતા સભ્યો



રાષ્ટ્રધ્વજને સલામી આપતી સભ્ય બહેનો



મુખ્ય અતિથિ શ્રી જયેશભાઈ મજમુદાર, તેમના ધર્મપત્ની શ્રીમતી બેલાબેન, પુત્ર શ્રી ધવલ અને ઉપસ્થિત મહાનુભાવોનો આભાર માનતા શ્રી વિશાલ શાહ

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ *સંચાલિત*
# નવનીત મેડિકલ સેન્ટર - જશોદાનગરનું વિધિવત ઉદ્‌ઘાટન

## બુધવાર, તા. ૧૭-૦૮-૨૦૨૪



આવકાર પ્રવચન આપતા પ્રમુખ શ્રી પ્રતાપભાઈ દંડ



નવનીત પરિવારના મોભી અને નવનીત પબ્લિકેશન્સના એમ.ડી. શ્રી રાજુભાઈ ગાલાને પુષ્પગુચ્છ અર્પણ કરતા શ્રી પ્રતાપભાઈ દંડ




નવનીત પરિવારના શ્રી સંદીપભાઈ ગાલાને પુષ્પગુચ્છ અર્પણ કરતા પ્રથમ ઉપપ્રમુખ શ્રી શાંતિલાલભાઈ સાવલા



નવનીત પરિવારના શ્રી કલ્પેશભાઈ ગાલાને પુષ્પગુચ્છ અર્પણ કરતા દ્વિતીય ઉપપ્રમુખ શ્રી હિરેન કે. શાહ



આખાયે પ્રોજેક્ટની શરૂઆતથી અંત સુધીની સફર વિશે વક્તવ્ય આપતા શ્રી હિરેન કે. શાહ



નવનીત પરિવારની લાગણીસભર અભિવ્યક્તિ શ્રી રાજુભાઈ ગાલા તરફથી



નવનીત પરિવારની સેવાભાવી પ્રવૃત્તિઓની
રસધાર સંભળાવતા શ્રી સંદીપભાઈ ગાલા




ખૂબ જ લાગણીસભર આવકારથી
ગદગદિત થયેલા શ્રી કલ્પેશભાઇ ગાલા



આ ઐતિહાસિક પ્રસંગે નવનીત પરિવારની
ત્રીજી પેઢીના મંતવ્ય આપતા શ્રી અર્ચિત ગાલા



નવનીત મેડિકલ સેન્ટરના ઉદ્‌ઘાટન પ્રસંગે ઉપસ્થિત
નવનીત પરિવાર અને શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના હોદ્દેદારો, સભ્યશ્રીઓ



આટલા ટૂંકા ગાળામાં આટલું સુંદર આયોજન?
નવનીત પરિવાર દ્વારા
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના પરિવાર સાથે વિમર્શ




નવનીત મેડિકલ સેન્ટરના ઉદ્‌ઘાટન પ્રસંગે
વિવેચન કરી રહેલા નવનીત પરિવારના સભ્યો

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના માસિક મુખપત્ર

મંગલ મંદિરને

સ્વ. હરખચંદ કુંવરજી સાવલા પરિવારની

# હાર્દિક શુભેચ્છાઓ

જીવનમાં એક મિત્ર
કૃષ્ણ જેવો હોવો જોઈએ
જે તમારા માટે યુદ્ધ ન લડે
પણ સાચું માર્ગદર્શન તો જરૂર આપે

લાગણી છલકાય જેની વાતમાં
એક બે જણ હોય તેવા લાખમાં
શબ્દ સમજે એ સગાં
મન સમજે એ મિત્ર

## સ્વ. હરખચંદ કુંવરજી સાવલા પરિવાર

(તલવાણા - ગાંધીનગર - યુ.એસ.એ.)

## NanoNine® શબ્દ રમત-૨૧૦

*સંકલન : રજનીકાંત પારેખ*

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ■ | ૩ | ૪ | ■ | ૫ | ૬ | ૭ | | ૮ |
| | ■ | ૯ | ૯A | ■ | ૧૦ | | ૧૧ | | ■ | ■ | |
| ૧૨ | ૧૨A | ■ | ૧૩ | | ■ | ૧૪ | | ■ | ૧૫ | | |
| ■ | ૧૬ | | | ■ | ૧૭ | | ■ | ૧૮ | | ■ | |
| ૧૯ | ■ | ■ | | ■ | | ■ | ૨૦ | | ૨૧ | ૨૨ | ■ |
| ૨૩ | ૨૪ | | ૨૫ | ■ | ૨૬ | | ૨૭ | | ■ | ૨૮ | ૨૯ |
| ૩૦ | | ■ | ૩૧ | | ૩૨ | ■ | ૩૩ | | ■ | ૩૪ | |
| ■ | ૩૫ | ૩૬ | ■ | ૩૭ | | ૩૮ | ■ | ૩૯ | | ■ | |
| ૪૦ | ■ | ૪૧ | | ■ | ૪૨ | | ૪૩ | | ૪૪ | ૪૫ | ■ |
| ૪૬ | | | ■ | ૪૭ | ■ | ■ | ૪૮ | | ■ | ૪૯ | ૪૯A |
| | ■ | ■ | ૫૦ | ૫૧ | | ૫૨ | ■ | ૫૩ | ૫૪ | ■ | |
| ૫૫ | | | | | ■ | ૫૬ | | ■ | ૫૭ | | |

શબ્દ રમત ભરનારનું નામ : ______________________

સરનામું : ______________________

______________________ ફોન/મો. ______________________

*આપશ્રીના જવાબો તા. ૩૦-૦૯-૨૦૨૪ સુધીમાં શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના સરનામે મોકલાવવા વિનંતી.*

### આડી ચાવીઓ

૧. છેલ્લું, છેવટનું (૩)
૩. મુગટ, રાજમુગટ (૨)
૫. ભારતમાં આવેલી વિશ્વની સાતમી અજાયબીમાંની એક (૫)
૯. પુરુષવાચક પ્રાણી, મનુષ્ય, માદાનો વિરોધી (૨)
૧૦. રઘુપતિ રાઘવ _____ (૪)
૧૧. સીતાના પતિ (૨)
૧૨. પરવાનગી, સંમતિ, છુટ્ટી (૨)
૧૩. બ્રાહ્મણ (૨)
૧૪. ન્યાયાધીશ (અં.) (૨)
૧૫. સમત્વ, સરખાપણું (૩)
૧૬. દરકાર, ગરજ (૩)
૧૭. પૈસો, ધન, કિંમત (૨)
૧૮. કામ, કારણ, કાજે, સારું (૨)
૨૧. ધંધાની બે બાજુ : _____ - નુકસાન (૨)
૨૩. ઘર આંગણાનું પક્ષી, પાણીનો નળ (૩)
૨૬. બકવાસ કરવો તે (૩)
૨૮. ચણોઠી, જરાક (૨)
૩૦. વિદ્યાશાખાના અધ્યક્ષ (અં) (૨)
૩૧. વઝીર, પ્રધાન, સાદો પલંગ (૩)
૩૩. શરીર, દેહ, કાયા (૨)
૩૪. બુદ્ધિ, મતિ, મમત (૨)
૩૫. વેરો, ટેક્ષ (૨)
૩૭. તરંગ, મોજું (૩)
૩૯. હુન્નર, કસબ (૨)
૪૧. _____ વીરસ્ય ભૂષણમ (૨)
૪૨. થોડા રૂ ની ઓઢવાની ગોદડી (૩)
૪૪. ભારતનું રાષ્ટ્રીય પ્રાણી (૨)
૪૬. ભીક્ષા માંગે તે (૩)
૪૮. કેરોસીનથી ચાલતો ચૂલો (ઈ) (૨)
૪૯. કામદેવની સ્ત્રી (૨)
૫૦. વાવવું તે (૪)
૫૩. મિણબત્તી, દીવો (અ) (૨)
૫૫. જરૂરી જ ખર્ચ કરવો તે (૫)
૫૬. ખારાશવાળો પદાર્થ (૨)
૫૭. પાગલ સ્ત્રી, પગલાંની હાર (૩)

### ઊભી ચાવીઓ

૧. _____ નગરી ને ગંડુ રાજા (૩)
૨. _____ હોય તો માળવે જવાય (૨)
૪. ઘડપણ, લગાર, થોડું (૨)
૫. ખેદાન મેદાન, જમીનદોસ્ત (૩)
૬. જમાઈને _____ કહે છે મૃત્યુનો દેવતા (૨)
૮. સતત, લાગલગાટ (૪)
૯A. ઈતવાર, રજાનો વાર (૪)
૧૧. રાજા, રાજ્ય (૨)
૧૨A. જપ (૨)
૧૫. _____ રે જૂઠ મત બોલો, ખુદાકે પાસ જાના હૈ (૩)
૧૭. દાન આપનાર (૨)
૧૯. મગ ચોખાની વાનગી, વખાણેલી _____ દાંતે વળગે (૩)
૨૦. સાફ કર્યા વગર અનાજમાં પડી જાય (૩)
૨૨. સુવાસ, સુગંધ (૩)
૨૫. પ્રશ્ન (૩)
૨૭. તેજ, ભપકો (અ) (૩)
૨૯. તેતર (૩)
૩૨. સરોવર કે મોટી નદીમાંથી ખોદેલો મોટા કાંસ (૩)
૩૬. રક્ષણ કરનાર (૩)
૩૮. પરવાનગી, સંમતિ (૨)
૪૦. અમિતાભ બચ્ચનનો પુત્ર (૪)
૪૩. પૂર્વ દિશા (ઈ.) (૨)
૪૫. રહેવાનું ઠેકાણું, મકાન (૨)
૪૭. ગુજરાતમાં એક દાળ વધારે ખવાય છે, એક કઠોળ (૩)
૪૯A. પતંગિયું (૩)
૫૦. વસવાટ, મુકામ, દુર્ગંધ (૨)
૫૧. દુશ્મનાવટ (૨)
૫૨. રાખડી, રક્ષણ (૨)
૫૪. કપડાં સીવડાવતી વખતે દરજી _____ લે છે (૨)

*સફળતાની ચાવી મેળવવી હોય તો તકલીફના તાળા સાથે લઈને ફરવાની આદત રાખવી પડે.*

## NanoNine® શબ્દ રમત-૨૦૯નો ઉકેલ

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| આ | ભા | સ | | સ | વા | | ત | | સ | મ | તા |
| વ | ન | | ન | વ | લ | | થા | પ | | સ | ર |
| ર | | અ | બી | લ | | દં | ગ | લ | | લ | વ |
| દા | ખ | લો | | ત | ડ | | ત | ટ | સ્થ | | વું |
| | લા | પ | સી | | | મ | | ન | ળ | | |
| મા | સી | | મં | દા | કિ | ની | | | | મા | ન |
| રા | | સિ | ત | મ | | ઓ | વા | રો | | ન | ય |
| મા | ન | તા | | ણી | | ર્ડ | | ત | | વ | ન |
| રી | | ર | જ | | ક | ર | તા | લ | | તા | |
| | ડા | | ના | ગ | ણ | | | | | | ર |
| આ | બ | | વ | ર | સ | ગાં | ઠ | | જ | | જ |
| ગ | લી | | ર | મ | વું | | ગ | જ | ગા | મિ | ની |

*જુલાઈ-૨૦૨૪ના અંકમાં છપાયેલ નેનો શબ્દ-રમત ૨૦૮ના બધા સાચા ઉકેલ મોકલાવનારના નામ*

૧. સરલા શાહ – અમદાવાદ
૨. તૃપ્તિ સાવલા – અમદાવાદ
૩. ચંદ્રા શાહ – અમદાવાદ
૪. સ્મિતા શાહ – અમદાવાદ
૫. દિશા પટેલ – અમદાવાદ
૬. મિત્તલ પટેલ – અમદાવાદ
૭. મીનાક્ષી પારેખ – અમદાવાદ
૮. ઝરણા પારેખ – અમદાવાદ
૯. નરેન્દ્ર સંઘવી – અમદાવાદ
૧૦. મીના ખરીદીયા – અમદાવાદ
૧૧. ઈંદુબેન પટેલ – અમદાવાદ
૧૨. અરવિંદ ભટ્ટ – બોપલ, અમદાવાદ
૧૩. હસમુખ દેઢિયા – અડાલજ, અમદાવાદ
૧૪. આરતી અગ્નિહોત્રી – અમદાવાદ
૧૫. દક્ષા સોમૈયા – અમદાવાદ
૧૬. મહેન્દ્ર પૂજ – અમદાવાદ
૧૭. જ્યોતિ શાહ – અમદાવાદ
૧૮. જયંતીલાલ શાહ – અમદાવાદ
૧૯. દમયંતી દંડ – અમદાવાદ
૨૦. કામિની શેઠ – અમદાવાદ
૨૧. કિંજલ શેઠ – અમદાવાદ
૨૨. પ્રભા શેઢિયા – વલસાડ
૨૩. ધનલક્ષ્મી મોતા – મુંબઈ
૨૪. નવલબેન નીસર – સુરત
૨૫. કોકિલા ગડા – મુંબઈ
૨૬. શાંતિલાલ લાલકા – હુબલી
૨૭. સરોજ ચંદુરા – સુરત

*ઉપર્યુક્ત સાચા જવાબ મોકલાવનારમાંથી લક્કી ડ્રો કરતાં એક વિજેતાનું નામ નીચે પ્રમાણે છે. તેમણે પોતાના ઈનામ સમાજના પાલડી ખાતેના કાર્યાલયમાંથી મો. ૯૮૯૮૦ ૫૩૫૨૧ (સમય : સવારે ૯ થી ૧૨, સાંજે ૪ થી ૫) પર જાણ કરી મેળવી લેવા વિનંતી છે.*

***વિજેતા :*** **ઈંદુબેન પટેલ – અમદાવાદ**

# પ્રતિભાવ

ઓગસ્ટ-૨૦૨૪ 'મંગલ મંદિર'ના અંકનું મુખપૃષ્ઠ – Love at First Sight કહી શકાય તેવું છે. તંત્રીલેખમાં કચ્છને નર્મદાના પાણી મળવામાં અન્યાય અંગેની સમસ્યા વિગતવાર વર્ણવી છે. ડૉ. આશિષ ચોક્સી દ્વારા પ્રેરણાત્મક પ્રસંગોની શ્રેણી અંતર્ગત ડૉ. સંજય કાંડાસ્વામી, અક્ષયકુમાર, રોનાલ્ડો તથા ફિલ્મ અદાકાર કોનરીના પ્રસંગો રોમાંચક છે. દેવેન્દ્ર પટેલની એરિસ્ટોક્રેટ્સ શ્રેણી વાંચતા ખ્યાલ આવે કે ડૉ. વિક્રમ સારાભાઈ દ્વારા શિક્ષણ, સંશોધન તથા વિજ્ઞાનની શ્રેષ્ઠ દરજ્જાની સંસ્થાઓ સ્થાપવામાં આવેલ હતી. 'ઓગસ્ટ ક્રાંતિ અને કચ્છ' સુંદર ઐતિહાસિક લેખ છે. ક્રાંતિકારી સૂત્ર 'ભારત છોડો' કચ્છી સપૂત યુસુફ મહેરઅલીના દિમાગની પેદાશ હતી, જાણી ગૌરવ થયું. હીરાલાલ વી. ઉનડોઠવાલા દ્વારા 'અતીતની યાદમાં' એસ.એસ. સ્ટીફન સ્ટીમરની દુર્ઘટના તથા તેની તારાજીનું વર્ણન કંપાવનારું છે. આવી પરિસ્થિતિમાં પણ શ્રી બરમેરજી ખરશેદજી પારસી દ્વારા બતાવાયેલ માનવતા અને પ્રામાણિકતાની મિશાલ નોંધનીય છે. મયુર દેઢિયા દ્વારા વિશ્વ વિજેતાની વાતોમાં પ્રધાનમંત્રીનો વિશ્વવિજેતા ટીમ સાથેના સંવાદનું વિશ્લેષણ સુંદર છે. ડૉ. મિહિર એમ. વોરા દ્વારા 'રાષ્ટ્રીય પેટ્રોલિયમ દિવસ'માં વિગતવાર ઈતિહાસ દર્શાવેલ છે. ૧૨મી સદીના ચંગીઝખાને યુદ્ધમાં સળગતાં તીરોનો ઉપયોગ કર્યાનો ઉલ્લેખ લેખકની સૂક્ષ્મ બાબતોનો પણ અભ્યાસ બતાવે છે. તીર્થદર્શન શ્રેણી ઘેરબેઠા યાત્રા કરાવે છે. હેલ્થ સંબંધી સમાજના વિવિધ ડૉક્ટરો દ્વારા રજૂ થતા માહિતીપાત્ર લેખો સુંદર છે. સમાજમાં સંસ્થા દ્વારા ચાલતી વિવિધ પ્રવૃત્તિઓના સમાચારોથી વાકેફ થવાય છે. બાળકો, મહિલાઓ, યુવાનો તથા વડીલોને રસ પડે તેવું મંગલ મંદિર મેઘધનુષ જેવું રંગબેરંગી થયું છે.

***અશોક વી. શાહ - ગાંધીનગર***
***મો. ૯૩૨૮૯ ૨૬૮૫૯***

## NanoNine® Sudoku

**જુલાઈ-૨૦૨૪ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૧૬૬ના બધા સાચા ઉકેલ મોકલનારનાં નામ**

૧. રોનકબેન શેખ – અમદાવાદ
૨. અવ્વાબરાજ શેખ – અમદાવાદ
૩. ચંદ્રા શાહ – અમદાવાદ
૪. સ્મિતા શાહ – અમદાવાદ
૫. નયના કારાણી – અમદાવાદ
૬. મીનાક્ષી પારેખ – અમદાવાદ
૭. ઝરણા પારેખ – અમદાવાદ
૮. પ્રતાપસિંહ ચૌહાણ – સાઉથ બોપલ, અમદાવાદ
૯. અરવિંદ ભટ્ટ – બોપલ, અમદાવાદ
૧૦. હેમલતા દેઢિયા – અડાલજ, અમદાવાદ
૧૧. મીના ખરીદીયા – અમદાવાદ
૧૨. ઈંદુબેન પટેલ – અમદાવાદ
૧૩. અમન ગોસર – અમદાવાદ
૧૪. મહેન્દ્ર પૂજ – અમદાવાદ
૧૫. જ્યોતિ શાહ – અમદાવાદ
૧૬. નયના ગોગરી – અમદાવાદ
૧૭. ભાવના ગોગરી – અમદાવાદ
૧૮. રીષીત શાહ – અમદાવાદ
૧૯. કામિની શેઠ – અમદાવાદ
૨૦. પ્રભા શેઠિયા – વલસાડ
૨૧. કોકિલા ગડા – મુંબઈ
૨૨. સરોજ ચંદુરા – સુરત

*ઉપર્યુક્ત સાચા જવાબ મોકલાવનારાઓમાંથી લક્કી ડ્રૉ અનુસાર એક વિજેતાનું નામ નીચે જણાવેલ છે. તેમણે પોતાનું ઈનામ પાલડી ભવન ખાતેના કાર્યાલયમાંથી મોબાઈલ : ૯૮૯૮૦ ૫૩૫૨૧ (સમય સવારે ૯ થી ૧૨, સાંજે ૪ થી ૫) ફોન પર જાણ કરી મેળવી લેવા વિનંતી છે.*

***વિજેતા*** : નયના ગોગરી – અમદાવાદ

## NanoNine® Sudoku

રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)

*સુડોકુ ક્રમાંક-૧૧૬૮ અત્રે રજૂ કરવામાં આવેલ છે. તેના ચારે ભાગ ભરીને 'મંગલ મંદિર' કાર્યાલય પર તા. ૩૦-૦૯-૨૦૨૪ સુધીમાં મોકલી આપવા વિનંતી.*

સુડોકુ ભરનારનું નામ : ____________________

સરનામું : ____________________

____________________ ફોન/મોબાઈલ : ____________________

### ક્રમાંક - ૧૧૬૮

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 6 | | | | 5 | 7 | 1 | | |
| 1 | | | 9 | | 6 | 7 | | |
| | 8 | | | | | | 5 | |
| | | 5 | | | 3 | 2 | | 1 |
| | | | | 4 | | | | |
| 4 | | 6 | 2 | | | 5 | | |
| | 6 | | | | | | 1 | |
| | | 1 | 6 | | 2 | | | 8 |
| | | 3 | 8 | 1 | | | | 7 |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | 6 | 1 | | 9 | | | | 7 |
| | | | | | 7 | | 5 | |
| 4 | 8 | | | | 6 | | | 2 |
| | | 8 | 3 | | | | 9 | |
| 7 | | | | 1 | | | | 6 |
| | 2 | | | | 5 | 3 | | |
| 3 | | | 4 | | | | 2 | 9 |
| | 1 | | 6 | | | | | |
| 8 | | | | 5 | | 4 | 6 | |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | 8 | | | | | |
| | 8 | | | | 1 | 9 | 4 | |
| 6 | | 5 | 3 | | | | | 2 |
| | 4 | | 7 | | | | 8 | 6 |
| | | 7 | | 3 | | 4 | | |
| 5 | 6 | | | | 4 | | 2 | |
| 3 | | | | | 9 | 5 | | 8 |
| | 1 | 8 | 5 | | | | 7 | |
| | | | | | 8 | | | |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | 8 | | | | 6 | 7 | | 4 |
| 5 | | 3 | 4 | | | | 6 | |
| 6 | | | 1 | 9 | | 5 | | |
| | | 6 | | | 7 | | 5 | |
| 2 | | | | 8 | | | | 7 |
| | 5 | | 6 | | | 3 | | |
| | | 9 | | 3 | 4 | | | 5 |
| | 3 | | | | 1 | 8 | | 6 |
| 1 | | 5 | 8 | | | | 4 | |

**ઉકેલ : ક્રમાંક - ૧૧૬૭**

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 5 | 3 | 9 | 2 | 1 | 8 | 4 | 7 | 6 |
| 2 | 6 | 4 | 7 | 5 | 9 | 3 | 1 | 8 |
| 8 | 1 | 7 | 6 | 3 | 4 | 2 | 9 | 5 |
| 9 | 7 | 2 | 1 | 8 | 6 | 5 | 4 | 3 |
| 1 | 8 | 5 | 4 | 9 | 3 | 6 | 2 | 7 |
| 6 | 4 | 3 | 5 | 7 | 2 | 1 | 8 | 9 |
| 4 | 5 | 1 | 8 | 6 | 7 | 9 | 3 | 2 |
| 3 | 2 | 8 | 9 | 4 | 5 | 7 | 6 | 1 |
| 7 | 9 | 6 | 3 | 2 | 1 | 8 | 5 | 4 |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 7 | 4 | 5 | 3 | 6 | 8 | 1 | 2 | 9 |
| 1 | 6 | 2 | 7 | 4 | 9 | 5 | 3 | 8 |
| 3 | 8 | 9 | 1 | 5 | 2 | 4 | 6 | 7 |
| 6 | 2 | 7 | 9 | 8 | 5 | 3 | 4 | 1 |
| 4 | 9 | 1 | 6 | 2 | 3 | 7 | 8 | 5 |
| 8 | 5 | 3 | 4 | 7 | 1 | 6 | 9 | 2 |
| 2 | 7 | 8 | 5 | 3 | 6 | 9 | 1 | 4 |
| 5 | 1 | 6 | 8 | 9 | 4 | 2 | 7 | 3 |
| 9 | 3 | 4 | 2 | 1 | 7 | 8 | 5 | 6 |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 5 | 7 | 2 | 9 | 4 | 1 | 3 | 6 | 8 |
| 3 | 6 | 1 | 5 | 2 | 8 | 4 | 9 | 7 |
| 9 | 8 | 4 | 6 | 3 | 7 | 2 | 5 | 1 |
| 6 | 4 | 3 | 1 | 9 | 2 | 8 | 7 | 5 |
| 8 | 9 | 7 | 3 | 5 | 6 | 1 | 4 | 2 |
| 1 | 2 | 5 | 7 | 8 | 4 | 9 | 3 | 6 |
| 4 | 5 | 6 | 8 | 1 | 3 | 7 | 2 | 9 |
| 7 | 3 | 8 | 2 | 6 | 9 | 5 | 1 | 4 |
| 2 | 1 | 9 | 4 | 7 | 5 | 6 | 8 | 3 |

**D**

"D"માં પ્રિન્ટીંગ ભૂલને કારણે રદ કરવામાં આવે છે.

Nano 9 kitchenware in new avatar
NanoNine® INNOVATIVE KITCHENWARE Bana De Life Aasaan!
Mfg By: Shree Balaji Metal Industries, Vasai.
: (+91) 88792 99950 | E: care@nanonine.in | W: www.nanonine.in
AHMEDABAD: Authorised Distributors: Devam Enterprises : M. 96385 21024, 97245 00513
MUMBAI: Authorised Distributors: Vasant Marketing: (+91) 98206 72501 / KK Associates: (+91) 93234 04736

# પર્વાધિરાજ પર્યુષણ-પ્રસંગે વસાવવા જેવું જૈન સાહિત્ય

**આ. રાજશેખરસૂરિ**

| | |
|---|---|
| મયણા-શ્રીપાળ | 80 |
| વજ્રસ્વામી | 80 |

**આચાર્ય વાત્સલ્યદીપસૂરિ**

| | |
|---|---|
| જૈન સજ્ઝાય અને મર્મ | 70 |
| સુખ તમારી પ્રતીક્ષા કરે છે | 30 |
| અક્ષર અને અસ્તિત્વ | 100 |
| ભગવાન મહાવીરની આગમવાણી | 40 |
| યોગનિષ્ઠ આચાર્યશ્રીની આતમવાણી | 50 |
| પ્રભાવના | 12 |
| Jain Dharma | 100 |
| જૈનોપનિષદ | 65 |
| અષ્ટપ્રકારી પૂજા | 60 |
| ધર્મનું ધન | 350 |
| આનંદનો વંટોળ | 350 |

**રતિલાલ દી. દેસાઈ**

| | |
|---|---|
| અમૃત સમીપે | 360 |
| જિનમાર્ગનું જતન | 280 |
| જિનમાર્ગનું અનુશીલન | 300 |
| શ્રી ભદ્રેશ્વર વસઈ મહાતીર્થ | 30 |

**અભય દોશી**

| | |
|---|---|
| મધ્યકાલીન પદ્યકૃતિ વિમર્શ (ફાગુ, બારમાસી, ચોવીસી) | 500 |
| જૈન રાસવિમર્શ | 600 |

**પંડિત સુખલાલજી**

| | |
|---|---|
| સમાજ, ધર્મ અને સંસ્કૃતિ | 130 |
| જૈન ધર્મ અને દર્શન | 200 |
| પરિશીલન | 150 |
| દાર્શનિક ચિંતન | 155 |
| અર્ધ્ય | 100 |
| અનેકાંત ચિંતન | 180 |




**રોહિત શાહ**

| | |
|---|---|
| મારા મહાવીર, તારા મહાવીર | 60 |
| શ્રાવક ધર્મનું શિખર : વૈયાવચ્ચ | 40 |
| મિચ્છા મિ દુક્કડમ્ | 50 |
| અનુમોદના | 50 |
| જૈન ધર્મ વિશેની ગેરસમજ અને જિજ્ઞાસા | 90 |

## જૈન ધર્મનું અન્ય અનન્ય સાહિત્ય




| | | |
|---|---|---|
| વનવગડે વિહરે વીર (ભ.મહાવીરના જીવન આધારિત નવલકથા) | દેવર્ષિ | 150 |
| કથાનિર્ઝરી | સાધ્વી તત્ત્વદર્શનાશ્રીજી મહારાજ | 125 |
| સંગિતી | પં. બેચરદાસ દોશી | 180 |
| માધુરી | પં. દલસુખભાઈ માલવણિયા | 150 |
| જૈનત્વને ચરણે | હિમાંશુ શાહ | 70 |
| જૈનધર્મ પાઓઃ જીવનમર્મ પાઓ | દોલતભાઈ દેસાઈ | 25 |
| Science Discovers Eternal Wisdom | Muni Amarendravijay | 40 |
| જૈન સાહિત્યના અક્ષર-આરાધકો (19મી અને 20મી સદીના) | માલતી શાહ | 700 |
| શ્રી પાર્શ્વ પ્રભુનાં પ્રાચીન તીર્થો | વિમલકુમાર મો. ધામી | 130 |
| પાકિસ્તાનનાં જૈન મંદિરો | ઇકબાલ કેસર, અનુ. ગુણવંત બરવાળિયા | 300 |
| અવધૂત આનંદઘન પદલહરી | માવજી કે. સાવલા | 110 |
| ભદ્રંકર પ્રસંગમાળા– | | 100 |

**ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય**

આ પુસ્તકોનાં પ્રાપ્તિ-સ્થાનો

**ગૂર્જર સાહિત્ય ભવન**
રતનપોળનાકા સામે, ગાંધીમાર્ગ, અમદાવાદ 380001
ફોન : 07922144663, 09227055777 e-mail: goorjar@yahoo.com

**ગૂર્જર સાહિત્ય પ્રકાશન**
102, લેન્ડમાર્ક બિલ્ડિંગ, સીમા હૉલ સામે, પ્રહ્લાદનગર, અમદાવાદ-380015
ફોન : 26934340, 98252 68759 Email. : gurjarprakashan@gmail.com,
website : gspbooksmall.com

આપણા ડૉક્ટર્સને પહેચાનો

# આપણા ડૉક્ટર્સને પહેચાનો
# મણકો - ૧૪ : સિનિયર યુરોલોજિસ્ટ ડૉ. આશિષ પરીખ

અશોક મહેતા

‘મંગલ મંદિર’ની ‘આપણા ડૉક્ટર્સને પહેચાનો’ કોલમના મણકા નં.-૧૪માં આજે આપણે સિનિયર યુરોલોજિસ્ટ ડૉ. આશિષ પરીખની વાત કરીશું.

ડૉ. આશિષ પરીખ, શ્રી ક.જૈ.સે.સ. - અમદાવાદના પાલડી ખાતેના મેડિકલ સેન્ટરમાં વર્ષ ૧૯૯૮માં જોડાયા હતા.



**ડૉ. આશિષ પરીખ**
FRCS (Eng.), FRCS (Edin.)
Dip.Urology (Eng.)

ડૉ. આશિષભાઈનો જન્મ ૩જી મે, ૧૯૬૨ના રોજ મુંબઈમાં થયો હતો. એમણે એમનું બાળપણ અને ભણતર અમદાવાદમાં રહીને કર્યું. એમના પિતાશ્રી ડૉ. મધુસુદન પરીખ અમદાવાદના ખૂબ જ પ્રખ્યાત રેડિયોલોજિસ્ટ હતા. તેમની નીચે આ શહેરના ઘણા બધા રેડિયોલોજિસ્ટો વી.એસ. હોસ્પિટલમાં ટ્રેઈન થયા હતા. ડૉ. આશિષભાઈએ સ્કૂલનો અભ્યાસ સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કૂલમાં કર્યો. હંમેશાં સ્પોર્ટસ અને અભ્યાસમાં તેઓ ઉચ્ચ કક્ષાએ સફળ રહેલા.

એમને બાળપણથી ડૉક્ટર બનવાની ઈચ્છા અને સ્વપ્ન હતું. એમના પિતાની જેમ ડૉ. આશિષભાઈએ બેઝીક મેડિકલ અભ્યાસ એન.એચ.એલ. મેડિકલ કોલેજ અમદાવાદથી કર્યો. પોતાનું સ્વપ્ન સાકાર કરવા તેમણે ઘણી કઠીન પરીક્ષા PLAB પાસ કરી અને આગળ સર્જરીની ટ્રેનિંગ લેવા તેઓ યુ.કે. ગયા. પહેલા બે વર્ષ જનરલ સર્જરી અને ટ્રોમાની ટ્રેનિંગ લીધી અને ત્યારબાદ સાત વર્ષ યુરોલોજીની. તેમણે યુરોલોજીની ટ્રેનિંગ, વિશ્વના અગ્રણી ટ્રેનિંગ ઈન્સ્ટીટ્યુટ – Institute of Urology - લંડનમાં લીધી. જનરલ યુરોલોજી તેઓ Mr. Evan Miwoy અને Mr. Worth નીચે શીખ્યા. તેમને Reconstructive યુરોલોજીમાં સ્પેશિયલ દિલચશ્પી હતી અને એની ટ્રેનિંગ માટે તેમને Mr. Turner Warwick જોડે કામ કરવાનો લહાવો મળ્યો. Mr. T. Warwick દુનિયામાં આ માટેના અગ્રણી સર્જનોમાં ગણાય. તેમની સાથે કામ કરતી વખતે ડૉ. આશિષભાઈને ૭૦૦થી વધુ કેસને ટ્રીટ કરવાનો લહાવો મળ્યો.

ડૉ. આશિષભાઈને તેમની આવડત અને કૌશલ્યનો લાભ ભારતના લોકોને મળે તેવી ઈચ્છા હતી. યુ.કે.માં ૧૯૮૬થી ૧૯૯૪ રહી તેઓ ભારત પાછા આવ્યા. શરૂઆતમાં એસોસિએટ પ્રોફેસર તરીકે તેઓ ઈન્સ્ટીટ્યુટ ઓફ કિડની ડિસીઝ - અમદાવાદમાં જોડાયા. ત્યાં તેમણે Reconstructive યુરોલોજીનો ટ્રેનિંગ પ્રોગ્રામ શરૂ કર્યો. ત્યાં એક વર્ષ પછી તેમણે પોતાની પ્રાઈવેટ પ્રેક્ટિસ શરૂ કરી. સાથે સાથે તેમણે જીવરાજ મહેતા હોસ્પિટલમાં અને શ્રી ક.જૈ.સે.સ. - અમદાવાદના પાલડી ખાતેના મેડિકલ સેન્ટરમાં ૧૯૯૮થી પોતાની સેવાઓ આપવાની શરૂ કરી. આપ સૌ જાણો છો કે તેઓ હજુ પણ શ્રી ક.જૈ.સે.સ. સંચાલિત પાલડી ખાતેના મેડિકલ સેન્ટરમાં કાર્યરત રહેલ છે. જીવરાજ હોસ્પિટલમાં ૨૮ વર્ષ પૂરા કર્યા. હવે તેઓ ઠાકરશી ટ્રસ્ટ હોસ્પિટલમાં પણ પોતાની સેવાઓ આપી રહ્યા છે.

ડૉ. આશિષભાઈના પત્ની ડૉ. અશીમાબેન પણ પ્રેક્ટિસિંગ એનેસ્થેટીસ્ટ છે. તેમની જેમ જ યુ.કે.થી ડિગ્રી લીધા બાદ તેઓ પણ તેમની જેમ પોતાની સેવાઓ આપી રહ્યા છે.

તેમના પુત્ર અમોલ અને પુત્રવધૂ પૂર્વજા યુ.એસ.માં સ્થાયી છે. તેઓ બંને સોફ્ટવેર એન્જિનિયર છે. ■

## નવાઈ ન!

સેખાડુ ચાડીકો ઠોકે ઈનમેં નવાઈ ન
બચો ખીર પી ઑકે ઈનમેં નવાઇ ન.

ઘાઈઘાઈમેં સિગ્નલ આયા તોડીંધા
રસ્તે હવાલધાર રોકે ઈનમેં નવાઇ ન.

મા બચા પુતર કરી વડા કરે ચાગમેં
સસ વહુઆરીએંકે ટોકે ઈનમેં નવાઇ ન.

ડાગધર ભધલાઈ ભધલાઈ રયા થકી
કડધો મથો ઉતરે જોકે ઈનમેં નવાઇ ન.

‘કેતુ’ વલપ પાંગરઇ આય વલે વતનમેં
કચ્છી લિખંધે અચે તૉકે ઈનમેં નવાઇ ન.

(સેખાડુ : વાહન ચલાવતા શીખનાર, કડધો : માથામાં ભયંકર દુ:ખાવો)

*કેતના છેડા ‘કેતુ’*
*મો. ૯૮૧૯૮ ૪૨૫૩૦*

દેશ વિદેશ

# દેશ – વિદેશ...

ચૌલા કુરૂવા

## દેશના સમાચાર

### ગુજરાતીઓમાં ધજા ચડાવવાનો ક્રેઝ દ્વારકામાં ૧૦ વર્ષ સુધી બુકિંગ

***૭ મોટાં મંદિર પૈકી બે જ જગ્યાએ બહારની ધજા ચડે છે.***

આપણા મંદિરોમાં વર્ષોથી ભક્તોની ભીડ તો રહેતી જ હોય છે. પરંતુ ગુજરાતમાં એક નવો ટ્રેન્ડ જોવા મળી રહ્યો છે. છેલ્લાં કેટલાક વર્ષોથી મોટી સંખ્યામાં લોકો મંદિરે ધજા ચડાવવા પ્રેરાયા છે. *(તા. ૩-૮-૨૦૨૪)*

### રામ મંદિરને પંચાવન અબજ રૂપિયાનું દાન

***અયોધ્યામાં દાન-દક્ષિણાના તમામ રેકોર્ડ તૂટ્યા***

આશરે ૫૦૦ વર્ષના ઇંતેજાર બાદ બનેલા અયોધ્યાના રામ મંદિરનાં રેકોર્ડબ્રેક દાન-દક્ષિણાનો ચડાવો થઈ રહ્યો છે અને ભૂમિપૂજન બાદ ચાર વર્ષમાં ભાવિકોએ મંદિરની દાનપેટી છલકાવી દીધી છે. અત્યાર સુધી મંદિર માટે કુલ પંચાવન અબજ રૂપિયાનું દાન મળ્યું છે. *(તા. ૧૩-૮-૨૦૨૪)*

### ગુજરાત સરકારે કામગીરી બતાવવા બે વર્ષે ડેટા જાહેર કર્યો

***૨૦૧૯થી ૨૦૨૨ દરમિયાન ગેરહાજર રહેનારા ૧૩૪ શિક્ષકોને બરતરફ કર્યા. સૌથી વધુ બનાસકાંઠાના ૧૮ શિક્ષક.***

ગુજરાતમાં હાલ શિક્ષકો શિક્ષણ કાર્યના ફરજ દરમિયાન ગેરહાજર રહેવાનો મુદ્દો ચર્ચામાં છે. આ મુદ્દાને કારણે શિક્ષણ વિભાગ બચાવની ભૂમિકામાં આવી ગયું છે.

*(તા. ૧૩-૮-૨૦૨૪)*

### સુરત બન્યું પ્લાસ્ટીકનું રીસાઈકલ હબ

રોજ ૮૦૦ ટન પ્લાસ્ટીકમાંથી બનતા યાર્નની અમેરિકા સહિત દેશોની ડિમાન્ડ, જીન્સ-ટી શર્ટ અને સોફાના કવર થાય છે. *(તા. ૭-૮-૨૦૨૪)*

### સુનિતા વિલિયમ્સની સલામતીની પ્રાર્થના

***સુનિતા વિલિયમ્સ સ્પેસમાંથી સુરક્ષિત ધરતી પર પરત આવે તે માટે તેમના વતન ઝુલાસણ ગામે મહાયજ્ઞ***

૫ જૂને ભારતીય મૂળની અમેરિકન સ્પેસયાત્રી સુનિતા વિલિયમ્સ અને તેમના સાથી સ્પેસયાત્રી બુશ વિલમોરને નાસાએ ૮ દિવસ માટે સ્પેસમાં મોકલ્યા હતા. અત્યાર સુધી ૨ મહિનાથી વધુ સમય થઈ ગયો. સ્પેસ ક્રાફ્ટમાં ખામીને કારણે બંને પૃથ્વી પર પાછા આવી શક્યા નથી. નાસાએ કહ્યું અમે આશાવાદી છીએ. *(તા. ૧૭-૮-૨૦૨૪)*

### સીમલામાં ફરી આભ ફાટ્યું

રોડનો આખો હિસ્સો જ ધોવાઈ ગયો. મ.પ્ર., ઉ.પ્ર., રાજસ્થાન સહિત ૧૯ રાજ્યોમાં હજુ ભારે વરસાદનું એલર્ટ છે.

*(તા. ૧૮-૮-૨૦૨૪)*

## વિદેશના સમાચાર

### પ્રિન્સ હેરી ૧૫ સપ્ટેમ્બરે ૪૦ વર્ષના થશે

***મહારાણી એલિઝાબેથ તરફથી ૭૫ કરોડ રૂપિયાની ભેટ મળશે. હેરી શાહી પરિવારથી અલગ રહે છે.***

બ્રિટનના પ્રિન્સ હેરીને તેમના ૪૦મા જન્મ દિવસ પર ૭૫ કરોડ રૂપિયાથી વધુની મોટી રકમ મળવા જઈ રહી છે. તેને આ પૈસા તેના દાદી અને બ્રિટનની દિવંગત રાણી એલિઝાબેથ પાસેથી મળશે. રાણી એલિઝાબેથે પોતાના પરિવાર માટે ટ્રસ્ટમાં ૭૫૬ કરોડ રૂપિયા જમા કરાવ્યા હતા.

*(તા. ૨૫-૭-૨૦૨૪)*

### ભારતીય નાગરિકતા છોડનારા લોકોની સંખ્યામાં વધારો

***અમેરિકા પ્રથમ પસંદગી. ઓસ્ટ્રેલિયા - કેનેડા બીજી પસંદગી***

દેશની નાગરિકતા છોડનારા ભારતીયોની સંખ્યા વધી રહી છે. સ્વયં વિદેશ મંત્રાલયે આ જાણકારી આપી છે. જેમાં તેણે નાગરિકતા છોડવા પાછળ અંગત કારણો આપ્યા છે. પંજાબના સાંસદ રાઘવ ચઢ્ઢાએ રાજ્યસભામાં પ્રશ્ન પૂછ્યા બાદ વિદેશ મંત્રાલયે આ માહિતી જણાવી છે.

વિદેશ મંત્રાલયનું કહેવું છે કે ૨૦૧૯માં ૧,૪૪,૦૧૭ ભારતીયોએ નાગરિકતા છોડી દીધી છે જ્યારે ૨૦૨૦માં ૮૫,૨૫૬ લોકોએ; ૨૦૨૧માં ૧,૬૩,૩૭૦; ૨૦૨૨માં ૨,૨૫,૬૨૦ લોકોએ નાગરિકતા છોડવાનો નિર્ણય લીધો હતો. ગયા વર્ષે ૨૦૨૩માં ૨,૧૬,૦૦૦ લોકોએ ભારતીય નાગરિકતા છોડી દીધી. મોટાભાગના ભારતીયો તેમની નાગરિકતા છોડીને અમેરિકા જઈ રહ્યા છે. ૨૦૧૮થી ૨૦૨૩ના મધ્ય સુધીમાં ભારતમાં ૩,૨૮,૬૧૯ ભારતીયોએ અમેરિકાની નાગરિકતા લીધી. જ્યારે ૧,૬૧,૯૧૭ લોકોએ કેનેડિયન અને ૧,૩૧,૮૮૩

(અનુસંધાન : જુઓ પાના નં. – ૪૨ ઉપર)

જ્ઞાન વિજ્ઞાન

# જ્ઞાન વિજ્ઞાન – વૈજ્ઞાનિક માહિતી

● સંકલન ●
રસીક ખીમજી મહેતા

## પૃથ્વી પર સજીવોની ઉત્પત્તિનું પ્રથમ પગથિયું : પ્રકાશ સંશ્લેષણ

સૂર્યમાળાના આઠ ગ્રહ પૈકી માત્ર પૃથ્વી પર જ સજીવ સૃષ્ટિ વિકાસ પામી છે. સૂર્યમાંથી છૂટી પડેલી પૃથ્વી ધીમે ધીમે ઠંડી પડી અને પાણી સહિત શેવાળમાં ફોટોસિન્થેસિસની પ્રક્રિયાથી ઓક્સિજન પેદા થયો. તે ઉપરાંત નાઈટ્રોજનનું ચક્ર પણ રચાયું. ઓક્સિજન અને નાઈટ્રોજન સજીવ સૃષ્ટિ માટે મહત્ત્વના પરિબળો બન્યા. સજીવની ઉત્પત્તિ અને વિકાસમાં નાઈટ્રોજનની મુખ્ય ભૂમિકા છે. બે અબજ વર્ષ પહેલાં પૃથ્વીની ફરતે ઓઝોનનું સ્તર બન્યું અને સજીવોને સૂર્યના અલ્ટ્રાવાયોલેટ કિરણો સામે રક્ષણ મળ્યું. ત્યારબાદ એક કોશી જીવ પેદા થાય છે. આ ક્યારે અને કેવી રીતે થયું તે વિજ્ઞાનીઓ પણ જાણતા નથી. સમય જતાં શેવાળના રૂપ બદલાયા. લાલ અને ભૂરા શેવાળ પેદા થયા અને વનસ્પતિ પેદા થઈ. આ એક અદ્‌ભુત અને જટીલ પ્રક્રિયા હતી. તે થતાં લાખો વર્ષ લાગ્યા. વનસ્પતિ અને સજીવોને વાતાવરણને અનુકૂળ થવાની શક્તિઓ ખીલી. ટ્રાઈલોબાઈટ્સ નામના કૃમિમાં પ્રથમ આંખો વિકાસ પામી અને વિકાસ ઝડપી બન્યો. આજે આ સૃષ્ટિના અશ્મિઓ જોવા મળે છે.

## ઉપયોગી શોધ : સાબુ

સ્વચ્છતા માટે સાબુ આપણી રોજિંદી જરૂરિયાત છે. સાબુનો ઉપયોગ હજારો વર્ષથી થાય છે તેમ સાંભળીને તો નવાઈ લાગે પરંતુ હજાર વર્ષ પહેલાં પ્રાચીન બેબીલોનમાં સાબુ વપરાતો અને તેના અવશેષો પણ મળ્યા છે. તે જમાનામાં સાબુ કિંમતી ચીજ ગણાતો. રાજા-મહારાજાઓ અને શ્રીમંત લોકો જ સાબુ વાપરતા એમ કહેવાય છે.

સાબુની શોધ કોઈ વિજ્ઞાનીએ કરી હોય તેમ નોંધાયું નથી. પુરાણકાળમાં રોમન સંસ્કૃતિમાં માઉન્ટ સેંપો નામના પર્વત પર મંદિરમાં લોકો પશુનાં બલી ચઢાવતા. પર્વત પર પ્રાણીઓના મૃતદેહની ચરબી નદીઓના પ્રવાહમાં ભળતી. તેનાથી કપડાં સારા ધોવાતા. રોમનોએ આ વાત જાણ્યા પછી પ્રાણીઓની ચરબી, તેલ અને રાખ ભેળવીને ટીકડી સ્વરૂપે સાબુ બનાવેલો. પેલા પર્વતના નામ પરથી તેને 'સોપ' કહેતા. પ્રાચીન મિસરમાં સુગંધીદાર તેલ અને અત્તર ભેળવીને સુગંધીદાર સાબુ બનતા.

આજે ઉપયોગમાં લેવાય છે તે સાબુ ઇ.સ. ૧૭૬૧માં ફ્રેન્ચ રસાયણશાસ્ત્રી નિકોલસ બેબ્લાંકે શોધેલો. તેણે મીઠામાંથી સોડા એશ બનાવી તેમાં ચરબી અને તેલનો ઉપયોગ કરી તેલીયા સાબુ બનાવવાનો ઉદ્યોગ શરૂ કરેલો.

## અનેક રીતે ઉપયોગી નદી પરના ડેમ

નદીના પ્રવાહમાં પાણીનો સંગ્રહ કરવા માટે ડેમ બાંધવામાં આવે છે. ડેમ પાણીના સંગ્રહ, સિંચાઇ, વીજળી ઉત્પાદન અને પૂર સંકટને રોકવા માટે ઉપયોગી છે. ડેમ સાથે ઉત્પાદન પ્લાન્ટ હોય છે. સંગ્રહ થયેલા પાણીને છોડવા માટે વિવિધ ટેકનિકવાળા દરવાજા હોય છે. ડેમ, એ માનવસર્જિત અજાયબી છે. ડેમ વિશે અન્ય વાતો પણ જાણવા જેવી છે.

- ✦ વિશ્વનો સૌથી જૂનો અને આજે પણ ઉપયોગમાં લેવાતો ડેમ ગ્રીસની લાકિસા નદી પર છે. તે ૧૨મી સદીમાં બંધાયેલો છે.
- ✦ વિશ્વના અડધા ઉપરાંતના ડેમ ભારત અને ચીનમાં છે.
- ✦ વિશ્વના ૨૪% દેશો પોતાની વીજ જરૂરિયાતનો ૯૦% હિસ્સો ડેમ દ્વારા મેળવે છે.
- ✦ વિશ્વનો સૌથી મોટો ડેમ ચીનમાં છે. તે ૧૮૨ મીટર ઊંચો અને ૨૩૩૫ મીટર લાંબો છે.

## પ્રિન્ટીંગ ટેકનોલોજીની શરૂઆત ક્યારે થઈ?

પ્રિન્ટીંગ ટેકનોલોજીના વિકાસ પહેલાં પુસ્તકો હાથથી લખવામાં આવતા હતા. આ રીતે પુસ્તકો તૈયાર કરતાં વર્ષો લાગી જતા. છાપખાનાની શોધને કારણે પ્રિન્ટીંગનું કામ ઘણું સરળ બનવા લાગ્યું. સૌપ્રથમ છાપવાનું કામ ચીનમાં શરૂ થયું. ૧૫મી સદીની મધ્યમાં સૌપ્રથમ છાપખાનું જર્મનીના જહોન ગુટનબર્ગે બનાવ્યું. જો કે, ૧૯મી સદીમાં જ્યારે વરાળ અને વીજ શક્તિની શોધ થઈ ત્યાર પછી મુદ્રણ કલાનો વિકાસ પણ ઝડપથી થયો. એ વખતે ટાઈપ કંપોઝ મશીનની શોધ થઈ. એ પહેલા કંપોઝીંગ હાથથી કરવામાં આવતું હતું. વળી એમાં ખૂબ જ સમય જતો. જો કે, આજે તો છાપકામમાં ધરમૂળથી ફેરફારો થયા છે. હવે તો આધુનિક ફોટો કંપોઝીંગ મશીનો કમ્પ્યુટરથી ચાલતા થઈ ગયા છે.

## તાપમાનને કાબૂમાં રાખતું થર્મોસ્ટેટ

વીજળી વડે ગરમી મેળવતા ઇસ્ત્રી, રૂમ હીટર, ગીઝર

વગેરે સાધનો વધુ પડતા ગરમ થઈ જાય તો આપમેળે વીજપ્રવાહ બંધ કરવાની ગોઠવણવાળા હોય છે. આ ગોઠવણથી અકસ્માતની શક્યતા ઘટી જાય છે. આવા સાધનોમાં તાપમાન પર કાબૂ રાખવા થર્મોસ્ટેટ વપરાય છે.

વિવિધ સાધનોમાં થર્મોસ્ટેટનો વિવિધ રીતે ઉપયોગ થાય છે. ઘરમાં હીટર હોય તો રાત્રે રૂમ વધુ પડતો ગરમ ન થઈ જાય તે માટે થર્મોસ્ટેટ ઉપયોગી થાય છે. આ સાધનને દીવાલ ઉપર લટકાવી શકાય છે. ધાતુ ગરમ થાય ત્યારે તેનું કદ વધે છે અને ઠંડી થાય ત્યારે તે સંકોચાય છે. આ સિદ્ધાંત ઉપર થર્મોસ્ટેટ કામ કરે છે. પિત્તળ કે લોખંડની બે નાનકડી ઠેસીવાળા આ યંત્રમાં આબાદ રીતે આ સિદ્ધાંત વપરાયો છે. વિવિધ ધાતુઓ પર ગરમીની અસર વધતી ઓછી થાય છે. ગરમીથી લોખંડ વધુ વિસ્તાર પામે અને પિત્તળ કે તાંબુ ઓછો વિસ્તાર પામે છે. લોખંડ અને પિત્તળની બે પટ્ટીઓ જોડીને ગરમ કરવાથી આ વધઘટ સર્જાય. બંને પટ્ટી ગરમ થતાં એક તરફ ઝુકી જાય છે. પટ્ટી ઝુકી જાય એટલે વીજપ્રવાહની સર્કિટથી દૂર થઈ જાય છે. પટ્ટી ઠંડી થઈને મૂળ સ્થિતિમાં આવી જાય એટલે સર્કિટ આપોઆપ જોડાઈને હીટર ફરી શરૂ થઈ જાય. આમ થર્મોસ્ટેટ સાધનોને વધુ પડતા ગરમ થવા દેતું નથી.

આધુનિક થર્મોસ્ટેટમાં ધાતુની પટ્ટીના સ્થાને જુદા જુદા વાયુ ભરેલી બે ડિસ્ક વપરાય છે. ગરમી અને ઠંડીની અસર વાયુ ઉપર ઝડપથી થાય છે. એટલે વાયુની ડિસ્કવાળા થર્મોસ્ટેટ વધુ ઝડપી અને વધુ ક્ષમતાથી કામ કરે છે.

## ઇલેક્ટ્રીક કાર કેવી રીતે ચાલે છે?

કાર અને અન્ય વાહનો પેટ્રોલ કે ડીઝલ વડે ચાલે છે. પેટ્રોલ અને ડીઝલ બળે એટલે પ્રદૂષણ થાય. વિજ્ઞાનીઓએ પ્રદૂષણ ન થાય અને કાર ચાલે તેવી શોધ કરી અને ઈલેક્ટ્રીક વડે ચાલતી કાર બનાવી છે. ઈલેક્ટ્રીક કાર અન્ય કાર જેવી જ છે પણ તેમાં પેટ્રોલની ટાંકીના સ્થાને હાઈડ્રોજન ફ્યુઅલ સેલ નામની બેટરી હોય છે. આ બેટરી હવામાંથી ઓક્સિજન મેળવી વીજળી પેદા કરે છે. બેટરીને હાઈડ્રોજન પૂરો પાડવા માટે હાઈડ્રોજનની ટાંકી હોય છે. બેટરીમાંથી મળતાં ઈલેક્ટ્રીક પાવર દ્વારા તેની સાથે જોડાયેલી મોટર ફરે છે અને કારના આગલા વ્હીલને ફેરવે છે. આ કારની બેટરી રીચાર્જ થઈ શકે છે. હાઈડ્રોજન ખલાસ થાય ત્યારે વધુ હાઈડ્રોજન ભરવામાં આવે છે. આ કારથી પ્રદૂષિત વાયુ ઉત્પન્ન થતા નથી પરંતુ વરાળ સ્વરૂપે ધુમાડો પેદા કરે છે. વિજ્ઞાનીઓએ કારના છાપરા પર સોલાર પેનલ બેસાડીને સોલાર પાવર વડે ચાલતી કાર પણ બનાવી છે. જે સોલાર પાવરનો બેટરીમાં સંગ્રહ કરે છે અને પછી તેનો ઉપયોગ કરે છે. ■

## દેશ – વિદેશ....

(અનુસંધાન : પાના નં. – ૪૦ ઉપરથી ચાલુ)

લોકોએ ઓસ્ટ્રેલિયાની નાગરિકતા મેળવી છે. *(તા. ૫-૮-૨૦૨૪)*

### બાંગ્લાદેશમાં અભિનેતા શાંતો અને તેના પિતાની હત્યા

પ્રદર્શનકારીઓએ હસીનાની પાર્ટીના નેતાની હોટલ ફૂંકી મારી. ૨૪ લોકો જીવતા સળગી ગયા. *(તા. ૬-૮-૨૦૨૪)*

### બાંગ્લાદેશ

નોબેલ પુરસ્કાર વિજેતા મોહમ્મદ યુનુસને બાંગ્લાદેશની વચગાળાની સરકારના વડા તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. રાષ્ટ્રપતિ શહાબુદ્દીનના પ્રેસ સેક્રેટરીએ મંગળવારે મોડી રાત્રે આ માહિતી આપી હતી. સંસદ ભંગ થયા બાદ પ્રમુખ શાહબુદ્દીન અને વિદ્યાર્થી નેતાઓ વચ્ચેની ચર્ચા બાદ આ નિર્ણય લેવાયો છે. *(તા. ૭-૮-૨૦૨૪)*

### બાંગ્લાદેશમાં હિંદુઓએ છેલ્લા ૪૮ કલાક કેવી રીતે વિતાવ્યા

૩૬ હિંદુ ઘર અને મંદિરો પર હુમલો. હવે વિરોધ કરી રહેલા વિદ્યાર્થીઓ હિંદુઓની સુરક્ષા કરે છે.

*(તા. ૮-૮-૨૦૨૪)*

### રશિયા : ૭.૦ની તીવ્રતાના ભૂકંપ બાદ જ્વાળામુખી ફાટ્યો

મધરાતે રશિયા ધ્રુજી ઉઠ્યું. જ્વાળામુખીની રાખ ૮ કિ.મી. ઊંચે સુધી ફેલાઈ. હવે સુનામીનું જોખમ. *(તા. ૧૭-૮-૨૦૨૪)*

### કેલિફોર્નિયામાં લોકોનો જીવ અધ્ધર થયો અનેક જગ્યાએ જોવા મળી ઊડતી રકાબી

૧૭ ઓગસ્ટની રાત્રે કેલિફોર્નિયાના લેન્કેસ્ટર અને પામડેલમાં ઘણા સ્થળોએ યુ.એફ.ઓ. જોવા મળ્યા હતા. જેને આપણે સામાન્ય ભાષામાં ઉડતી રકાબી કહીએ છીએ. એવું માનવામાં આવે છે કે આ કેટલીક અદ્યતન એલિયન પ્રજાતિઓના સ્પેસક્રાફ્ટ છે, જે પૃથ્વી પર દેખરેખ રાખવા અથવા કંઈક શોધવા માટે આવે છે. પરંતુ હજુ સુધી તેની વૈજ્ઞાનિક રીતે પુષ્ટી થઈ નથી અથવા તેને છુપાવવામાં આવી રહ્યું છે.

૧૭ ઓગસ્ટે કેલિફોર્નિયામાં જોવા મળેલા તમામ યુ.એફ.ઓ. વિવિધ પ્રકારના હતા. કેટલાક રંગીન લાઈટવાળા હતા, તો કેટલાકમાંથી એક જ પ્રકારનો પ્રકાશ નીકળતો હતો. એક વીડિયો દર્શાવે છે કે ઓછામાં ઓછા ૬૦ ઓર્બ યુ.એફ.ઓ. પણ જોવામાં આવ્યા છે. તેઓ લગભગ ૧૫ મિનિટ સુધી કેલિફોર્નિયાના આકાશમાં મંડરાતા રહ્યા.

*(તા. ૧૭-૮-૨૦૨૪)*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ – અમદાવાદ

## ૩૭મી વાર્ષિક સામાન્ય સભાનો અહેવાલ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની ૩૭મી વાર્ષિક સામાન્ય સભા સંસ્થાના પહેલા માળ પરના સાંસ્કૃતિક કેન્દ્ર, શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે રવિવાર, તા. ૨૫-૮-૨૦૨૪ના રોજ સવારમાં ૯ વાગે મળેલ હતી કે જેમાં એજન્ડા અનુસાર નીચે મુજબની કાર્યવાહી કરવામાં આવેલ હતી.

૧. સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ શ્રી પ્રતાપ નારાણજી દંડે પ્રથમ સહુને આવકારેલ હતા અને સામાન્ય સભાની કાર્યવાહીની શરૂઆત કરાવેલ હતી.

૨. ચૂંટણી પંચના સભ્ય શ્રી અશ્વિનભાઈ સાવલા, શ્રી નરેન્દ્ર કોઠારી તથા શ્રી પ્રદીપભાઈ મહેતા વતી શ્રી નરેન્દ્રભાઈ કોઠારીએ ચૂંટણી અંગેની વિગતોની નીચે મુજબ રજુઆત કરેલ હતી

શ્રી નરેન્દ્રભાઈ કોઠારીએ ચૂંટણી પંચનો અહેવાલ આપતાં જણાવેલ હતું કે સ્ટીયરીંગ સમિતિના પ્રયાસથી આપણે ચૂંટણી ટાળી શક્યા છીએ અને તે માટે સ્ટીયરીંગ કમિટીનો તેઓશ્રીએ ખૂબ ખૂબ આભાર માનેલ હતો. તેઓએ વિશેષમાં જણાવેલ હતું કે બંધારણની કલમ-૫(૨) મુજબ નિવૃત્ત થતા ૩ (ત્રણ) દાતા ટ્રસ્ટી, ૨ (બે) માનદ્ ટ્રસ્ટી તથા ૧ (એક) સ્વજન ટ્રસ્ટીની ખાલી પડેલ જગ્યા ઉપર ચૂંટણી કરવાની હતી.

૨-એ. દાતા ટ્રસ્ટીઓની ૩ ખાલી પડેલ જગ્યા ઉપર નીચે પ્રમાણેના ઉમેદવારોએ પોતાની ઉમેદવારી નોંધાવી હતી :

(૧) શ્રી પ્રતાપ નારાણજી દંડ
(૨) શ્રી હિરેન કુંવરજી શાહ
(૩) શ્રી ગિરીશ હીરજી દેઢિયા
(૪) ડૉ. હિતેન્દ્ર મોહનલાલ શાહ

ડો. હિતેન્દ્ર મોહનલાલ શાહની અરજી ટેકનિકલ ખામીને કારણે રદ કરવામાં આવી. તેથી ઉપર્યુક્ત દાતા ટ્રસ્ટીઓની જગ્યા માટે ત્રણ જ ઉમેદવાર રહેતા હોવાથી નીચેના ત્રણ ઉમેદવારોને બિનહરીફ ચૂંટાયેલા જાહેર કરીએ છીએ.

(૧) શ્રી પ્રતાપ નારાણજી દંડ
(૨) શ્રી હિરેન કુંવરજી શાહ
(૩) શ્રી ગિરીશ હીરજી દેઢિયા

૨-બી. માનદ્ ગ્રુપના ટ્રસ્ટીની બે જગ્યા માટે નીચે મુજબના ત્રણ સભ્યોએ પોતાની ઉમેદવારી નોંધાવેલ હતી :

(૧) શ્રી વિશાલ મહેન્દ્ર શાહ
(૨) શ્રી મુકેશ મુળજી સાવલા
(૩) શ્રીમતી લીલાબેન પ્રવીણચંદ્ર વીસારિયા

ઉપરોક્ત ત્રણ ઉમેદવારોમાંથી શ્રીમતી લીલાબેન વીસારિયાએ પોતાની ઉમેદવારી પાછી ખેંચી લેતા અમે નીચે પ્રમાણેના બે ઉમેદવારોને માનદ્ ગ્રુપના ટ્રસ્ટી તરીકે ચૂંટાયેલા જાહેર કરીએ છીએ :

(૧) શ્રી વિશાલ મહેન્દ્ર શાહ
(૨) શ્રી મુકેશ મુળજી સાવલા

૨-સી. સ્વજન ગ્રુપના એક ટ્રસ્ટી નિવૃત્ત થતાં તેની સામે નીચે પ્રમાણેના બે ઉમેદવારોએ પોતાની ઉમેદવારી નોંધાવેલ હતીઃ

(૧) શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર
(૨) શ્રી લક્ષ્મીચંદ શામજી વીરા

ઉપરોક્ત બે ઉમેદવારોમાંથી શ્રી લક્ષ્મીચંદ શામજી વીરાએ પોતાની ઉમેદવારી પાછી ખેંચી લેતા અમે આ એક સ્વજન ટ્રસ્ટીની સીટ માટે શ્રી રમણિકલાલ કુંવરજી ગોસરને બિનહરીફ ચૂંટાયેલા જાહેર કરીએ છીએ.

૨-ડી. શ્રી નરેન્દ્રભાઈ કોઠારીએ જણાવેલ કે બંધારણની કલમ-૫(૩) મુજબ નિવૃત્ત થતા ૬ કારોબારી સભ્યો સામે નીચે મુજબના ઉમેદવારોએ પોતાની ઉમેદવારી નોંધાવેલ હતી :

(૧) શ્રીમતી અમીબેન નીતિનભાઈ શાહ
(૨) શ્રી દેવેશ દિલીપ દંડ
(૩) શ્રી ધનરાજ રામજી દેઢિયા
(૪) કુ. કવિતા નવીનચંદ્ર સતરા
(૫) શ્રી મનીષ આણંદજી વીરા
(૬) શ્રી નવીન જેઠાભાઈ લાલકા
(૭) શ્રી સંજય કીર્તિલાલ સંઘવી
(૮) શ્રી રોહિતભાઈ શાંતિલાલ સંઘવી

ઉપરોક્ત ૮ ઉમેદવારોમાંથી નીચે મુજબના બે ઉમેદવારોએ પોતાની ઉમેદવારી પાછી ખેંચી લીધેલ હતી.

(૧) શ્રી નવીન જેઠાભાઈ લાલકા
(૨) શ્રી સંજય કીર્તિલાલ સંઘવી

બાકી રહેતા નીચે મુજબના ૬ ઉમેદવારોને અમે બિનહરીફ ચૂંટાયેલા જાહેર કરીએ છીએ :

(૧) શ્રીમતી અમીબેન નીતિનભાઈ શાહ
(૨) શ્રી દેવેશ દિલીપ દંડ
(૩) શ્રી ધનરાજ રામજી દેઢિયા
(૪) કુ. કવિતા નવીનચંદ્ર સતરા
(૫) શ્રી મનીષ આણંદજી વીરા
(૬) શ્રી રોહિત શાંતિલાલ સંઘવી

૩. માનદ્ મંત્રી શ્રી રજનીકાંત પારેખની ગેરહાજરીમાં સહમંત્રી શ્રી વિશાલ શાહે ગત તા. ૩૦-૭-૨૦૨૩ની સામાન્ય સભાની મીટિંગની મિનિટ્સનું વાંચન કરેલ હતું કે જેને સર્વાનુમતે બહાલ રાખવામાં આવેલ હતી.

૪. સહમંત્રી શ્રી વિશાલ શાહે ગત વર્ષની કામગીરીનો વિગતવાર અહેવાલ આપેલ હતો અને તેની સાથે સાથે જણાવેલ હતું કે સમાજના સભ્યો માટે વિવિધ વિભાગની સેવાના કન્સેશનલ દરો, સહાય, રાહત તથા વિવિધ સમિતિઓના વિવિધ કાર્યક્રમો માટે સંસ્થા વર્ષ દરમિયાન રૂા. ૧.૦૦ કરોડ જેટલી માતબર રકમ ખર્ચે છે. તેમણે આ સમયે દરેક સમિતિની સુચારૂ કામગીરીની સરાહના પણ કરેલ હતી.

૫. ખજાનચી શ્રી વિમેશ ગુલાબચંદ શાહે વર્ષ ૨૦૨૩-૨૪ના ઓડિટેડ હિસાબો વિગતવાર રજૂ કર્યા હતા કે જેને સર્વાનુમતે મંજૂર રાખવામાં આવેલ હતા.

૬. શ્રી વિમેશ શાહે વર્ષ ૨૦૨૪-૨૫ માટે ઓડિટર તરીકે શ્રી મનન ગૌતમ વકીલ એન્ડ કાં.ની નિમણુંક માટે રજૂઆત કરેલ હતી. આ રજૂઆતને સર્વાનુમતે બહાલ રાખવામાં આવેલ હતી.

ઉપરોક્ત કાર્યવાહી પૂર્ણ થતાં પ્રમુખ શ્રી પ્રતાપભાઈ દંડે સંસ્થાને વર્ષ દરમિયાન મોટું દાન આપનાર નવનીત ફાઉન્ડેશન તથા શ્રી જયેશ મજમુદારનો સંસ્થા વતી આભાર માનેલ હતો. તેમણે એમ પણ જણાવ્યું કે શ્રી જ્ઞાન ભાનુશાળી તથા તેમના પરિવારે મેડિકલ સેન્ટરના સાધનો માટે રૂા. ૩૫ લાખ જેટલી રકમનું દાન આપવા માટે ઑફર કરેલ છે. તેને ઉપસ્થિત સહુએ બિરદાવેલ હતી. પ્રમુખશ્રીએ વિશેષમાં જણાવ્યું કે આપણી સંસ્થાની સેવાકીય સુંદર કામગીરી જોઈને દાતાઓ મોટું દાન આપવા પ્રેરાય છે તે આપણા માટે ખૂબ જ સારી હકીકત છે.

ઉપપ્રમુખ શ્રી હિરેન શાહે વર્ષ દરમિયાન સુંદર કામગીરી કરનાર દરેક કાર્યકરની ખૂબ જ સરાહના કરેલ હતી.

ટ્રસ્ટી શ્રી હસમુખભાઈ ગઢેચાએ મુંબઈ અતિથિ ભવનના પ્રોજેક્ટ વિશે જણાવ્યું કે આ પ્રોજેક્ટ ખૂબ જ લાંબા ગાળાથી અટવાયેલ છે કે જેમાં હવે આપણે આગળ વધી શકાય તેવો માહોલ સર્જાયેલ છે. આજની પરિસ્થિતિ પ્રમાણે સંસ્થાએ રૂા. ૩.૦૦ કરોડની વ્યવસ્થા કરવાની રહે છે. બિલ્ડિંગનું કામકાજ જેમ જેમ આગળ વધે તેમ તેમ તબક્કાવાર આ રકમ આપણે ચૂકવવાની રહેશે. બાંધકામ પૂર્ણ થતાં અને બી.યુ. પરમિશન મળ્યા પછી બાકી રકમ રૂા. ૪.૦૦ કરોડ આપણને ચૂકવવાના રહેશે. આમ ટોટલ રૂા. ૧૦ કરોડના ખર્ચે આપણી માલિકીનું અતિથિ ભવન બની શકશે કે જેની આજની માર્કેટ વેલ્યુ રૂા. ૨૫ કરોડ ગણી શકાય. હાલના સંજોગો અનુસાર આ એક સારો રસ્તો છે પરંતુ તે રીસ્ક ફ્રી નથી. તેથી કાર્યકરોએ સજાગ રહેવાની જરૂરત છે.

અન્ય કોઈ કાર્યવાહી બાકી ન રહેતાં આજની સભાને પૂર્ણ થયેલ જાહેર કરવામાં આવેલ હતી.

રાષ્ટ્રગીતના ગાન બાદ સહુ વિખરાયા હતા. ■

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ – અમદાવાદ

## વર્ષ ૨૦૨૪-૨૫ની ટ્રસ્ટ મંડળની પ્રથમ મીટિંગનો અહેવાલ

રવિવાર, તા. ૨૫-૮-૨૦૨૪ની વાર્ષિક સામાન્ય સભા પછી તરતમાં શ્રી કચ્છી જૈન ભવન પર વર્ષ ૨૦૨૪-૨૫ના ટ્રસ્ટ મંડળની પ્રથમ મીટિંગ મળી ત્યારે તેમાં નીચે મુજબના નિર્ણયો લેવામાં આવેલ હતા.

૧. સૌ પ્રથમ ગત મીટિંગની મિનિટ્સનું વાંચન કરવામાં આવેલ હતું અને ચર્ચા વિચારણાને અંતે તેને સર્વાનુમતે બહાલ રાખવામાં આવેલ હતી.

૨. આવતા વર્ષ માટે સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ તરીકે શ્રી પ્રતાપ નારાણજી દંડની સર્વાનુમતે વરણી કરવામાં આવેલ હતી.

૩. વર્ષ ૨૦૨૪-૨૫ માટે નીચે મુજબના બે કો-ઓપ્ટ ટ્રસ્ટીની સર્વાનુમતે વરણી કરવામાં આવેલ હતી.
   (૧) શ્રીમતી લીલાબેન પ્રવીણભાઈ વીસારિયા
   (૨) ડૉ. હિતેન્દ્ર મોહનલાલ શાહ

૪. વર્ષ ૨૦૨૪-૨૫ માટે આમંત્રિત ટ્રસ્ટી તરીકે નીચે મુજબના બે સભ્યોની સર્વાનુમતે વરણી કરવામાં આવેલ હતી.
   (૧) શ્રી લક્ષ્મીચંદ શામજી વીરા
   (૨) ડૉ. હિમાંશુ શાહ

૫. બંધારણ મુજબ નીચે મુજબના ૬ ટ્રસ્ટીઓને કારોબારી સમિતિમાં મોકલવાનો નિર્ણય સર્વાનુમતે લેવામાં આવેલ હતો.
   (૧) શ્રી શાંતિલાલ મુળજી સાવલા
   (૨) શ્રી હિરેન કુંવરજી શાહ
   (૩) શ્રી રજનીકાંત ધરમશી પારેખ
   (૪) શ્રી હસમુખ ઉગરચંદ ગઢેચા
   (૫) શ્રી મનુભાઈ ગોવિંદજી શાહ
   (૬) શ્રી વિમેશ ગુલાબચંદ શાહ

૬. શ્રી જ્ઞાન ભાનુશાળી દ્વારા પાલડી ખાતેના મેડિકલ સેન્ટર માટે સોનોગ્રાફી વિભાગ પર તેમનું નામ મૂકવાની શરતે (૧) સોનોગ્રાફી મશીન, (૨) ઇ.એન.ટી. માટેનું એક મશીન તથા (૩) આઈ વિભાગના એક મશીનની ખરીદી સામે રૂા. ૩૫/- લાખના દાનની જે ઑફર આવેલ છે તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવેલ હતો.

૭. શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ ખાતે જરૂરી બાથરૂમ રીનોવેશનના ખર્ચને મંજૂર કરવામાં આવેલ હતો.

૮. તા. ૧૫-૯-૨૦૨૪ના રોજના સ્વામિવાત્સલ્યના જમણવારના જરૂરી ખર્ચને પણ મંજૂરી આપવામાં આવેલ હતી.

*આ બાદ અન્ય કોઈ કાર્યવાહી બાકી ના રહેતા, આજની સભાને બરખાસ્ત થયેલ જાહેર કરવામાં આવી હતી.*

**વિશાલ શાહ**
**સહ મંત્રી**

## અવસાન નોંધ

• **શનિવાર, તા. ૨૪-૮-૨૦૨૪**
**ભાવનાબેન હસમુખભાઈ મોતા** (ઉં.વ. ૬૯) (ભુજપુર - અમદાવાદ)નું આજ રોજ દુઃખદ અવસાન થયેલ છે.
*પ્રભુ તેમના આત્માને શાંતિ અર્પે એ જ અભ્યર્થના.*

**સૂક્ષ્મ - દૃષ્ટ:**

*અનુકૂળ, સાનુકૂળ, શિષ્ટ, વિશિષ્ટ ને સ્વીટ હોય છે,*
*તકદીરમાં તો તમામની એ જ થયેલું ટ્વિટ હોય છે.*
*સ્વર્ગીય સુખની 'સોમૈયા' સંસારમાં જો લિમિટ હોય,*
*તો અતિ દુઃખના કલાકનીયે સાંઈઠ જ મિનિટ હોય છે.*

***અરવિંદ સોમૈયા - નખત્રાણા, કચ્છ***

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ – અમદાવાદ

## વર્ષ ૨૦૨૪-૨૫ની કારોબારી સમિતિની પ્રથમ મીટિંગનો અહેવાલ

રવિવાર, તા. ૨૫-૮-૨૦૨૪ની વાર્ષિક સામાન્ય સભા અને વર્ષ ૨૦૨૪-૨૫ના ટ્રસ્ટ મંડળની પ્રથમ મીટિંગ બાદ સવારના ભાગે શ્રી કચ્છી જૈન ભવન પર વર્ષ ૨૦૨૪-૨૫ની કારોબારી સમિતીની પ્રથમ મીટિંગ મળેલ હતી.

આ મીટિંગમાં નીચે મુજબના નિર્ણયો લેવામાં આવેલ હતા.

૧. સૌ પ્રથમ ગત મીટિંગની મિનિટ્સનું વાંચન કરવામાં આવેલ હતું અને તેને સર્વાનુમતે બહાલ રાખવામાં આવેલ હતી.

૨. બંધારણની જોગવાઈ અનુસાર વર્ષ ૨૦૨૪-૨૫ માટે નીચે મુજબના બે સભ્યોની કારોબારી સમિતિમાં કો-ઓપ્ટ સભ્ય તરીકે વરણી કરવામાં આવેલ હતી.

(૧) શ્રી નવીન જેઠાભાઈ લાલકા

(૨) શ્રી સંજય કીર્તિભાઈ સંઘવી

૩. વર્ષ ૨૦૨૪-૨૫ માટે નીચે મુજબના હોદ્દેદારોની સર્વાનુમતે વરણી કરવામાં આવેલ હતી.

| | | |
|---|---|---|
| *પ્રથમ ઉપપ્રમુખ* | : | *શ્રી શાંતિલાલ મુળજી સાવલા* |
| *દ્વિતીય ઉપપ્રમુખ* | : | *શ્રી હિરેન કુંવરજી શાહ* |
| *માનદ્ મંત્રી* | : | *શ્રી રજનીકાંત ધરમશી પારેખ* |
| *સહમંત્રી* | : | *શ્રી વિશાલ મહેન્દ્ર શાહ* |
| *ખજાનચી* | : | *શ્રી વિમેશ ગુલાબચંદ શાહ* |
| *સહ ખજાનચી* | : | *શ્રી દેવેશ દિલીપ દંડ* |

આ બાદ અન્ય કોઈ કાર્યવાહી બાકી ન રહેતા, આજની સભાને મુલત્વી રહેલ જાહેર કરવામાં આવેલ હતી.

**વિશાલ શાહ**
**સહ મંત્રી**

---

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## અગત્યની જાહેરાત

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ વર્ષ ૨૦૨૪-૨૫ માટે વિવિધ સમિતિઓની રચના કરવા આગળ વધી રહેલ છે.*

*જે સભ્યો વિવિધ સમિતિઓમાં પોતાની સેવા આપવા ઈચ્છા ધરાવતા હોય તેમણે પોતાના નામ મંત્રીશ્રી પર મોડામાં મોડા ૧૫ સપ્ટેમ્બર સુધી મોકલી આપવા વિનંતી કરવામાં આવે છે.*

*અનિવાર્ય સંજોગો સિવાય દરેક સભ્ય વધુમાં વધુ ૩ સમિતિમાં ભાગ લઈ શકશે કે જેની નોંધ લેવા અપીલ કરવામાં આવે છે.*

**વિશાલ શાહ**
**સહ મંત્રી**

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ – અમદાવાદ : ૭૮મા સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી

શ્રી કચ્છી જૈન સેવા સમાજે ૭૮મા સ્વતંત્રતા દિવસની ઉજવણી પાલડી ભવન ઉપર કરી. તેમાં સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી તથા પ્રમુખશ્રી પ્રતાપભાઈ દંડ, ઉપપ્રમુખ શ્રી શાંતિભાઈ સાવલા, અન્ય ટ્રસ્ટીશ્રીઓ, કારોબારી સભ્યો, મુખ્ય મહેમાન શ્રી જયેશભાઈ મજમુદાર, બેલાબેન મજમુદાર, ધવલ મજમુદાર ઉપરાંત મહેનમાનશ્રી વિલાસરાવ બાવીસ્કર સાથે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સભ્ય પરિવારજનો સહિત ૧૦૦થી વધારે લોકો હર્ષોલ્લાસથી જોડાયા હતા.

ચાંગોદર ખાતેના પરમકૃપા મેડિકલ સેન્ટરના મુખ્ય દાતા શ્રી જયેશભાઈ મજમુદારના હસ્તે ધ્વજારોહણ કરવામાં આવ્યું તથા તેમણે પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું. શ્રી પ્રતાપભાઈ દંડે અને શ્રી હસમુખભાઈ ગઢેચાએ પ્રાસંગિક પ્રવચનો કરેલ હતા. સહમંત્રી શ્રી વિશાલભાઈ શાહે આભારવિધિ કરી હતી.

બાદમાં તમામ આમંત્રિતો શ્રી વિલાસરાવ બાવીસ્કર દ્વારા પ્રાયોજિત અલ્પાહાર માણીને છૂટા પડ્યા હતા.

**વિશાલ શાહ**
**સહમંત્રી**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

*કાર્યક્રમની તસવીરી ઝલક માટે જુઓ : પાના નંબર – ૩૧*

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ – અમદાવાદ : સાંસ્કૃતિક સમિતિ

### *શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની સાંસ્કૃતિક સમિતિ લાવી રહ્યું છે : સમાજની અવનવી પ્રતિભાઓને ઉજાગર કરતું "ટેલેન્ટ શો"*

જેમાં સમાજના સભ્યો દ્વારા અવનવી પ્રતિભાઓ આપની સમક્ષ રજૂ કરશે – એક "ટેલેન્ટ શો." આ શો માં સમાજના બાળકોથી લઈને વડીલોએ ભાગ લીધેલ છે. આ શો માં બાળકો અને યુવાનોને ભવિષ્યમાં તેમની કારકિર્દી ઘડવાના હેતુથી સમાજ તેમને આ સ્ટેજ સુધી અવકાશ આપે છે.

આથી સમાજના કલાકારોને બિરદાવવા આપ સર્વેને વિનંતી કે સ્વામિવાત્સલ્યના કાર્યક્રમના દિવસે તા. ૧૫-૯-૨૦૨૪ના બપોરે સુંદર ભોજન માણ્યા બાદ આપ ચોક્કસથી આપની હાજરી આપી આપણા પરિવાર જેવા સમાજના સભ્યોના પરફોર્મન્સ માણશો, નિહાળશો તથા પ્રોત્સાહન આપશો.

*– કન્વીનર*

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

### *અમદાવાદ પધારતા અતિથિઓની સગવડતા વધારાઈ*

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ત્રણે અતિથિ ભવન – પાલડી, શાહીબાગ અને ગીતા મંદિરનું બુકિંગ હવે ઓનલાઈન થઈ શકશે.*

**www.kjss.org** પર બુકિંગ થઈ શકશે.

**રજનીકાંત પારેખ**
**માનદ્ મંત્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

**પ્રતાપ દંડ**
**પ્રમુખશ્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

# ભાનુશાળી પરિવારનું ડોનેશન

શ્રી જ્ઞાનભાઈ ભાનુશાળી કચ્છી છે પરંતુ તેઓનો વસવાટ સૌરાષ્ટ્રમાં થયેલ છે. ધંધાકીય ક્ષેત્રે તેમના પરિવારે સારી એવી પ્રગતિ સાધેલ છે. શ્રી જ્ઞાનભાઈ ભાનુશાળી શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સાથે છેલ્લા પંદરેક વર્ષથી નાતો ધરાવે છે. અગાઉ તેમણે પાલડી ખાતેના મેડિકલ સેન્ટરમાં યોગ્ય રકમનું ડોનેશન પણ આપેલ છે.

મંગળવાર, તા. ૨૦-૮-૨૦૨૪ના રોજ શ્રી જ્ઞાનભાઈ ભાનુશાળી, તેમના સુપુત્ર શ્રી દેવીદાસ ભાનુશાળી અને તેમના પૌત્ર શ્રી જય ભાનુશાળી શ્રી કચ્છી જૈન ભવનની મુલાકાતે આવેલ હતા ત્યારે તેમની સાથે મીટિંગમાં પ્રમુખ શ્રી પ્રતાપભાઈ દંડ, ઉપપ્રમુખ શ્રી હિરેન શાહ અને પૂર્વપ્રમુખ શ્રી અશોકભાઈ મહેતા જોડાયેલ હતા. શ્રી દેવીદાસભાઈ ભાનુશાળી રોટરી ઈન્ટરનેશનલ ક્લબ - નોર્થ સાથે સંકળાયેલ હોવાથી અને શ્રી હિરેન શાહ રોટરી ઈન્ટરનેશનલ ક્લબ - વાસણા સાથે સંકળાયેલ હોવાથી રોટરી ક્લબ વિશે પણ અનેકવિધ વાતો કરવામાં આવેલ હતી.

ત્યારબાદ ઉપસ્થિત મહેમાનોને ભવનના બીજા માળ પરના મેડિકલ સેન્ટર જોવા લઈ જવામાં આવેલ. જ્યાં તેઓએ વિવિધ વિગતો જાણવા આતુરતા દાખવેલ હતી.

ત્યારબાદની મીટિંગમાં તેઓશ્રીએ એક સોનોગ્રાફી મશીન, એક આંખ વિભાગના મશીન અને એક કાન વિભાગના મશીન સામે રૂા. ૩૫ લાખનું ડોનેશન આપવાની ઑફર મૂકેલ હતી અને સોનોગ્રાફી વિભાગ પર તેમના નામની તક્તી મૂકવા જણાવેલ હતું.

સમાજની આગામી ટ્રસ્ટ મંડળની મીટિંગમાં તેની મંજૂરી મળી શકશે એ શરતે તેનો સ્વીકાર કરવામાં આવેલ હતો.

શ્રી દેવીદાસભાઈ ભાનુશાળીની ઓળખાણથી આગળ બીજા ડોનેશન્સ પ્રાપ્ત થઈ શકે તે અંગે પણ જરૂરી ચર્ચા કરવામાં આવેલ હતી.

ત્રણેય મહાનુભાવોનો આભાર માની આ મીટિંગને બરખાસ્ત કરવામાં આવેલ હતી.

***<u>નોંધ</u> : તા. ૨૫-૮-૨૦૨૪ની ટ્રસ્ટ મંડળની મીટિંગમાં ઉપરોક્ત ડોનેશનની રકમનો તેની શરત (સોનોગ્રાફી વિભાગ પર તેઓના નામની તક્તી મૂકવાની) સાથે સ્વીકાર કરવામાં આવેલ હતો.***



*(ફોટામાં ડાબેથી) શ્રી દેવીદાસભાઈ ભાનુશાળી, શ્રી અશોક મહેતા, શ્રી જ્ઞાનભાઈ ભાનુશાળી અને પ્રમુખ શ્રી પ્રતાપભાઈ દંડ. પાછળની હરોળમાં ઉભેલા શ્રી જય ભાનુશાળી*

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

**તા. ૧૭-૦૭-૨૦૨૪થી તા. ૨૦-૦૮-૨૦૨૪ સુધી**
**'મંગલ મંદિર'નું લવાજમ ભરનારાઓના નામની યાદી**

### ૧ વર્ષનું લવાજમ ભરનારા સભ્યોની યાદી

| | | | |
|---|---|---|---|
| ૧. | હિતેન પંકજ મણિલાલ ખોના | અમદાવાદ | ૦૧-૦૮-૨૪ |
| ૨. | રીટા યોગેશ દેઢિયા | અમદાવાદ | ૦૭-૦૮-૨૪ |
| ૩. | મીનાબેન ધનેશ ખરીદીયા | અમદાવાદ | ૦૯-૦૮-૨૪ |
| ૪. | રાહુલ ભવાનજી નાગડા | અમદાવાદ | ૦૯-૦૮-૨૪ |
| ૫. | લીના હીરાચંદ લોડાયા | વડોદરા | ૧૧-૦૮-૨૪ |

### ૩ વર્ષનું લવાજમ ભરનારા સભ્યોની યાદી

| | | | |
|---|---|---|---|
| ૧. | હંસાબેન ધીરજ કુંવરજી છેડા | અમદાવાદ | ૨૩-૦૭-૨૪ |
| ૨. | કિશોર કપૂરચંદ શેઠ | ગાંધીધામ | ૨૭-૦૭-૨૪ |
| ૩. | જયશ્રી મોહનભાઈ સાવલા | અમદાવાદ | ૧૩-૦૮-૨૪ |

### ૫ વર્ષનું લવાજમ ભરનારા સભ્યોની યાદી

| | | | |
|---|---|---|---|
| ૧. | ગુલાબચંદ ભવાનજી મૈશેરી | અમદાવાદ | ૦૯-૦૮-૨૪ |

# સ્વ. શ્રી અનંતભાઈ તથા સ્વ. હંસાબેનને ખૂબ ખૂબ ધન્યવાદ

## તેમના વિલ મુજબ... શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદને રૂા. ૧૦ લાખનું ડોનેશન આપવા બદલ...

આ સાથે ડાયાબિટીસ અને એનાથી શરીરમાં થતા જુદા જુદા રોગો, કિડની કામ કરતી બંધ થવી / નુકસાન થવું, તેના વિશે સંક્ષિપ્તમાં માહિતી આપી છે.

આપણો ભારત દેશ ડાયાબિટીસનું હેડ ક્વાર્ટર થતો જાય છે.

***Type-1 ડાયાબિટીસ :*** વારસાગત અથવા જન્મથી ડાયાબિટીસ.

***Type-2 ડાયાબિટીસ થવાના કારણોમાં :*** (૧) બેઠાડું જીવન, વધારે પડતું વજન, (૨) ફાસ્ટ ફુડ, તમાકુનું સેવન વગેરે, (૩) લોહીનું ઊંચું દબાણ, (૪) તણાવભર્યું જીવન, (૫) કેટલીક દવાઓ (દા.ત. પેઈન કિલર)

આ બધાની અસર કિડની પર પડે છે અને તકલીફો શરૂ થાય છે. કિડની ઓછું કામ કરતી થઈ જાય છે અથવા કિડની કામ કરવાનું બંધ કરી દે છે. આવા દર્દીને ડાયાલિસિસ કરાવવાની જરૂર પડે છે.

બધા જ દર્દીને કિડનીનું દાન મળી શકતું નથી અને મળે તો પણ એ પ્રક્રિયા મોંઘી અને જીવનભર દવાઓ ખાવી જ પડે છે અને સંભાળ રાખવી પડે છે.

આપણે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના નેજા હેઠળ ત્રણ ડાયાલિસિસ સેન્ટર ચલાવીએ છીએ. દરરોજ આશરે ૪૦ દર્દીઓ આપણે ત્યાં ડાયાલિસિસ કરાવે છે.

શાહીબાગના ડાયાલિસિસ સેન્ટરના મશીનો ૮ થી ૧૦ વર્ષ જૂના થયા છે. ગમે ત્યારે એ બદલવા પડે એ માટે ડોનેશન મેળવવું રહ્યું.

મારા મિત્ર અને સ્નેહી શ્રી અનંતભાઈ જે. સંઘવી અને હંસાબેન અનંતભાઈ સંઘવી (જે આપણા સમાજના મેમ્બર્સ નથી) તરફથી ડાયાલિસિસ સેન્ટર માટે રૂા. ૧૦ લાખનું માતબર દાન મળેલ છે. તેની આપણે આ સાથે નોંધ લઈએ છીએ.

નોંધ : અનંતભાઈ અને હંસાબેનની બંને દીકરીઓ જન્મથી ડાયાબિટીસથી પીડાતી હતી અને ડાયાલિસિસની સારવાર ચાલતી હોવા છતાં તેઓનું મૃત્યુ કિડની બંધ થવાથી થયું હતું. તેમની યાદામાં આ ડોનેશન મળેલ છે. (તેઓ આપણે ત્યાં નહીં પણ બીજા પ્રાઈવેટ સેન્ટરમાં સારવાર લેતા હતા.)

***– લક્ષ્મીચંદ વીરા***

# સમાજ દર્પણ

## સરનામા ફેરફાર

- **વિકાસ મહેશ લવજીભાઈ મહેતા**
  ફ્લેટ નં.-૭, ત્રીજો માળ, સીમંધર રોયલ ફ્લેટ,
  શ્રીમાળી સોસાયટી પાસે,
  નવરંગપુરા પોલીસ સ્ટેશન સામે,
  નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯.
  મો. ૯૯૨૫૫ ૪૭૪૪૪
- **વિશાલ હરખચંદ કુંવરજી ગોસર**
  ઈ-૬૦૩, રાજયશ રેયાંશ, સિલ્વર ફ્લોરા સામે,
  જી.બી. શાહ કૉલેજની પાછળ,
  ન્યુ વાસણા,
  અમદાવાદ-૩૮૦ ૦૦૭.
  મો. ૯૨૭૪૭ ૯૨૭૪૬, ૮૩૨૦૬ ૪૧૬૦૦

# સાભાર સ્વીકાર

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાકીય યોજનાઓ માટે નીચે મુજબના દાતાશ્રીઓ તરફથી દાન / ભેટ પ્રાપ્ત થયેલ છે.*

### સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર - ગીતા મંદિર

રૂા. ૫૦,૦૦૦/- શ્રી અજય યોગરાજ વીજ - પૂણે
રૂા. ૫૦,૦૦૦/- શ્રીમતી પૂનમ અજય વીજ - પૂણે
